ચૈતન્યની આરાધના

મુનિશ્રી જિનચન્દ્રજી



ચૈતન્યની આરાધના

('સ્વાત્માને ઓળખીએ', 'જીવાત્માઓ સાથે મૈત્રી બાંધીએ',
'પરમાત્માને શરણે જઇએ' – પ્રવચન ત્રિવેણી)

પ્રવચનકાર

મુનિશ્રી જિનચન્દ્રજી મહારાજ

સંપાદક

ધનશ્યામ મહેતા

સહાયક સંપાદક

ટીના ચંદારાણા

: પ્રકાશક :

પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ, શાંતિધામ

તીથલ, ગુજરાત

Chaitanya Ni Aradhna

A Discourse on Positive approach towards life By

Muni Shree Jinchandraji Maharaj

Editor : *Ghanshyam Mehta*

© પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ – તીથલ

પ્રકાશક : પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ
શાંતિધામ આરાધના કેન્દ્ર,
તીથલ, જિલ્લો વલસાડ– ગુજરાત
પીન: ૩૯૬૦૦૬ – ભારત, ફોન: (૦૨૬૩૨) ૨૫૫૮૭૪

મુદ્રક: પૂર્વી પ્રેસ પ્રા. લિ., રાજકોટ.

આવૃત્તિ : પહેલી : ૩–૭–૧૨ – ગુરુપૂર્ણિમા

કિંમત : ૫૦ રૂા. પ્રત: ૧૦૦૦

કોમ્પ્યુટર કમ્પોઝિંગ અને
મુખ પૃષ્ઠ ડિઝાઇન : સુશ્રી ટીના ચંદારાણા, પોરબંદર

Printed in India

website: www.jinjimaharaj.com

ચૈતન્યના આરાધકની અમૃતવર્ષા

પ્રસ્તાવના

દેશભરની વિવિધ યુનિવર્સિટીઓના અભ્યાસક્રમમાં ફિલોસોફી એક વિષય તરીકે સિલેબસનું સ્વરૂપ પામ્યું ત્યારે તત્ત્વજ્ઞાન જાણવાની ઈચ્છા ધરાવતા વિદ્યાર્થીઓ એક વિષય તરીકે તે ભણવા લાગ્યા અને કોલેજો દ્વારા લેવાતી પરીક્ષાઓમાં ફિલોસોફી વિષયમાં ઉતીર્ણ થવા માંડયા.

જિજ્ઞાસા વશ તત્ત્વજ્ઞાનને શિક્ષણનું એક અંગ બનાવી અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓમાંથી કેટલાક ઉત્તમ લેખકો અને વ્યાખ્યાતાઓ ગુજરાત સહિત ભારતના અન્ય રાજ્યોમાંથી તૈયાર થઈને હજારો જનમેદનીને જકડી રાખનારા પ્રવચનકારો તરીકે પણ લોકપ્રિય બન્યા છે.

તત્ત્વચિંતન કરવું તે મનુષ્યના મનનશીલ હોવાની નિશાની છે, પરંતુ કોઈ વિષય પર જાણવું અને પછી બોલવું તેના કરતાં તે વિષયને પામવું, આત્મસાત કરવું, મનોમન તેને ઘુંટતા રહી પછી જે અનુભૂતિ થતી રહે તેને અભિવ્યક્તિનું રૂપ આપવું તે અલગ વાત છે.

વકતૃત્વ એક કલા છે, અઘરી ગણાતી આ કલાને આત્મસાત કરી શબ્દોને કાવ્યાત્મક રૂપ આપી તેને વાણી દ્વારા પ્રગટ કરનારા

આવા ઉત્તમ પ્રકારના પ્રવકતાઓ લોકાદરને પાત્ર હોય છે પરંતુ આમાંના કોઈ કોઈ વિરલ વકતા એવા હોય છે જેમની વાણી માત્ર પ્રભાવિત જ નહીં, પ્રભુભાવિત પણ હોય છે.

આવા માત્ર પ્રભાવિત નહીં, પ્રભુભાવિત પ્રવકતાઓમાં ગુજરાતના સમુદ્ર કિનારે વલસાડ નજીક તીથલને તીર્થ બનાવનાર અને વિશ્વના જૈન–જૈનેતર હજારો ભાઈ –બહેનોના જીવનમાં પ્રેરણાનું પાન કરાવી તેમને સંસારની આધિ ઉપાધિ અને સઘળા ઝંઝાવાતો વચ્ચે સત્યનિષ્ઠ અને તપોનિષ્ઠ બનવાની દિશા ચીંધનાર પૂજય મુનિશ્રી જિનચન્દ્રજી મહારાજને દેશ અને દુનિયા શ્રદ્ધા અને આદરથી અનુસરે છે. તેમના નામ પાછળ અને આગળ વિશેષણોનો ખડકલો તેઓ થવા દેતા નથી તેવા મુનિ જિનચન્દ્રજીના પ્રવચનોની સીડી, ડીવીડી કે કેસેટોના શ્રવણ માત્રથી અસંખ્ય લોકોના જીવનમાં આમૂલ પરિવર્તનો આવ્યાં હોવાના એક નહીં અનેક પ્રસંગો વખતો વખત બનતા રહે છે.

'ચૈતન્યની આરાધના' મુનિ જિનચન્દ્રજીના આવા હૃદયસ્પર્શી ત્રણ પ્રવચનોની શૃંખલાનું અક્ષર દેહે અવતરણ છે.

માત્ર આઠ વર્ષની કુમળી વયે પરિવારના બે સગા બાંધવો, એક બહેન તથા માતાપિતાના સહિયારા સંગાથે જૈન દર્શને પ્રબોધેલા ત્યાગ માર્ગે પ્રયાણ કરનાર આ જૈનમુનિની કઠોર તપશ્ચર્યા, ગહન અધ્યયન, વ્યાપક પરિભ્રમણ અનેકવિધ અનુશાસન પ્રેર્યા વ્રત–આરાધના, સૂક્ષ્મ અવલોકન શક્તિ, ઊંડો આત્મ વિશ્વાસ, ગુરુકૃપા અને જન્મજાત ઉચ્ચ

સંસ્કારો અને આત્મ જાગૃતિના મંથનમાંથી માત્ર જૈન સમાજને જ નહીં, પરંતુ વિશ્વના વિવિધ ધર્મ, સંસ્કૃતિ અને સંસ્કારને ધારણ કરનારી પ્રજાને મુનિશ્રીની વાણીમાં પરમ શાંતિનો, પરમ તૃપ્તિનો અને પરમ તત્ત્વને પામવાનો સરળ અને સફળ કીમિયો સહજ રીતે મળી જાય છે.

બંધુ ત્રિપુટીને નામે જગતભરમાં સુવિખ્યાત મુનિ જિનચન્દ્રજીના વિવિધ વિષયો પરના ૩૦૦ જેટલા પ્રવચનોમાંથી જેમણે પણ ઓડિયો– વિડીયો વ્યાખ્યાનો સાંભળ્યા છે તેઓને પોતાના ઘરે બેઠા બેઠા મહારાજશ્રીએ પ્રબોધેલા અને તેઓશ્રીની પરિપકવ પ્રજ્ઞાના ફળ સમાન વ્યાખ્યાનોમાંથી સાધનામય જીવન જીવવાનું નવું બળ, નવી શક્તિ અને નવી દિશા સુગમતાથી અને સરળતાથી મળતી રહે છે.

પૂજ્ય મહારાજશ્રીની વિશ્વયાત્રા અહર્નિશ ચાલતી જ રહે છે. દુનિયાના વિવિધ દેશો જેવા કે અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, બેલ્જિયમ, કેન્યા, ટાન્ઝાનિયા, દુબઈ, સિંગાપોર, હોંગકોંગ, બેંગકોક, મલેશિયા, ઈન્ડોનેશિયા વગેરેમાં તેઓ જયાં જયાં વિચરણ કરે છે ત્યાં ત્યાંનો ભારતીય મૂળનો ભકત સમાજ તેમના વ્યાખ્યાનો સાંભળવા તત્પર રહે છે. ગુજરાતના તીથલના સાગર કિનારે બંધુ ત્રિપુટીના આધ્યાત્મિક આવિષ્કારના ફળ સ્વરૂપ 'શાંતિ નિકેતન'ની અને 'શાંતિધામ'ની તપોભૂમિ મહારાજશ્રીની સઘળી ધાર્મિક, સાંસ્કૃતિક સાધના–આરાધનાનું કેન્દ્ર બિન્દુ રહયું છે.

વર્ષોની આકરી દિનચર્યા અને તપોનિષ્ઠ જીવન સાધના પછી પૂજ્ય જિનચન્દ્રજીના મેઘધનુષી વ્યક્તિત્વની રૂપરેખા દોરતા તુષાર જોશી લખે છે કે, ''પૂજ્ય જિનચન્દ્રજીની પ્રથમ ઓળખ માત્ર આઠ વર્ષની વયે જૈન ધર્મની દીક્ષા ગ્રહણ કરનાર અને જૈન દર્શન તથા ભારતીય સંસ્કૃતિના અભ્યાસમાં પારંગત થનાર ધર્મગુરુની છે.

ત્રીસ વર્ષ કરતાં વધુ સમય રુઢિચુસ્ત પરંપરામાં અને ત્યાર બાદ સાંપ્રદાયિક બંધનો તોડીને વિદેશ પ્રવાસ કર્યાની આજની ક્ષણ સુધીની તેમની ધર્મગુરુ તરીકેની ભૂમિકા આગવી અને નિરાળી છે.''

જૈન ધર્મની મર્યાદામાં રહીને સિદ્ધાંતોને વર્તમાન સંદર્ભમાં યોગ્ય રીતે મૂલવી નૂતન અભિગમ સાથે સામાજિક ક્રાંતિની દિશામાં દૂરગામી અસર પાડનારા પગલાં તેઓએ લીધાં છે.''

આ સામાજિક ક્રાંતિની મશાલ મુનિશ્રી જિનચન્દ્રજી મહારાજે કેવી વ્યાપક અસરો જન્માવતી પ્રગટાવી છે તે વિષે દંતાલી 'ભક્તિ નિકેતન આશ્રમ'ના ક્રાંતિકારી સન્યાસી સ્વામી સચ્ચિદાનંદજી વર્ણવે છે કે, ''હિન્દુ પ્રજાની રાષ્ટ્રીય, આર્થિક અને સામાજિક દુર્દશાનું મૂળ કારણ તેના પ્રચલિત રુઢિધર્મો છે, રુઢિધર્મોએ શુદ્ધ ધર્મને મારી નાખ્યો છે એટલે સાચા અર્થમાં તો પ્રજા ધર્મ વિનાની થઇ ગઇ છે. આ રુઢિધર્મોમાં જો આમૂલ ક્રાંતિ નહીં કરાય તો પ્રજા આ રુઢિ ધર્મોથી જ મરી જશે.''

પૂજ્ય જિનચન્દ્રજીએ યુગ પ્રવર્તક અને લોકજાગૃતિના પ્રહરી બની જૈન ધર્મના પાયાના તત્ત્વોને જાળવીને વર્તમાન સમયને અનુરૂપ

કેટલાક અનિવાર્ય પરિવર્તનો કરીને અને એના એક ભાગ રૂપે વિશ્વ પરિભ્રમણ દ્વારા જૈન ધર્મને વિશ્વના ધર્મોમાં આદર ભર્યુ સ્થાન અપાવ્યું છે.

પૂજ્ય જિનચન્દ્રજીની પ્રવચન શૈલી પણ એક અલગ ભાત પાડે છે. સ્વામી સચ્ચિદાનંદજી લખે છે, ''મુનિશ્રી જિનચન્દ્રની હૃદયદ્રાવક વાણી, સચોટ દલીલો અને યાદ રહી જાય તેવા દૃષ્ટાંતોએ શ્રોતાઓ પર જાદુ કર્યો છે. દેશ–વિદેશમાં દૂર દૂર સુધી તેમની ઓડિયો તથા વિડિયો કેસેટ પહોંચી ગઈ છે.''

જૈન ધર્મના ઉદાત્ત સિદ્ધાંતો ખાસ કરીને ક્ષમા, દયા, સૌજન્ય અને અનેકાન્ત દષ્ટિએ ઘણાંના જીવન પ્રભાવિત કર્યા. માત્ર કેસેટો સાંભળીને કેટલાય ઝઘડાઓની સુલેહ થઈ. કેટલાય કુટુંબોમાં હોળીમાંથી દિવાળી થઈ. આ બધો કેસેટોનો પ્રભાવ હતો.''

જેમ જેમ મહારાજશ્રીની પરાવાણીનો પ્રવાહ વહેવા માંડયો તેમ તેમ આ પ્રવચનોનું શ્રવણ કરવાની જિજ્ઞાસુઓની અભિપ્સા વધવા માંડી.

જિજ્ઞાસુઓને આ પ્રવચનો વાજબી અને કિફાયતી કિંમતે સુલભ બને એ માટે મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને 'પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ – મુંબઈ'ની સ્થાપના કરવામાં આવી અને આ ટ્રસ્ટ દ્વારા વિવિધ વ્યાખ્યાનોમાંથી 'ક્ષમાપના', 'જાગ રે, જૈન સમાજ', 'સંસ્કારોના ગુણાકાર', 'સહુના સુખમાં મારું સુખ', 'દુઃખથી ડરે તે બીજા' વગેરે જેવા પ્રવચનો શબ્દબદ્ધ કરી પુસ્તક સ્વરૂપે પણ પ્રકાશિત કરવામાં

આવ્યા છે. પ્રસ્તુત પુસ્તક 'ચૈતન્યની આરાધના' આ પ્રકારે મહારાજશ્રીના ત્રણ પ્રવચનો 'સ્વાત્માને ઓળખીએ', 'જીવાત્માઓ સાથે મૈત્રી બાંધીએ' અને પરમાત્માના શરણે જઈએ'નું શબ્દદેહે અવતરણ છે.

'પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ' નજીકના ભવિષ્યમાં મહારાજશ્રીના રેકોર્ડ થયેલા અન્ય પ્રવચનોને પણ પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવા જઈ રહયું છે ત્યારે એ વાતનું સ્મરણ કરાવવું રહયું કે મહારાજશ્રીના પ્રત્યેક વ્યાખ્યાનોની વાણી સમાધિભાષાની ઉચ્ચ કોટિમાંથી દ્રવીભૂત થાય છે.

મુનિશ્રીએ વિવિધ સમયે અને સ્થળોએ આપેલા પ્રવચનોની અન્ય ઓડિયો તેમજ વીડીયો કેસેટ પ્રગટ થઈ છે અને દેશ વિદેશમાં તે ખૂબ લોકપ્રિય બની છે તેનું માર્મિક કારણ માત્ર એટલું જ છે કે આ બધા જ પ્રવચનો હૃદયના અતલ ઊંડાણમાંથી જન્મતા મંત્રો સમાન મેધાવી અને જન માનસ પ્રત્યે કરુણાના આદ્રભાવે પ્રસ્ફૂટિત થયેલા હોય છે. પૂજય જિનચન્દ્રજીના પ્રવચનોનો જે અસ્ખલિત પ્રવાહ અવિરામ વહેતો રહે છે, તેમાં એક તરફ જૈન ધર્મના પ્રત્યેક અંગ ઉપાંગો અને સાધના સૂત્રો માર્મિક અને મૌલિક અર્થઘટનોના તાણાવાણાની જેમ ગૂંથાયેલા હોય છે. તો બીજી તરફ આજના સંઘર્ષથી ત્રસ્ત, નિરાશાથી ગ્રસ્ત, જીવનની વિષમ પરિસ્થિતિઓથી ઘવાયેલા અને જીવનનો આનંદ અને શ્રધ્ધા ગુમાવી બેસવાની અણીએ ઊભેલા હતાશ અને નિરાશ મનુષ્યને ચૈતન્યનો સાક્ષાત્કાર કરાવી પરમ આનંદ, પરમ શાંતિ અને પરમ શાશ્વત સૌન્દર્ય તરફ અભિમુખ કરતો રહયો છે.

નકારાત્મક અભિગમથી હાંફી ગયેલા અને માત્ર બૌધ્ધિક તર્ક શક્તિથી તંગ બનેલા બૌધ્ધિક સમાજને જીવન પ્રત્યેના હકારાત્મક અભિગમ પ્રત્યે પ્રેરવામાં મહારાજશ્રીની નિતાંત પ્રેમ નીતરતી વાણી જીવન જીવવાનું નવું પ્રેરક બળ પ્રદાન કરે છે.

વર્તમાન સમયમાં નિરાશાની ગર્તામાં ધકેલાતા માનવ બાંધવોને આશાનો એક નવો રાહ ચીંધતા આ પ્રવચનો સંજીવની સમાન નવજીવન બક્ષે છે. આવા પ્રવચનો પોઝીટીવ થિંકીંગના ઉમદા પાઠો શીખવનારા અને થાકેલા –હારેલા મનુષ્ય જાતિને નવ સિંચન કરનારા બની રહયાં છે.

સંવેદનશીલ કવિ અને મૂલ્યનિષ્ઠ પત્રકાર, લેખક અને વિચારક હરીન્દ્ર દવેએ તેથી તો એક વખત કંઈક આવું લખ્યું હતું કે, 'ભગવાન મહાવીરના ધર્મમાંથી કેટલાક અલગારી સંતો મળ્યા છે એમાં સિધ્ધ હેમના રચયિતા હેમચંદ્રાચાર્યથી માંડી આનંદઘનજી સુધીના અવધૂતોનો સમાવેશ થાય છે. આજે પણ જૈન ધર્મને પ્રવર્તાવતા સંખ્યાબંધ તેજસ્વી મુનિઓ, સાધુઓ, સંતો અને ગૃહસ્થો છે.

હરીન્દ્ર દવેએ કરેલા અંગુલિ નિર્દેશમાં હોંકારો ભણતા એમ જરૂર કહી શકાય કે આવા યુગ પ્રવર્તક જૈન મુનિ મહારાજોમાં વિશ્વ પ્રસિધ્ધ થયેલા બંધુ ત્રિપુટી મહારાજનું નામ ક્રાંતિકારી જૈન મુનિ મહારાજોની પંક્તિમાં અગ્રીમ સ્થાને બિરાજે છે.

પૂજ્ય મુનિ જિનચન્દ્રજી માત્ર ક્રાંતિકારી જૈન મુનિ મહારાજ નથી તેમણે છેક ૧૯૮૩થી તેમના જ બીજા બે બંધુઓ મુનિચન્દ્રજી,

મુનિશ્રી કીર્તિચન્દ્રજીના સહયોગમાં 'શાંતિ નિકેતન' તથા 'શાંતિધામ' નામે તીથલમાં સાધના – ઉપાસનાના કીર્તિમંદિરો રચી આ તીર્થભૂમિમાં આવનાર પ્રત્યેક સાધકને વખતો વખત વિવિધ સાધના શિબિરો દ્વારા જીવન ઘડતરના પાઠો આત્મસાત કરવાની પ્રેરણા આપતા રહયા છે.

'શાંતિ નિકેતન' અને 'શાંતિધામ' તેથી તો ગૃહસ્થોને ધર્મ અને આરાધનાને પંથે આગળ વધવાની પ્રેરણા આપે છે. અહીં આવનાર પ્રત્યેક સાધકોને પરમ શાંતિનો પ્રશસ્ય કલ્યાણમાર્ગ સહજ રીતે સાંપડે છે. શાંત સમુદ્ર તટે લીલીછમ વનરાજી વચ્ચે 'શાંતિ નિકેતન' સાધનાકેન્દ્ર અને 'શાંતિધામ' આરાધના કેન્દ્ર' એના ભક્તિ આંદોલનોથી અને પવિત્ર વાતાવરણને કારણે 'સત્યં, શિવં, અને સુન્દરમ્' નો પ્રત્યક્ષ સાક્ષાત્કાર કરાવી જાય છે.

બંધુ ત્રિપુટી મુનિવરોના આ બે આશ્રમ એટલે જીવન ઘડતરની પાઠશાળા, અહીં વખતો વખત ધ્યાન શિબિરો, સ્વાધ્યાય શિબિરો, ભક્તિ શિબિરો, મંત્ર સાધના શિબિરો, યુવાનો માટે વ્યક્તિત્વ ઘડતરની શિબિરો યોજાતી રહે છે તો સાથે સાથે જીવનને પરિશુદ્ધ કરનારી ઉપાસનાનો રાહ ચીંધનારા એક્વીસમી સદીના આ નૂતન તીર્થ છે.

પૂજય જિનચન્દ્રજી મહારાજ વિશ્વ માનવ છે, તેમના હૃદયમાં માત્ર મનુષ્ય જાતિ પ્રત્યે જ નહીં, જીવમાત્ર પ્રત્યે કરુણાનું સંગીત ઝરણું વહયા કરે છે. તેઓ માત્ર એક ઉપદેશક જ નથી પણ વર્તમાન યુગમાં વૈજ્ઞાનિક સ્વરૂપે આત્મ સાક્ષાત્કાર કરાવનાર મુનિશ્રી છે. તેમના

સંપર્કમાં આપનાર સર્વ માનવ સમૂદાયને 'સર્વજન હિતાય સર્વજન સુખાય' દિશા સૂચન કરતા રહીને જીવનને સર્વાંગી સાધનાથી સુગંધીત કરવા માટે એકધારા સંનિષ્ઠ પ્રયત્નો કરનારા સાચા સંત કેવા હોય શકે તેનો ઉમદા આદર્શ છે. તેઓ શબ્દ બ્રહ્મના ઉદ્‌ગાતા તો છે જ સાથે સાથે અધ્યાત્મ જગતની ચેતના પ્રજ્વલિત કરનારા ગુરુ સમાન માર્ગદર્શક પણ છે.

પૂજય જિનચન્દ્રજીના ત્રણ પ્રવચનોમાંથી 'સ્વાત્માને ઓળખીએ', 'જીવાત્મા સાથે મૈત્રી બાંધીએ', 'પરમાત્માના શરણે જઈએ' આ ત્રણ પ્રવચનોની ફૂલ ગૂંથણી સમાન 'ચૈતન્યની આરાધના'ના સંકલનનું કામ મને સોંપવા બદલ મુનિ મહારાજનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરું છું.

આ લઘુ પ્રયાસમાં તત્ત્વદર્શનના સહાયક સંપાદક તથા કટાર લેખિકા સુશ્રી ટીના ચંદારાણાનો પ્રશંસનીય સહયોગ મળ્યો તેની પ્રસન્નતા વ્યકત કરું છું. પુસ્તકના ત્રણે પ્રવચનો સીડીમાંથી લિપિબદ્ધ કરવાથી માંડી તેના કમ્પોઝીંગ, લે આઉટ, ડિઝાઈન અને કલાત્મક મુખપૃષ્ઠ તૈયાર કરવા સુધીની સેવા અર્પી છે તેનો આનંદ છે.

વર્ષોની સાધના અને ઉપાસનાની તપોભૂમિમાંથી શબ્દની ડાળીએ ખીલેલા અને જીવનને સુગંધી બનાવનારા પુષ્પોની ફૂલ ગૂંથણી સમું 'ચૈતન્યની આરાધના'નું ત્રિવેણી તીર્થ સમું આ પુસ્તક ભાવકોના આંતર વિશ્વમાં પરમને પામવાની અભિપ્સા જન્માવે તેવી અભ્યર્થના સાથે આ પુસ્તકના પ્રકાશનમાં વિનમ્રભાવે આહુતિ સમર્પિત કરવાની

મને જે તક સાંપડી છે તે બદલ પૂજ્ય જિનચન્દ્રજી ના ચરણોમાં વંદના સાથે 'પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ'ના સૌ ટ્રસ્ટીશ્રીઓનો આભાર વ્યક્ત કરું છું.

અંતમાં કવિ આનંદ (હૃદયસ્થ મુનિચન્દ્રજી)ની પંકિત ટાંકી વિરમું છું.

આગળ ને આગળ વધો તો મળે છે,
ક્ષિતિજો નવી ને નવી વિસ્તરેલી,
ક્ષિતિજે ક્ષિતિજે નવો રંગ વૈભવ,
પીઓ જો પી શકો તો, છે પ્યાલી ભરેલી

તા: ૩–૭–૨૦૧૨, ગુરુપૂર્ણિમા
પોરબંદર

–ઘનશ્યામ મહેતા
સંપાદક

ચૈતન્યનો ઉપહાર

– મુનિ જિનચન્દ્ર

નિરભ્ર આકાશની નીચે, ચાંદની રાતે, શાંત ચિત્તે આકાશ દર્શન કરતો બેઠો હતો. અદ્‌ભૂત સૌમ્યતા અને શીતલતા ફેલાવતી એ ચાંદનીને એક ચિત્તે જોતો જ રહયો.. જોતો જ રહયો... અને થોડીવારમાં જ મન જાણે નિર્વિકલ્પ અવસ્થામાં સરકવા લાગ્યું ! એક સઘન શાંતિ અને ઊંડી પ્રસન્નતાનો અનુભવ સહજ બની ગયો. થોડો સમય આમને આમ નીકળી ગયો.

અને વળી પાછા એ જ મનમાં વિચારોની સક્રિયતાએ માથું ઉચકયું વિચારોના આંદોલનો શરૂ થયા અને ત્યાં તો શાંત થયેલા એ મનમાં ચિંતનનું એક તેજકિરણ રેલાયું:

'જડ' પદાર્થોની આસક્તિમાં અટવાયેલા સંસારી જીવોને આવી શાંતિ કયાંથી મળે? આવી શીતળતાનો સ્પર્શ કયાંથી અનુભવાય?

કોઈક નિરાંતની પળોમાં, અંતરના ઓરડે પલાંઠી મારીને, 'ચૈતન્ય' તત્ત્વની આરાધનામાં લાગી જઈએ તો કેવી મઝા આવી જાય. 'સ્વાત્મા' પામવાની, 'જીવાત્માઓ' સાથે તાદાત્મય સાધવાની

અને 'પરમાત્મા'ના શરણે જવાની સાધના મનને જડની આસક્તિથી મુક્ત ન કરાવી દે શું? મનની શાંતિ તનો કેટલી સહજ બની જાય !

આ ચિંતનધારાનો વાણી વિસ્તાર એટલે જ 'ચૈતન્યની આરાધના' નો ઉપહાર.. જે તમારા હાથમાં છે !

મુંબઈની જાણીતી આધ્યાત્મિક સંસ્થા 'પ્રેમપુરી આશ્રમ'માં થોડા વર્ષો પૂર્વે થયેલા આ ત્રણ પ્રવચનોને અક્ષર દેહ આપીને એક નયનરમ્ય, હૃદયગમ્ય જ્ઞાનપુષ્પ તૈયાર કરવાનું શ્રેય જાય છે 'તત્ત્વદર્શન'ના ઘડવૈયા અને આત્મીય સ્વજન સમા શ્રી ઘનશ્યામભાઈ મહેતા ને !

પ્રવચન ત્રિવેણીનું આ પુસ્તક પ્રકાશિત થઈ રહયું છે ત્યારે એ ભગવદ્ કાર્યમાં અમૂલ્ય સેવા આપનાર આત્મીય શ્રી ઘનશ્યામભાઈ મહેતાને અને તેમના સહાયક સંપાદક સુશ્રી ટીનાબહેન ચંદારાણાને ધન્યવાદ તો શું આપું? તેમની સમર્પણ ભાવનાની હાર્દિક અનુમોદના.

જ્ઞાન પ્રસારના આ સત્કાર્યમાં ઘાટકોપર મુંબઈ સ્થિત 'શાંતિસુધા પાર્ક જૈન સંઘે' પણ સુકૃતના સહભાગી બની જે જ્ઞાન ભક્તિ વહાવી દર્શાવી છે તેની પણ હાર્દિક અનુમોદના.

સહુ જિજ્ઞાસુ વાચકો ચૈતન્યનો દિવ્ય સ્પર્શ પામી જીવનને ધન્ય બનાવે તેવી મંગલ કામના સાથે...

— મુનિ જિનચન્દ્ર વિજય

‘ચૈતન્યની આરાધના’ ની પ્રથમ આવૃત્તિના સ્પોન્સર

સુકૃતના સહભાગી

શાંતિસુધા પાર્ક જૈન સંઘ
શાંતિપથ રોડ, ઘાટકોપર (ઈસ્ટ) મુંબઈ

ટ્રસ્ટીમંડળ – ‘પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ’
શાંતિધામ – તીથલ



ચિત્તમાં સતત એ સ્મરણ રહેવું જોઈએ કે :
હું આત્મા છું, હું જડ નથી.
નામધારી, રૂપધારી કે દેહધારી
મારૂં બાહ્ય વ્યકિતત્વ તે હું નથી.
હું અનામી છું, અરૂપી છું, અવિનાશી છું
અને ચૈતન્યથી સભર છું, હું આનંદનો પૂંજ છું.

- મુનિશ્રી જિનચંદ્રજી

સ્વાત્માને ઓળખીએ

આપણી યાત્રાના ત્રણ પડાવ જન્મ, જીવન અને મરણ વચ્ચે પસાર થતાં થતાં યુગોના યુગો વીતી ગયા. વિવિધ પ્રકારની યોનિઓમાં ભટકતાં આપણા આ જીવાત્માએ જુદા જુદા જન્મો ધારણ કર્યા, પોતપોતાના સંજોગો મુજબ વિવિધ પ્રકારના જીવનને આત્મા જીવતો રહયો, અનેક પ્રકારના સંકટો, સમસ્યાઓથી અથડાતા કૂટાતા જીવન જીવી અંતે એ મૃત્યુને પામતો રહ્યો.

જન્મ, જીવન અને મરણની આપણી આ યાત્રા અનંતકાળથી ચાલતી આવી છે અને હજુ પણ કેટલો સમય ચાલશે તેની ખબર નથી. આ સમગ્ર ભ્રમણનું જો કોઈ કારણ હોય તો જ્ઞાની પુરુષોએ એક જ કારણ દર્શાવ્યું છે એ છે, 'સ્વ– સ્વરૂપનું અજ્ઞાન' આત્મા પોતાના સ્વરૂપને ઓળખી શકયો નહીં, પોતાની જાતને પામી શકયો નહીં, સ્પર્શી શકયો નહીં, જે 'હું છે' એની એને ખબર જ ન પડી અને જે 'હું' નથી તેને 'હું' માની સ્વીકારી લીધું. જે મારું નથી મારું માની લીધું, તેને કારણે જે વિષચક્ર શરૂ થયું તેણે આપણને જન્મ, જીવન અને મરણના ચકરાવે ચડાવી દીધા.

ખેર ! જે થયું તે થઈ ગયું પણ આપણે એવા પુણ્યશાળી છીએ કે આપણને ભારત જેવી પવિત્ર ભૂમિ પર જન્મ મળ્યો છે.

'દુર્લભં ભારતે જન્મ ।' સંતોએ કહ્યું કે, ''આ ભૂમિ એટલી બધી પવિત્ર છે કે જયાં યુગે યુગે સંતો, મહંતો અને અરિહંતો થતાં જ આવ્યાં છે. એવા અનેક સંતો, મહંતો અને અરિહંતોની ચરણરજથી પવિત્ર થયેલી ભારતની આ ભૂમિ પર જન્મ મેળવવો અને એ પણ કોઈ સંસ્કારી પરિવારમાં, કોઈ ઘનિષ્ઠ પરિવારમાં જન્મ મળવો એ મહાન પુણ્યના ઉદયનું ફળ છે. એ એટલું તો ચોક્કસ સાબિત કરી આપે છે કે આપણે કોઈ સામાન્ય વ્યક્તિઓ નથી. આપણે તો મહાન ભાગ્યશાળી છીએ.

હું ખાસ પ્રેમથી સૌને કહેવા માગું છું કે કયારેય પોતાની જાતને હલકી માનવાની ભૂલ નહીં કરતા. ઘણાં માણસો મેં એવા જોયા છે જે રોદણા રડતા હોય, ''મહારાજ સાહેબ ! ખબર નહીં કેવા પાપ કર્યા છે ! ખબર નહીં શું થશે? અમે તો કમભાગી છીએ?'' આવું સાંભળી મને એમ થાય કે, ''શા માટે તું તારી જાતને કમભાગી માને છે? તારે તારી જાતને કમભાગી માનવાની જરૂર નથી.''

જે જીવને મનુષ્ય તરીકેનો જન્મ ન મળ્યો હોય, જેને આવી ભારત જેવી પવિત્ર ધરતી ન મળી હોય, જેને સંસ્કાર આપનાર માતા–પિતા ન મળ્યા હોય. જે મનુષ્યને જીવનની દૃષ્ટિનું ઉદ્દઘાટન કરનારા સદ્ગુરુ ન મળ્યા હોય, જીવનને પરમ રાહે પહોંચાડનારા પરમાત્મા ન મળ્યા હોય તેને કદાચ આપણે કમભાગી કહી શકીએ,

પરંતુ આપણે કમભાગી નથી કારણકે આપણને આ બધા જ મહાન તત્ત્વો ધરતી પર જન્મ લેવાની સાથે પ્રાપ્ત થઈ ગયા છે.

આપણે સૌ પુણ્યશાળી છીએ અને એવા પુણ્યવાન બનેલા આપણે જરાક જાગૃતિના અભાવે, થોડીક ગફલતના કારણે સંત પુરુષો જે કહે છે એને શ્રદ્ધાપૂર્વક સાંભળીએ છીએ ખરા પણ મનન નથી કરતાં, નિદિધ્યાસન નથી થતું, પરિણામે જીવનનું રહસ્ય ચોમેરથી વરસી રહયું છે છતાં આપણે આપણું પાત્ર જ ઊંધુ વાળી દીધું છે તેથી તેમાં પ્રભુની અચિંત્ય કૃપાનું અમૃત ઝીલી શકાતું નથી.

'હું કોણ છું? મારું સ્વરૂપ શું છે?' અને 'મારું કોણ છે?' આ ત્રણ પ્રશ્નોનો કોઈ દિવસ વિચાર ન કર્યો તેને કારણે જીવનમાં અનેક વિષમતાઓ અને વિચિત્રતાઓ ઘર કરીને બેસી ગઈ છે. તેણે આપણને ભટકાવી દીધા છે. આપણે મિથ્યા ભ્રમણાઓના વમળમાં એવા તો ફસાયા છીએ કે રાગ અને દ્વેષની ગ્રંથીઓના આ વમળમાં ખેંચાતા ખેંચાતા આપણે વધુને વધુ ડૂબતા ગયા... ડૂબતા ગયા... ડૂબતા ગયા...

હવે આપણે બહાર નીકળવું છે. હવે સાચા રાહે આગળ વધવું છે એ માટે કોઈ એકલ દોકલ વ્યક્તિનું કામ નથી. હું એકલો એ માર્ગે આગળ વધી ન શકું. દીપથી દીપ જલે એ રીતે જયારે સૌ પુણ્યશાળી આત્માઓ એકબીજાના હાથમાં હાથ મિલાવી, હૈયે હૈયું મિલાવીને, પ્રેમપૂર્વક એક ધ્યેય નક્કી કરીને જો સંસ્કારયાત્રાનો આરંભ કરીએ તો સફળતા તરફ આપણાં કદમ આપોઆપ તાલ થી તાલ મિલાવી ને ચાલતાં રહેશે.

ચાલો, ત્રણ ડગલાં ભરીએ

તો ચાલો, આપણે બધા સાથે ચાલીએ અને કોઈ એક નવા શિખરને સ્પર્શ કરીએ. આ માટે આપણે માત્ર ત્રણ ડગલાં, ત્રણ કદમ ચાલવાનું છે. પહેલું કદમ છે, **'સ્વાત્માને ઓળખીએ'**, બીજું કદમ છે **'જીવાત્માઓ સાથે મૈત્રી બાંધીએ'** અને ત્રીજું કદમ છે **'પરમાત્માને શરણે જઈએ.'**

આપણે ચૈતન્યની આરાધનાની વાત વિચારવી છે ત્યારે સૌથી પહેલાં આપણે આત્મચિંતન કરીને, મનમાં સ્પષ્ટ સમજણ કેળવીને સૌથી પહેલાં એ ખ્યાલ આપી દેવો છે કે જેને આપણે ચૈતન્ય તરીકે ઓળખીએ છીએ એ ચૈતન્ય શું છે ? આ વિશ્વની અંદર બે જ તત્ત્વ છે એક જડ અને બીજું ચેતન.

સમગ્ર વિશ્વની અંદર કેટલાક જડ તત્ત્વ છે. કેટલાક ચૈતન્યથી સભર છે. આ સમગ્ર વિશ્વ જડ અને ચેતનથી ભરેલું છે તેમાં આપણે ચૈતન્યને આરાધવું છે કેમકે અનંત જન્મોથી આપણે ચૈતન્યની આરાધના કરવાને બદલે જડની આરાધનામાં જ ખૂંચેલા રહયાં, ખૂપેલા રહયાં. જડને પામવા માટે આપણે દોડતા રહ્યાં, જડને સાચવવા આપણે પાપ કરતાં રહ્યાં અને ઉત્તરોતર ગંભીર ભૂલો કરતા રહ્યાં.

તો ચાલો, હવે દિશા બદલીએ, જડથી ચૈતન્ય તરફ વળીએ. પણ પ્રશ્ન એ છે કે ચૈતન્યને આરાધવાની વાત જયારે આપણે કરીએ છીએ ત્યારે આ 'ચૈતન્ય' એટલે શું? એ સૌ પ્રથમ સમજી લેવું જરૂરી

છે કેમકે સમગ્ર વિશ્વની અંદર જે ચૈતન્ય વ્યાપેલું છે તે ત્રણ તબક્કામાં વિભાજીત છે.

વિશ્વ ચૈતન્યમાં પ્રવેશ

એક આપણું પોતાનું ચૈતન્ય છે. જેને આપણે 'સ્વાત્માનું ચૈતન્ય' કહીશું. અને બીજું છે જીવાત્માઓનું ચૈતન્ય. એનો અર્થ એમ કે આપણું જેવું ચૈતન્ય છે તેવું જ ચૈતન્ય દરેક જીવ માત્રમાં વિલસી રહયું છે. તેથી તો કહેવાયું છે કે 'પિંડે સો બ્રહ્માંડે' સમગ્ર વિશ્વમાં કોઇ જીવ એવો નથી જેની અંદર આપણાં જેવું જ ચૈતન્ય વિલસી રહયું ન હોય. એનો વિકાસ ઓછો વત્તો હોઇ શકે પણ આ ચૈતન્ય તત્ત્વ તો દરેકની અંદર અસ્તિત્વ ધરાવે જ છે. આ વિશ્વ ચૈતન્યને પણ આપણે ઓળખવું પડશે. સ્વાત્માને ઓળખવાનો છે અને વિશ્વની અંદર જે ચૈતન્ય વ્યાપ્ત છે તેની અંદર મારાપણાનો ભાવ કેળવવાનો છે, પણ આપણું ચૈતન્ય અને જીવાત્માઓનું જે ચૈતન્ય છે તે અનેક પ્રકારની અશુદ્ધિથી ખરડાયેલું છે. પરંતુ આ વિશ્વની અંદર એક ત્રીજું એવું પણ ચૈતન્ય જગત છે જે ચૈતન્ય સમગ્ર અશુદ્ધિઓથી મુક્ત થઇને પરમ વિશુદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરી ચૂકયું છે.

આ જે અનંત શક્તિશાળી પરમ વિશુદ્ધ ચૈતન્ય છે તે પરમાત્માનું ચૈતન્ય છે. એને શરણે આપણે જઇએ સમર્પિત થઇ જઇએ. આપણી જાતને સંપૂર્ણ સમર્પિત કરીને અનંતની મહાસત્તાને સ્વીકારી લઇએ તો આપણે જીવનની અંદર કોઇક પરમ શિખરનો સ્પર્શ પામી શકીશું. એટલા માટે સ્વાત્મા, જીવાત્મા અને પરમાત્મા

આ ત્રણેયની સ્પર્શના – આંશિક સ્પર્શના– કરવાનો પ્રયત્ન કરવાનો છે. ચૈતન્યની આરાધનાનો પહેલો મણકો છે 'સ્વાત્માને ઓળખીએ.'

'સ્વ' એટલે આપણે પોતે. તેથી આપણા પોતાના આત્માને ઓળખીએ. તો પ્રશ્ન એ થાય છે કે શું આપણે આપણને પોતાને ઓળખતા નથી? આપણી આપણને કંઈ ખબર નથી? કેવી હસી નાખવાની વાત છે ! આ સંસારમાં આપણે ઘણાં બધાને ઓળખતા હોઈએ અને છતાં આપણે પોતાને ન ઓળખતા હોઈએ તેવું બને ખરું? પણ શાંતિથી વિચારજો કે આપણે આપણી જાતને ઓળખીએ છીએ ખરા? આપણે આપણી જાતને ઉપર ઉપરથી જે રીતે જોઈએ છીએ તે ઓળખવાની આખી પદ્ધતિ જ ભૂલ ભરેલી છે અને અજ્ઞાનતાથી ખરડાયેલી છે, વમળોમાં ખેંચી જનારી છે. આપણી એ ઓળખાણ સાચી ઓળખાણ કયાં છે?

હું ખોવાયો છું !

આપણે આપણી જાતને સાચી રીતે નથી ઓળખી શકયા એ માટે તો જ્ઞાની પુરુષોએ સતત આપણને પ્રેરિત કરવાનો પ્રયત્ન કર્યો છે કે, "ભાઈ ! તું તને ઓળખ." ભગવાન મહાવીર સ્વામીના સમગ્ર જ્ઞાનનો અને ધર્મનો સાર સમજાવતા જે મૂળભૂત શાસ્ત્રો છે તેને જૈન પરિભાષામાં આગમ ગ્રંથો કહેવાય.

એ આગમ ગ્રંથોમાં મહાવીરના મૂળ શબ્દો સચવાયેલા છે તેમાં નું એક વાકય છે. **'જો એગં જાણઈ સો સવ્વં જાણઈ'** 'જે એકને જાણી લે છે તે બધું જ જાણી લે છે.'

તે કહેવા પાછળ મહાવીર સ્વામીનો ભાવ એવો રહ્યો છે કે, ‘જે એકને જાણે છે એટલે કે જે આત્માને જાણી લે છે તેની સામે સમગ્ર વિશ્વનું જ્ઞાન સ્પષ્ટ થઈ જાય છે. જયાં સુધી આત્માને ઓળખ્યો નથી ત્યાં સુધી બધી જ ઓળખાણ નકામી છે.

આપણાં ગુજરાતી ભજનિકો ગાય છેઃ

‘આત્માને ઓળખ્યા વિના રે.. ભવ ચોર્યાસી નહીં મટે રે...’

એક વાર આત્માને ઓળખી લેશો, આત્મ સ્વરૂપને જાણી લેશો, એ સ્વરૂપને પામવાનો પ્રયત્ન કરશો પછી જીવનમાં કંઈ ઓળખવા જેવું નહીં રહે. જીવનમાં કંઈ પામવા જેવું બાકી બચશે જ નહીં. જે વાત ભગવાન મહાવીર સ્વામીએ કરી છે એ જ વાત ભક્ત કવિ નરસિંહ મહેતાએ પ્રભાતિયા ગાતા–ગાતા કહ્યું કે :

‘જયાં લગી આત્મા તત્ત્વ ચિન્હયો નહીં,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી’

ગમે તેટલું દોડયા કરો મંદિરોમાં જઈને રોજ ઘંટ વગાડયા કરો. આરતી ઉતાર્યા કરો, સંતોના પગ દબાવ્યા કરો, બધું કરો પણ આંતરમુખ વલણ જો ન કેળવાયું, આત્મા તરફ ગતિ કરવાનું લક્ષ્ય ન સેવ્યું ત્યાં સુધી આપાણે આપાણી જાતને ઓળખી શકયા નથી અને તે લક્ષ્ય વિનાનું બધું જ નકામું છે.

પણ આપણે કહીશું કે, ‘‘અમે તો આત્મ તત્ત્વને ઓળખતા જ નથી. તો સાધના કરવાની જરૂર શું?’’ તો શું કાલથી મંદિરમાં જવાનું બંધ? કાલથી સાધુ સંતો પાસે જવાનું બંધ? જુઓને નરસિંહ

મહેતાએ તો કહી દીધું છે કે આત્માના તત્ત્વને ઓળખ્યા વિનાની સાધના નકામી તો પછી સાધના માટેની આ બધી મહેનત કરવાની જરૂર જ ક્યાં છે?

ગુરુજીને ચરણે શરણે જજો !

સમજી લેજો ! કોઈપણ જ્ઞાની પુરુષના સૂત્રને કે વાક્યને એકાંગી રીતે પકડતા નહીં. તેની પાછળના ભાવને સમજવો જોઈએ, નહીં તો શાસ્ત્ર પણ આપણા માટે શસ્ત્ર બની જશે. અયોગ્ય વ્યક્તિના હાથમાં ગયેલું શાસ્ત્રનું વાક્ય પણ શસ્ત્રનું કામ કરી જતું હોય છે એટલા માટે શાસ્ત્રની વાતોને સાંભળવા માટે ગુરુ ગમનો આદેશ આપ્યો છે. ગુરુગમ એટલે ગુરુ પાસેથી સાંભળવું. સત્સંગ ગુરુ પાસે જઈને કરવો. જ્ઞાની માણસો શાસ્ત્રોના મર્મને સમજાવી શકે છે કારણકે સામાન્ય રીતે આપણી બુદ્ધિનું સ્તર બહુ ટૂંકુ હોય છે અને શાસ્ત્રની વાતો ઊંડી અને ગહન હોય છે. એને જો યોગ્ય રીતે જાણી ન શકીએ તો જીવનની અંદર ગરબડ થઈ જાય અને આવું ન બને એટલા માટે ભક્ત નરસિંહે લખ્યું કેઃ

'જયાં લગી આત્મા તત્ત્વ ચિન્હયો નહીં,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી'

નરસિંહ મહેતા આપણને ઢંઢોળવાની મહેનત કરી રહ્યાં છે. આપણને જગાવવા માટે એક ચીંટિયો ભરે છે, પણ એનો અર્થ એ નથી કે આપણને બીજી બધી સાધનાઓથી નિરાશ કરીને તેનાથી વિમુખ કરવાની વાત કરી રહ્યાં છે. ના, એમનું કહેવાનું એમ છે કે ભાઈ ! આનું મહત્ત્વ સમજો અને પછી જે સાધના કરવી છે તેનું લક્ષ્ય

કેળવો. છેવટે કમ સે કમ લક્ષ્ય તો હોવું જ જોઈએ. હું ભક્તિમાર્ગની ઉપાસના કરું, યોગમાર્ગની ઉપાસના કરું, જ્ઞાનમાર્ગની ઉપાસના કરું, હું જીવનની અંદર કોઈપણ પ્રકારની સાધના કરું પણ બધું કરીને અંતે મારે કરવું છે શું? જવાબ છે, 'મારે મારી જાતને ઓળખવી છે, 'સ્વ' સ્વરૂપને પામવું છે. બસ, એ માટે જ આ મારો સમગ્ર પ્રયાસ છે. નરસિંહ મહેતાના એક બીજા પદને યાદ કરીએ.. ભક્ત કવિ કહે છે,

'નિરખને ગગનમાં કોણ ઘુમી રહયો ?
તેજ હું, તેજ હું તત્ત્વ બોલે.'

આ 'હું' એટલે કોણ? જ્ઞાની પુરુષોએ કહી દીધું છે કે તું તે જ છે. 'તત્ત્વમસી' અને 'અહં બ્રહ્માસ્મિ' પણ તત્ત્વમસી એટલે કોણ? કોઈ દિવસ આની ઉપર આપણે વિચાર કર્યો છે? જયાં સુધી આવો વિચાર નહીં આવે ત્યાં સુધી જિંદગીની બીજી બધી જ વાતો કયાંકને કયાંક ભટકાવી દેશે, અટકાવી દેનારી બની જશે. સાધનાના પાયામાં આ વાત બહુ મહત્ત્વની છે.

સૌથી પહેલી પાયાની વાત 'સ્વ'ને તેના ખરા અર્થમાં જાણી લેવાની છે. તેથી તો ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું છે કે,

''જે એકને જાણે છે તે સર્વને જાણે છે.''

તો શ્રીમદ્ રાજચંદ્રજી પ્રબોધે છે કે, ''બધા તત્ત્વ જ્ઞાનના રહસ્યો જો આટલું સમજી લેશો તો મળી જશે કે :

''હું કોણ અને કયાંથી થયો? શું સ્વરૂપ છે મારુ ખરૂં?'

સ્વરૂપની વાત છે વિરૂપની નહીં 'હું કોણ?' સૌથી પહેલો આ સવાલ

તમારી જાતને પૂછો, સવારે પૂછો, સાંજે પૂછો, રાત્રે પૂછો, રોજ આ પ્રશ્ન પૂછો, રોજ તેના પર ચિંતન કરો, મનન કરો, નિદિધ્યાસન કરો કે, 'હું કોણ? હું કોણ? હું કોણ?'

હું કોણને ક્યાંથી થયો, શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધોને વળગણો છે, રાખું કે તે પરિહરું ?

આ પ્રકારનો વિચાર વિવેકપૂર્વક, શાંતભાવે જો કરવામાં આવે તો સર્વ આત્મજ્ઞાનના સિદ્ધાંતો અને તત્ત્વોનો અનુભવ શકય બનશે. હાથમાં રાખેલા આંબળાને જેમ સહુ જોઈ શકે એવી રીતે આત્મજ્ઞાનના બધા જ સિદ્ધાંતો સ્પષ્ટ થઈ ગયા વિના ન જ રહે, પણ એ પહેલા તેની સામે બે શર્ત મૂકવામાં આવી છે કે આનો વિચાર કેવી રીતે કરવો? તો એનો વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે કરવાનો છે.

મનની નૈયા ડામાડોળ

યાદ રહે ! એક તો શાંત ભાવે કરવાનો છે અને 'સ્વ' અને 'પર'નો વિવેક, હેય અને ઉપાદેયનો વિવેક, વિનમ્રતાપૂર્વક ચિંતનથી કરવાનો છે, શાંત થઈને કરવાનો છે, પણ આપણી સૌથી મોટી સમસ્યા એ છે કે આપણે શાંત રહી શકતા નથી. ડહોળાયેલા પાણીની જેમ મન સતત અશાંત રહે છે. ભાઈ ! આપણે શાંત કયારે હોઈએ? સુખમાં કે દુઃખમાં? દુઃખમાં અશાંત તો સુખમાં તો શાંતને ? ના, આપણે દુઃખમાં અને સુખમાં બંનેમાં અશાંત રહીએ છીએ.

જ્ઞાની પુરુષો કહે છે કે આપણે હમેશા અસ્વસ્થ છીએ. કહેવાતા સુખના સમયમાં પણ અસ્વસ્થ છીએ અને કહેવાતા દુઃખમાં

પણ અસ્વસ્થ છીએ. આપણે સ્વસ્થ છીએ જ નહીં. સ્વસ્થ કોને કહેવાય? **'સ્વસ્મિન્ તિષ્ઠતિ ઈતિ સ્વસ્થઃ।'** સંસ્કૃતની આ વ્યાખ્યા સ્વસ્થ કોને કહેવાય ? અને અસ્વસ્થ કોને કહેવાય તેના પર પ્રકાશ ફેંકે છે. જે પોતાનામાં જ રહે તેને સ્વસ્થ કહેવાય. પોતાને ભૂલી પરમાં જાય અથવા તો પરભાવમાં જાય તેને અસ્વસ્થ કહેવાય.

આપણે પોતાનામાં કયારે હોઈએ? હવે જયારે આપણે પોતે કોણ છીએ? એની જ આપણને ખબર નથી તો પોતાનામાં કયાંથી હોઈએ? પોતાના સ્વ સ્વરૂપની જાગૃતિ છે કે બીજા જ કોઈ ભાવોમાં રમીએ છીએ?

એમ તો મરાતા હશે !

એક બહેને અમદાવાદના રતનપોળની અંદર કાપડની દુકાન શરુ કરી. રતનપોળમાં તો સાડીઓ લેવા અનેક લોકો આવે અને સાડીની વાત કરીએ તો ખાસ તો બહેનો જ સાડી લેવા જાય. પેલા વેપારી બહેન ફટાફટ સાડીઓ ખોલી ખોલી બતાવતા જાય. ગ્રાહક તરીકે આવેલી મહિલાને સાડી ન લેવી હોય તો પણ બતાવે અને વળી કોઈને સાડી પસંદ પડે, ભાવતાલની વાત આવે તો ગ્રાહક બહેન કહે, ''જો જો હો બહેન ! વાજબી ભાવ કરી આપજો.'' તો દુકાનદાર બહેન કહે કે, ''બહેન હોઈ કંઈ? એક પૈસો પણ તમારી પાસેથી વધારે લઉં તો મારા પોતાના સમ !'' વાત વાતમાં એ બહેનને સમ ખાવાની ટેવ ! કાંઈક થાય તો કહે, 'મારા પોતાના સમ... મારા પોતાના સમ.''

આ દુકાનમાં એક સેલ્સ ગર્લ પણ કામ કરે. માલિક બહેન જે સાડીઓ ખોલી ખોલીને બતાવે તેને સંકેલવાનું કામ આ સેલ્સગર્લનું. તેને ખબર જ હોય કે મારા શેઠાણી ભાવ વધારીને બોલે છે, છતાં કહે છે કે, ''એક પૈસો વધારે લઉં તો મારા પોતાના સમ.''

સેલ્સગર્લથી એકવાર રહેવાયું નહીં, દુકાનમાં કોઈ હતું નહીં તો કહે, ''મેડમ ! તમને એક વાત પૂછું ? ખોટું તો નહીં લાગે ને !'' બહેન કહે, ''કહે ને !'' સેલ્સ ગર્લ કહે, ''મેડમ તમારે મરી જવું છે ?'' શેઠાણી કહે, ''કેમ એમ કહે છે?'' સેલ્સગર્લ કહે, ''તમે આડેધડ ઊંચા ભાવ કહો છો અને ગ્રાહક ને કહેતા હો છો કે મારા પોતાના સમ, એક પૈસો વધારે લઉં તો? વાત વાતમાં સમ ખાશો અને મરી જશો તો?'' શેઠાણી કહે, ''એમ હું થોડી મરી જાઉં ? મારે ત્યાં રસોડામાં રસોડું સાફ કરવા માટે પોતું રાખેલું છે તેથી હું કહું છું મારા 'પોતા'ના' સમ ! હું મારા સમ થોડા ખાઉં છું !''

પોતે એટલે કોણ આપણે સમજ્યા છીએ ખરા? મારે પૂછવું છે તમને કે આપણે આપણાં પોતાના છીએ ખરા ?

જે પોતાનામાં રહે તે સ્વસ્થ કહેવાય. આપણે આપણાં પોતાનામાં રહી શકતા જ નથી. સતત ઈન્દ્રિયજન્ય ભાવોમાં અને દેહભાવમાં આપણી ચિત્તવૃત્તિ રોકાયેલી રહે છે. આપણી સમગ્ર ચેતના સતત બર્હિમુખ બની ગઈ છે. એ બહિર્મુખ ચેતનાને જ્યાં સુધી આપણે અંતર્મુખ ન બનાવી શકીએ ત્યાં સુધી આપણી સાધના સફળ નહીં બને. કારણકે આપણે અસ્વસ્થ ચિત્તે સાધના કરી રહ્યાં છીએ.

અશાંત ચિત્તે સાધના કરવા કોશિશ કરીએ છીએ. ચિત્તની ડહોળાયેલી દશાને શાંત કરો 'સ્વાત્માને ઓળખો' એને માટે 'હું એટલે કોણ?' એ સવાલ આપણી જાતને પૂછવાનો છે.

આપણાં વિષે કયારેય આપણે ચિંતન કર્યુ છે ખરું? આપણે વૃથા ગૌરવ લેતા હોઈએ છીએ કે હું આમને ઓળખું, હું તેમને ઓળખું વળી પે'લા ભાઈ સાથે તો મારી ઘનિષ્ઠ ઓળખાણ છે આમ સત્તર જણાને આપણા ઓળખાણની વાતો કરનારા સૌને એક જ સવાલ મારે કરવો છે કે, ''બહુ સારી વાત છે કે તમે ઘણાં બધાને ઓળખો છો પણ તમે તમને ઓળખો છો ખરાં?'' આપણે આપણી જાતને ઓળખીએ છીએ ખરા? બધાને ઓળખ્યા પણ આપણને જ આપણે ન ઓળખ્યા તો શું કામનું? સૌની સાથે સંબંધ બાંધનારા આપણે આપણી જાત સાથેનો સંબંધ ગુમાવી બેઠા છીએ.

ચાલો, આપણને મળવા જઈએ !

આપણી કમનસીબી એ છે કે પોતાની જાત સાથેનો સંબંધ કપાઈ ગયો છે અને બહારના લોકો સાથે આપણે સંબંધો વધારતા જઈએ છીએ. સંબંધોની સીમાને વિસ્તારતા જઈએ છીએ, પણ કયાં છે આપણી ચેતના? આપણી ચેતના કયાં સ્થિર થયેલી છે? બધાની સાથે ઓળખાણ કરનારા આપણે આપણી જાત સાથેનો સંબંધ ગુમાવી બેઠા છીએ, આપણે આપણી જાતને ઓળખવાનો પ્રયત્ન કરીએ. સૌની સાથે સંબંધ બાંધનારા આપણે આપણી જાત સાથેનો સંબંધ સ્થિર કરી દઈએ અને તે માટે 'હું કોણ?' એ ચિંતન આપણે રોજ કરવું પડશે.

રમણ મહર્ષિના જીવન વિકાસના પાયામાં માત્ર ત્રણ જ અક્ષર હતા. 'હું કોણ?' તેમની મનો ચેતનામાં આ એક બીજ રોપાયું અને તેમાંથી વિશ્વને રમણ મહર્ષિની ભેટ મળી. આપણે કોઇ દિવસ આપણી જાતને આ પ્રશ્ન નથી કર્યો કે 'હું કોણ?' કારણકે આપણે મનોમંથન જ કરતાં નથી એટલું જ નહીં, ભ્રામક ખ્યાલોમાં રાચીએ છીએ. આપણે ભ્રમણાઓમાં બંધાઇ ગયા છીએ. 'હું એટલે આ' હું એટલે તે' 'હું એટલે....' આવા આપણાં કલ્પિત સ્વરૂપો એટલા બધા આપણે ઊભા કરી દીધા છે અને એની અંદર 'હું' પણાનો ખ્યાલ એવો દ્રઢ બની ગયો છે કે હું ખરેખર છું શું? તેનો વિચાર કરવાની ફૂરસદ જ આપણી પાસે નથી રહી.

આપણને એક નામ મળ્યું અને એ નામની સાથે હું પણાનો સંબંધ આપણે બાંધી દીધો. હું એટલે સો એન્ડ સો. આપણને જે દેહ મળ્યો, શરીર મળ્યું, રૂપ મળ્યું તેની સાથે આપણે હું પણાનો સંબંધ બાંધી દીધો. આલ્બમમાં આપણો ફોટો દેખાય એટલે આપણે તરત ચાર જણાને બતાવીએ કે, ''આ હું, આ ફોટો મારો. જે દેહ છે તે હું, જે નામ મળ્યું છે તે હું.'' આ નામધારી અને દેહધારી વ્યક્તિત્વ આપણું જે છે એને 'હું' માનવાની ભૂલ એવી કરી કે નામ અને રૂપથી પર આપણું જે શુધ્ધ અસ્તિત્વ હતું તેનો ખ્યાલ જ ન રહ્યો.

છાયાની માયા લાગી

આપણો અહંકાર કયા કારણે પુષ્ટ થયો છે? તેનો જવાબ છે કે આ સ્વ સ્વરૂપના અજ્ઞાનમાંથી અહં પ્રગટે છે, અજ્ઞાનમાંથી મોહ

પ્રગટે છે અને આ અજ્ઞાનમાંથી અશાંતિઓ પ્રગટે છે. આપણે એક ભૂલ એ કરી કે જે હું નથી તેને હું માની લીધું અને એમાંથી ઉદ્ભવતા બધા તત્ત્વોને મારા માનવાની ભૂલ કરી અને જ્યાં આ ભૂલ કરી પછીની બધી જ વાતો તમે સાચી કરતા હો તો પણ તે એક સ્ટેપ ચૂકી જવાથી ખોટી જઇ જવાની.

કોઇ વિદ્યાર્થી ગણિતનો દાખલો ગણવા બેસે અને એની અંદર પહેલું જ પદ ખોટું કર્યુ તો પછીનો આખો દાખલો સાચો કર્યો હોય તો પણ જવાબ ખોટો પડવાનો. કોઇ વ્યક્તિ ઉતાવળમાં તેના શર્ટનું એક બટન ખોટું બીડી દે તો બધા બટન ખોટા બીડાશે. એમ જ આપણા જીવનના બધા જ જવાબો ખોટા આવતા રહ્યાં છે કારણકે આપણે પહેલી ભૂલ એ કરી છે કે જે હું નથી તેને હું માની લીધો છે.

આ 'હું' એટલે શું? આપણને જે નામ મળ્યું છે તેની સાથે જ આપણો મોહ બંધાઇ ગયો છે. એ નામ લઇને કોઇક બે પ્રશંસાના વાકયો બોલે તો આપણને આનંદ થાય છે. એ નામ લઇને કોઇ જરાક ટીકા કરે તો ખોટું લાગી જાય છે. મનમાં તરત ગુસ્સો આવવો શરુ થઇ જાય છે. કોઇ આપણી ટીકા કરે કે આપણે સમતા ખોઇ બેસીએ છીએ. આમ કેમ થાય છે? એનું વિશ્લેષણ કરવું જોઇએ.

આપણું નામ દઇને કોઇ ટીકા કરે કે નિંદા કરે એટલે તરત આપણને ગુસ્સો આવે છે કારણકે આપણને જે એક નામ મળ્યું – આ દેહની ઓળખાણ માટે એક 'ટાઇટલ' આપવામાં આવ્યું તેને જ આપણે 'હું' માની લીધું છે એટલે એ નામથી કોઇ જરાક પણ આઘી

પાછી વાત કરે એટલે તરત જ આપણા મનમાં ગડમથલ શરૂ થઈ જવાની... સ્વાભાવિક રીતે જ અશાંતિ ઊભી થઈ જવાની ! આમ આપણી સમગ્ર જીવનની અશાંતિનું જો કંઈ મૂળ હોય તો આ નામનો મોહ છે અને રૂપનો મોહ છે અને સ્વરૂપના અજ્ઞાનમાંથી જ અશાંતિ અને અશુદ્ધિઓ જન્મે છે.

જ્ઞાની પુરુષો કહે છે કે આ નામ અને રૂપના મોહમાંથી મુક્ત બની જશો ત્યારે શાંતિ તમારા ચરણ ચુમવા માટે તૈયાર છે. આ નામ મળ્યું તે શું 'હું' છું? તમારું નામ એકસ, વાય, ઝેડ કોઈપણ હોય તે નામ તમને કયારે મળ્યું? કેટલા વખતથી મળ્યું ? આ નામ મળ્યું તે પહેલાં કયાં હતાં?

ધારો કે તમારી ઉંમર પંચોતેર વર્ષની હોય તો પંચોતેર વર્ષ પહેલા તમે કયાં હતા? હતા કે નહીં ? તે વખતે અત્યારનું તમારું આ નામ તમારી સાથે જોડાયેલું હતું? ધારોકે મને આજે પચાસ પૂરા થયાં, એકાવનમું ચાલે છે, પણ બાવન વર્ષ પહેલા પણ હું કયાંક હઈશ તો ખરો ને ! અને બાવન વર્ષ પહેલાં હું જયાં પણ હઈશ ત્યાં મારી સાથે 'જિનચંદ્રવિજય' ટાઈલ જોડાયેલું હતું ખરું? હજી બીજા બાવન વર્ષ જશે અને હું કયાંક ઉપડી જઈશ ત્યારે મને વળગેલું નામનું આ ટાઈટલ હું જયાં જઈશ ત્યાં મારી સાથે આવશે ખરું?

તું તું નથી !

'ના' પહેલાં હતું નહીં, પછી રહેવાનું નથી. વચ્ચે થોડાક સમય માટે જે ટાઈટલ મળ્યું તે ટાઈટલ સાથે આપણું એક એવું

એટેચમેન્ટ બંધાઈ ગયું અને તેને 'હું' માનવાની એવી ભૂલ આપણે કરી નાખી જે ભૂલના કારણે સમગ્ર જીવનકાળ દરમિયાન આપણે અહંકાર, તિરસ્કારનો ભોગ બનીને અશાંતિની અંદર સરકતા જ રહીએ છીએ. જ્ઞાની પુરુષો કહે છે કે આ ભૂલના ચકરાવામાંથી બહાર આવી જા. નામના વ્યામોહમાંથી મુક્ત બની જા કારણકે નામધારી તારું જે સ્વરૂપ છે એ તારું વાસ્તવિક રૂપ નથી.

નામધારી અને રૂપધારી વ્યક્તિત્વમાં એવા મૂઢ ન બની જઈએ કે આપણે આપણા મૂળભૂત અસ્તિત્વ ને જ સાવ ભૂલી જઈએ. પહેલા આ નામ હતું નહીં, પછી રહેવાનું નથી. વચ્ચે થોડાક સમય માટે મળ્યું છે તો એને શા માટે 'હું' માની લેવાની ભૂલ કરવી?

'હું'તો પહેલાં પણ હતો, 'હું' તો પછી પણ રહેવાનો છું પણ તે વખતે આ નામ નહીં હોય ! તો, પછી આ નામ થોડા સમય માટે મળ્યું છે, અરે, આગલા જન્મની વાત જવા દો ને ! જે દિવસે જન્મ્યા તે દિવસે તમારું શું નામ હતું તે ખબર છે? પહેલે દિવસે તમારું શું નામ હતું ખબર છે? પહેલે દિવસે બધાનું નામ એક જ હોય છે કાં બાબો, કાં બેબી !

ફૈબાએ પાડચાં નામ

જન્મના છ એક દહાડા ગયા એટલે સગાવહાલાં ભેગા થયા, ફૈબા આવ્યા. બધાએ વિચાર કર્યો કે આ એક સરખી બે આંખ, બે કાન, નાક, મોઢુંવાળી આકૃતિ કેટલીયે દુનિયામાં ફરે છે, સાલું ! કંઈક ગરબડ થઇ જશે કોઈકને બોલાવીશું ને કોઈક ચાલ્યો આવશે, માટે

આ દુનિયામાં એક નવું રૂપ આવ્યું છે, એક નવો આકાર આવ્યો છે એને એક ટાઈટલ આપી દો.

તેથી ફૈબાએ તમને ઓળખાણ માટે નામ આપી દીધું કે હવેથી આ જે નવો દેહ બંધાયો છે એ દેહને આપણે જયાં સુધી આ દુનિયામાં હોય ત્યાં સુધી આ નામથી બોલાવીશું અને ઓળખીશું.

થોડાક સમય માટે સ્વજનોએ આપેલું નામ એને 'હું' માનવાની આપણે ભૂલ કરી છે. તમને નથી લાગતું કે આ આપણું એક બહુ મોટું અજ્ઞાન છે અને એના કારણે જીવનમાં કેટલા અહંકારો પોષાયા, કેટલી અથડામણો ઊભી થઈ !

જ્ઞાની પુરુષો કહે છે કે તેં ભૂલ કરી છે માટે તું દુઃખી થઈ રહ્યો છે. તું તારી જાતને ઓળખી શક્યો નથી. આ નામધારી વ્યક્તિત્વ એ તું નથી અને જે દિવસે તને એ ભાન થઈ જશે કે આ જે નામ બોલાય છે તે હું નથી એ દિવસે એ નામ લઈને ગમે તે કંઈપણ બોલે તો આપણને કંઈ થાય? 'કનુભાઈ ! અહીં બેઠા છે !' અને હમણા ચાર જણા નીચે જઈને એમ કહે કે, 'મનુભાઈ તો સાવ ગાંડા છે' તો તમને કંઈ થાય? પણ જો એમ કહે કે 'કનુભાઈનું તો મગજ ચસકી ગયું છે' તો કેટલું દુઃખ લાગે ! મનુભાઈનું નામ લઈને કોઈ કંઈપણ કહે તો આપણને કંઈ અસર થતી નથી કારણકે આપણને ખબર છે કે આ મનુભાઈ એ હું નથી. જે દિવસે એ ખબર પડી જશે કે આ જિનચંદ્રવિજય એ હું નથી તે દિવસે જિનચંદ્રવિજયને માટે ગમે તેવી વાતો થાય તેને કંઈ લાગે કે વળગે !

નિરાકાર ને આકાર મળ્યો !

શાંતિ કોના હાથમાં છે? આપણાં જ હાથમાં છે. જ્ઞાની પુરુષો કહે છે કે આ દેહને મળેલા વળગણ ઉપરનો મોહ છોડી દે, તું તારી જાતને ઓળખી લે. તું કોણ છે? આ નામધારી વ્યક્તિત્વ એ તું નથી અને જે દિવસે આ પ્રતીતિ અંદરથી થઈ જશે તે દિવસે જીવનના ઘણાં બધા ઉદ્વેગો ઓછા થઈ જશે. પોતાને માટે પણ અને બીજાના માટે પણ. નામ અને રૂપના મોહે આપણને પાગલ બનાવ્યા છે. આપણું અસ્તિત્વ તો કંઈક જુદુ જ છે જેને કોઈ નામ નથી, જેનો કોઈ આકાર નથી, જેને કોઈ રૂપ નથી. અનામી, અરૂપી અને અવિનાશી જે તત્ત્વ છે તે 'હું' છું.

ચૈતન્યની આરાધના

ગીતામાં કહેવામાં આવ્યું છે કે... 'નૈનં છિન્દંતિ શસ્ત્રાણિ, નૈનં દહતિ પાવક' જેને શસ્ત્રો છેદી શકતા નથી, પાણી ડૂબાડી શકતું નથી. દુનિયાનું કોઈ તત્ત્વ જેનો નાશ કરી શકતું નથી એવું એક અજર અમર, અવિનાશી અને શાશ્વત જે તત્ત્વ છે તે તું છે. 'તત્ત્વમસિ' તે તું છે. હું તે છું જેને આ કોઈ તત્ત્વની અસર નથી. આ ભાન જે દિવસે તમને અને મને થઈ જશે તે દિવસે ચૈતન્યની આરાધનાનું આપણું પહેલું પગલું મંડાઈ જશે.

આપણા સમગ્ર જીવનનો જો કોઈ પ્રયાસ હોય, સાધના હોય તો એ એટલા માટે જ છે કે આપણે પહેલા જ શિખર ને સર કરી લઈએ કે 'હું કોણ છું?' આપણે આપણી જાતને ઓળખી લઈએ. સ્વ સ્વરૂપની અનુભૂતિ કરી લઈએ.

આપણે આજે બધી જ વાતોની નોંધ લઈએ છીએ પણ આપણે આપણી પોતાની કોઈ જાતની નોંધ લેતા નથી. બધી જ બાબતોની ગણતરી કરીએ છીએ પણ જાતની કોઈ ગણતરી જ નથી.

સૌની સાથે સંબંધો બાંધવા માટે, સંબંધો વધારવા માટે દોટ મૂકીએ છીએ. ભોગ આપીએ છીએ પણ આપણી જાત સાથે સંબંધ બાંધવા માટે કોઈ દિવસ આપણે દોટ મૂકી ખરી? આપણી અંદરની દુનિયામાં ડોકિયું કર્યુ છે ખરું? બહાર ભટકવાનું એટલું બધું વધી ગયું છે કે અંદરમાં પ્રવેશવાનો સમય જ આપણી પાસે નથી !

હવે અહીંથી અટકો

બહુ ભટકયા હવે અટકો... ભટકો નહીં અટકો...હવે જરાક ઊભા રહો અને ઊભા રહી થોડુંક આત્મ ચિંતન કરો. દરરોજ પોતાની જાતને સવાલ કરો કે, 'હું કોણ?' મારું 'સ્વ'રૂપ શું છે? હા, કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલું શરીર રૂપ નહીં પણ જે શાશ્વત સ્વરૂપ છે, સહજ સ્વરૂપ છે એ શું છે?એને પામવાનો, એને ઓળખવાનો પ્રયત્ન કરું. એને માટે થોડુંક ચિંતન કરું, થોડીકવાર અંદરની દુનિયામાં ડુબકી લગાઉં. બહારથી પ્રત્યાહાર નહીં થાય ત્યાં સુધી અંદરમાં પ્રવેશ નહીં થઈ શકે.

આજે બર્હિમુખતાનો વ્યાપાર એટલો બધો વધી ગયો છે. પાંચેય ઈન્દ્રિયોના માધ્યમથી અને આ દેહના માધ્યમથી જડ પદાર્થોના જગતની અંદર એવા દોડયા છીએ કે આપણે જડમય બની ગયા છીએ. તેમાંથી પાછા વળીને ચૈતન્ય જગતમાં પ્રવેશ કરવાની જરૂર છે.

આખી દુનિયાની આપણે ખબર રાખીએ છીએ, આખી દુનિયાનું જ્ઞાન મેળવીએ છીએ. દરરોજ ટી.વી પર ન્યૂઝ જોવા જોઇએ, છાપામાં સમાચાર વાંચવા જોઈએ. એક દિવસ છાપું ન મળે તો ચાલે ? સાચું કહેજો કંઈક ખૂટતું હોય તેવું લાગે કે નહીં ? પણ એક દિવસ આત્મચિંતન ન કરીએ તો ચાલે? કયાં એમાં આપણું કંઇ અટકે છે?

દુનિયાભરનું જ્ઞાન આપણને મેળવવા જોઇએ છે પણ આપણી જાત વિષે જ્ઞાન મેળવવાની કોઇ ચિંતા જ નથી આપણને ! બધાની નોંધ લઈશું, બધાની ગણતરી કરીશું, બધા વિષે માહિતી મેળવીશું સિવાય એકમાત્ર આપણાં જીવન વિષે. બાદબાકી હોય તો તે પોતાની છે. બાકી બધું જ છે. બધાની ગણતરી કરીએ અને પોતાની બાદબાકી કરીએ તો શું થાય?

એક બહુ જાણીતી વાર્તા છે. દસ મૂર્ખાઓ એક દિવસ પ્રવાસે નીકળ્યા. પ્રવાસમાં ભયંકર જંગલ પાર કરવાનું હતું. દસેય જાણાએ પ્રવાસ શરૂ કર્યો. બધાએ ભેગા થઈને વિચાર્યું કે જંગલ બહુ ભયાનક છે, રસ્તામાં ભૂલા પડી જવાની શકયતા છે માટે બધા સાથે જ રહેજો, ભૂલા પડતા નહીં. ચાલતા–ચાલતા વિખૂટા પડી ગયાં તો એક જગ્યા નક્કી કરી લીધી કે દરેકે આ જગ્યાએ આવી જવાનું જ ત્યાંથી જયાં સુધી દસેદસ ભેગા ન થઈએ ત્યાં સુધી કોઇએ આગળ વધવું નહીં.

પ્રવાસ શરૂ થયો. શરુઆતમાં તો બધા સાથે–સાથે ચાલતા ગયા. ધીમેધીમે પછી ચાલવાની ઝડપમાં ફર્ક પડતો ગયો. એક પછી એક બધા છૂટા પડતા ગયા. એમ કરતાં કરતાં બધા વેર વિખેર થઈ ગયા.

જે એક જગ્યા નક્કી કરી હતી ત્યાં બધા ભેગા થવા માંડયા. એક આવ્યો, બીજો આવ્યો, ત્રીજો આવ્યો, પાંચમો આવ્યો સાતમો આવ્યો એમ કરતા બધા આવી ગયા એવો વિચાર આવ્યો એટલે કહે કે, ''ભાઈ! ! જરાક આપણે ગણી લઈએ કે બધા બરાબર છે કે નહીં ! બધા ફટાફટ સામે ઉભા રહી જાઓ.'' એટલે બધા ફટાફટ સામે ઊભા રહી ગયા.

તેમાંના એકે ગણતરી શરુ કરી, ''એક...બે... ત્રણ..નવ ! અલ્યા ભાઈ ! નવ જ જણા છે.આપણે તો દસ જણા નીકળ્યા હતાં, આપણામાંથી એક ખૂટે છે. ગમે તે એક જણો જંગલમાં રહી ગયો.'' મારી બાજુમાં નવ હતાં એમાંથી એક કહે, ''તમારી કંઈક ભૂલ થતી લાગે છે. આમ તો આપણે બધા બરાબર લાગીએ છીએ. ઊભા રહો તમે સાવ સામે આવી જાઓ, મને ગણવા દો.'' એ આવી ગયો અને માંડયો ગણવા... એક, બે, ...નવ. કહેવા લાગ્યો, ''તમારી વાત સાચી નવ જણા જ છે. આપણામાંથી એક જણ ખૂટે છે.'' ગમે તે એક જણો જંગલમાં રહી ગયો.

ત્રીજો આવ્યો તેણે ગણ્યું તો પણ નવ થયા. હવે નક્કી થયું કે એક જણ ઘટી ગયો છે. બધા ચિંતામાં પડી ગયા. એટલામાં ત્યાંથી એક સંતપુરુષ પસાર થયા. એમણે જોયું કે આ આખું ટોળું ઉદાસીમાં ઊભું છે. તેમણે કહ્યું કે, ''ભાઈઓ ! તમે કેમ આટલા ઉદાસ છો?''
''અરે ! સ્વામીજી ગજબ થઈ ગયો. અમે દસ જણા પ્રવાસમાં નીકળ્યા હતા. અમારામાંથી એક જણાનો પત્તો નથી લાગતો?''

સ્વામી કહે, "તમે બરાબર ગણ્યા?" તો કહે 'હા' "મારી સામે ગણો તો?" 'જુઓ સ્વામીજી, એક, બે, ત્રણ... નવ..નવ છે સ્વામીજી એક જણો નથી !' સ્વામીજી સમજી ગયા કે આ પાગલો પોતાની જાતને નથી ગણતા !

સ્વામીજી કહે, "તમે બધા વારાફરતી બધા ને ગણો છો પણ પોતાની જાતને જ ગણતરીમાં લેતા નથી. પોતાને ભૂલીને આખી દુનિયાની ગણતરી કરો તો જવાબ ખોટો આવશે. જાતને પહેલા મૂકો અને પછી ગણતરી કરો તો જવાબ સાચો આવશે."

આજ સુધી જો આપણે દુનિયામાં અથડાયા હોઈએ, કુટાયા હોઈએ અને પરેશાન થયા હોઈએ તો એનું કારણ એક જ છે કયારેય આપણે આપણી જાતને જોડી શકયા જ નથી.

જીવનને સફળ બનાવવું હોય, ધન્ય બનાવવું હોય તો જ્ઞાની પુરુષો કહે છે કે સૌથી પહેલા તું તારી જાતને ઓળખી લે કે તું કોણ છે? દેહધારી જે સ્વરૂપ છે તે તું નહીં, રૂપધારી જે વ્યક્તિત્વ છે તે તું નહીં, તું અનામી છે, તું નિરાકાર છે, તું નિરંજન છે, તું શુધ્ધ છે, તું બુધ્ધ છે, તું મુક્ત છે, તું આ બધાથી મુક્ત છે અને એવું જે શુધ્ધ સ્વરૂપ છે તે તું છે.

'તત્ત્વમસિ' સૌથી પહેલા જ્ઞાની પુરુષોએ આ વાત કરી અને આપણું સૌથી મોટું સદ્ભાગ્ય હતું કે આ ભારતની ભૂમિ પર જન્મ લેનાર એ પુણ્યશાળી આત્માને ગળથૂથીમાંથી, ઘોડિયામાંથી આ સંસ્કાર મળતા હતાં કે તું કોણ છે તેને ઓળખી લેજે ! પરંતુ જેમ જેમ

પાશ્ચાત્ય સંસ્કૃતિની અસર આવતી ગઈ તેમ તેમ આપણા એ સંસ્કારો પણ ભૂલાવા માંડયા અને ભુંસાવા માંડયા.

મદાલસા એક માતા હતી જે પોતાના બાળકને ઘોડિયામાં નાખી હાલરડાં ગાતી હતી. આજ કાલની માતાઓને તો એ પૂછવું પડે છે કે, "હાલરડાં એટલે શું? તમને ખબર છે?" આજના જમાનાની કેટલી માતાઓને હાલરડાં આવડતા હશે? મદાલસા હાલરડું ગાઈ રહી છે. બાળકને ઘોડિયામાં સુવડાવી રહી છે.

"શુદ્ધોસિ, બુદ્ધોસિ, નિરંજનોસિ
સંસાર માયાપરિવર્જિતો સિ"

મદાલસા પોતાના બાળકને સુવડાવવા માટે હાલરડું ગાય છે કારણકે બાળક હવે ઊંઘી જવાનું છે પણ એ ઊંઘમાં જાય ત્યારે એના સબ કોન્સિયસ માઈન્ડની અંદર એક એવો સંસ્કાર પ્રદીપ્ત કરી દેવો છે જે કાયમ માટે એને કામ લાગે, એટલા માટે હાલરડામાં માતા ગાઈ રહી છે. "પુત્ર ! તું શુદ્ધ છે. આ સંસારની કોઈ અશુદ્ધિઓથી તારે ખરડાવાનું નથી. તું મુક્ત છે... કોઈ બંધનોથી તારે બંધાવાનું નથી. આ સંસારના કોઈ રંગે તારે રંગાવાનું નથી.

તું નિરંજન છે, નિરાકાર છે." કેવા એ પુણ્યવાન આત્મા હશે ! જેમને ગળથૂથીમાં આવા સંસ્કાર મળતા હશે ! આવા હાલરડાં મળતા હશે ! અને સબકોન્સિયસ માઈન્ડની અંદર આવા પ્રોગ્રામો ફીટ કરી દેવામાં આવતા હશે ! આજે આપણી સ્થિતિ શું છે? કયાં હાલરડાં ગવાય?

'સ્વ' સ્વરૂપને ઓળખ્યા વિના જીવનનો એકડો કેમ મંડાશે? સમગ્ર સાધનાનું જો કોઈ મૂળ હોય, સાધનાનું જો કોઈ પરિણામ હોય તો તે છે 'સ્વ' સ્વરૂપની જાગૃતિ ! 'હું કોણ છું?' એનો ખ્યાલ. હું ચૈતન્ય સ્વરૂપ આત્મા છુ; આ દેહ જડ છે, ઈન્દ્રિયો જડ છે, નામ જડ છે પણ હું જડ નથી. હું ચૈતન્ય સ્વરૂપી આત્મા છું.

આપણે કેવા જડ કે ચેતન? ચેતન છીએ ને ! તો પછી જે જે ચેતન છે તેને હું માનવાની ભૂલ કરાય નહીં. નામ જડ છે, આ શરીર પણ જડ છે, ભલે અત્યારે તેની અંદર ચૈતન્યનો ધબકાર છે પણ જે દિવસે આ દેહમાંથી ચેતના નીકળી જશે પછી આ દેહનું પોતાનું સ્વરૂપ કેવું ? જડ જ ને ! અત્યારે આ શરીરમાં એક ટાંકણી પણ ભોંકાય તો રાડ પાડી દેનારો માનવી, એક દિવસ એને આખો સળગાવી દેશે ત્યારે ઊંહકારો પણ નહીં કરે... કારણકે શરીર જડ છે અને જડમાં કોઈ સંવેદના હોતી નથી.

જ્ઞાની પુરુષો કહે છે કે તારી જાતને ઓળખી લે. સંવેદના રહિત થઈશ નહીં, સુખ દુઃખની સંવેદનાથી તારા હૃદયને ધબકતું રાખજે કારણકે તું ચૈતન્ય સ્વરૂપી છો. નામ વિનાશી છે, રૂપ વિનાશી છે, પદ વિનાશી છે, પ્રતિષ્ઠા વિનાશી છે, સંસારના સુખો અને સંબંધો વિનાશી છે; પણ તું અવિનાશી છે. તું તારા શાશ્વત સ્વરૂપને ભૂલીશ નહીં.

અંતરનો ઓરડો ખોલી નાખો

જગદ્‌ગુરુ આદ્ય શંકરાચાર્યજી મહારાજે આપણને સંદેશ આપ્યોઃ 'બ્રહ્મ સત્યમ્, જગત મિથ્યા' એટલેકે જે સત્ તત્ત્વ છે તેને તું

ઓળખી લે. તું કોણ છે? તારા સ્વરૂપનો અવબોધ કરી લે. આપણે ચૈતન્ય સ્વરૂપી છીએ એટલે જ કોઈ આપણને જડ કહે તો આપણને ગમે? કોઈ એમ કહે કે, 'આ ભાઈ તો સાવ જડ છે !' તો તમને સારું લાગે? શું થાય? સારું ન લાગે ને !' અરે ! જડ નહીં પણ જો કોઈ આપણને જડ જેવા કહે તો પણ ગમતું નથી.

તો જ્ઞાની પુરુષો કહે છે કે કોઈ તને જડ કહે તો ગમતું નથી. જડ જેવા કહે તો પણ ગમતું નથી તો એક વાત યાદ રાખજે, જે જડના લક્ષણ છે તે તારામાં ન આવી જાય તેની સાવધાની રાખજે. કારણકે તું ચૈતન્ય સ્વરૂપી છે. ચૈતન્યના જે સ્વરૂપો છે તેનાથી જીવનને ધબકતું રાખજે. સ્વમાં વસ, પરથી ખસ,એટલું બસ !

દુનિયાની ઓળખાણો બહુ કરી હવે થોડોક સમય આપણી જાતને ઓળખવા માટે કાઢીએ. દુનિયાના અનેક લોકોની મુલાકાત બહુ લીધી હવે અંદરના ઓરડામાં બેસી આપણી જાતની મુલાકાત લઈએ અને આપણા અંતરાત્માને આપણે પ્રશ્ન પૂછીએ કે, ''તું કોણ છે? ક્યાંથી આવ્યો છે? ક્યાં જવાનો છે?''

રોજ પોતાની જાત સાથે મુલાકાત ગોઠવો

જૈન શાસ્ત્રોની અંદર એક શાસ્ત્ર છે. 'ધર્મ સંગ્રહ' અને બીજું એક શાસ્ત્ર છે.'ધર્મ બિંદુ' એમાં ગૃહસ્થ જીવનની સમગ્ર દિનચર્યા દર્શાવવામાં આવેલી છે કે એક સદ્‌ગૃહસ્થની દિનચર્યા કેવી હોય? સવારના ઊઠે ત્યારથી રાત્રે સુવે તે સમય દરમિયાન એ શું શું કરે?

એમાં કહ્યું છે કે સૌથી પહેલા એ નિદ્રામાંથી જાગ્રત થાય ત્યારે સૌ પ્રથમ પથારીમાં બેસી એ પરમાત્માનું સ્મરણ કરે. પહેલી વાત આ કરી, પછી તરત બીજા નંબરનું સત્કાર્ય બતાવ્યું કે પછી તે તરત જ આત્મ ચિંતન કરે. મંદિરમાં જવાનું, પૂજાપાઠ કરવાના, ક્રિયાઓ કરવાની બધું જ પછી છે. જૈન ધર્મની પરંપરા મુજબ પ્રતિ ક્રમણ કરવાનું એ પણ પછી પણ પહેલા પથારીમાં બેઠા બેઠા પરમાત્માને યાદ કરી આત્મચિંતન કરે.

પછી તેનું વિશ્લેષણ કર્યુ કે આત્મચિંતન કરે પછી શું કરે? તો કહે પોતાની જાતને આટલા પ્રશ્નો પૂછે, 'કો અહમ્?' 'હું કોણ છું? હું ક્યાંથી આવ્યો છું? મને અત્યારે ક્યો અવસર મળ્યો છે? અને અત્યારે જે અવસર મળ્યો છે તેને ઉચિત કર્તવ્ય શું છે? મારે શું કરવું જોઈએ? જીવનમાં કરવા જેવું શું શું નથી કરતો અને ન કરવા જેવું શું શું લઈને બેઠો છું? અને આમ જ જિંદગી ચાલી ગઈ તો જીવનનો અંત શું?' બસ, આટલા પ્રશ્નો રોજ પોતાની જાતને પૂછે અંતરના ઓરડામાં બેસીને એ પોતાનો ઈન્યરવ્યૂ લે. રોજ પોતાની જાત સાથે મુલાકાત ગોઠવો જેને આ મુલાકાત ગોઠવતા આવડી જાય તેનાં જીવનની ઘણી બધી ગ્રંથીઓ તૂટી ગયા વિના રહે નહીં. અદ્‌ભુત સાધના છે. આત્મચિંતનની

બીજી બધી જ ક્રિયાઓ કરનારા આપણે એ બધાને ધબકતું કરનાર જે સાધન છે, આત્મચિંતન એને જ ભૂલી ગયા છીએ. આપણે આત્મ ચિંતન કરતા નથી. કોઈ દિવસ શાંતિથી બેસીને આપણી જાતને પ્રશ્નો પૂછતા નથી. એના જવાબો મેળવતા નથી

બહુ મહત્ત્વની આ સાધના છે. સંસારી હોય કે સાધુ હોય દરેકે કરવા જેવી આ એક અનિવાર્ય સાધના છે આત્મચિંતન, આત્મ નિરીક્ષણ. રોજ કરતા રહો...

મહર્ષિ વેદ વ્યાસે પણ આજ વાત કરી છે કે "જે મનુષ્ય છે તે દરરોજ પોતાનું ચરિત્ર જુએ કે હું જે જીવન જીવી રહયો છું. આજે મેં ચોવીસ કલાક વિતાવ્યા તેમાં પશુને છાજે એવો વ્યવહાર હતો કે એક સદ્ગૃહસ્થને છાજે તેવો મારો વ્યવહાર હતો?" મેં મનથી કોઈક વિચારો કર્યા, વાણી દ્વારા કોઈક સાથે વાતો કરી અને શરીર દ્વારા કંઈક પ્રવૃત્તિ કરી. મન, વચન અને કાયા મારા આખો દિવસ સક્રિય હતાં. તે મન વચન અને કાયાની મારી પ્રવૃત્તિઓ એક પશુના સંસ્કારોથી ખરડાયેલી હતી કે માનવતાના સંસ્કારોથી જાજવલ્યમાન હતી? મેં કેવી પ્રવૃત્તિ કરી?બસ, આટલું આત્મચિંતન કરી પછી રાત્રે ઊંઘી જવાનું એમ વેદવ્યાસજીએ કહયું, આપણે આપણા ચૈતન્યને ઓળખવાનું છે.

જેને પોતાના ચૈતન્યનો ખ્યાલ નથી, તે બીજાની અંદર ચૈતન્યનું દર્શન કયાંથી કરી શકશે? તે પરમાત્માની અંદર ચૈતન્યનું દર્શન કયાંથી કરી શકશે? મંદિરમાં જશે તો તેને પથ્થર દેખાશે. બહુ બહુ તો મૂર્તિ દેખાશે તેને કોઈ દિવસ પરમાત્માનું દર્શન નહીં થઈ શકે, કારણકે પોતાનામાં જીવતું જાગતું ચૈતન્ય જેને નથી દેખાતું તેને મંદિરમાં ચૈતન્ય કયાંથી દેખાવાનું હતું?

પહેલો પાયો છે. પોતાની જાતને ઓળખો, સ્વસ્વરૂપને ઓળખો. સ્વાત્માને ઓળખો અને જયારે આત્મચિંતન થશે ત્યારે

આપણાં જે ભ્રામક ખ્યાલો છે, જેને 'હું' નથી તેને 'હું' માની લીધું છે, જે 'મારું' નથી તેને 'મારું' માની લીધું છે અને અજ્ઞાનતાને કારણે જે વિચારોની ગરબડ ઊભી થઈ છે, વ્યવહારોની ગરબડ ઊભી થઈ છે તે ગરબડોના જાળા ભેદાતાં જશે. જયારે એ સ્પષ્ટતા થઈ જશે ત્યારે થશે કે, 'અરે ! આ તો હું ખોટા રસ્તે ચડી ગયો હવે 'રીર્ટન ટુ હોમ' – ઘર તરફ પાછો વળું.

જીવનને એક બ્રેક લાગશે. અવળા રસ્તે ધસમસતી ચાલતી જીવનની ગાડીને જો બ્રેક મારવી હોય તો એટલું જરૂર નક્કી કરો કે અમે દરરોજ સવારે ઊઠી અને અંતરના ઓરડામાં અમારી મુલાકાત લઈશું અને રોજ રાત્રે સુતા પહેલાં અમારું સરવૈયું લખીને પછી સુઈ જઈશું. સરવૈયું લખવતા આવડે? શું આવડે છે આપણને? આપણાં જેવા પુણ્યશાળી આત્મા જો આ ન કરી શકે તો પછી કોણ કરી શકે?

આકૃતિ અને પ્રકૃતિમાં ભેદ

આપણને આકૃતિ માનવની મળી છે પણ પ્રકૃતિ માનવની મળી છે ખરી? ચૈતન્યથી સભર એવું આ જીવન પ્રાપ્ત કર્યા પછી જડતાથી ભરેલો આપણો વ્યવહાર તો નથી ચાલી રહયો ને? એ પ્રશ્ન તમારે અને મારે આપણે સૌએ આપણાં અંતરાત્માને પૂછવો પડશે અને તેનો વ્યવસ્થિત જવાબ મેળવવો પડશે તો જ જીવાત્મા સાથે અને પરમાત્મા સાથેનો આપણો સંબંધ બાંધી શકાશે, તો જ આપણો પંથ સ્પષ્ટ થઈ જશે.

જ્યાં સુધી પહેલાં પગથિયામાં જ ગરબડ હશે તો શિખરે ક્યારેય નહીં પહોંચી શકાય. દુનિયાભરની નોંધ ભલે લેજો, પણ તમારી જાતને ભૂલીને નહીં લેતા. બધું જ્ઞાન મેળવવા આત્મચિંતન કરવું પડશે અને તેના માટે આપણી પાસે આ ચાર્ટ હોવો જોઈએ કે, 'હું કોણ છું? જડ છું કે ચેતન છું ? જડના ગુણધર્મ શું છે ? ચૈતન્યના ગુણધર્મ શું છે? હું ચૈતન્ય સ્વરૂપ આત્મા છું, તે ચૈતન્ય કેવું છે ? સચ્ચિદાનંદ સ્વરૂપ – સત્, ચિદ્ અને આનંદ – હું એક સદ્ તત્ત્વ છું. અસદ્ નથી. 'બ્રહ્મ સત્યં જગત મિથ્યા' બ્રહ્મ છે તે જ સત્ છે, શાશ્વત સત્ય છે, એ ચિદ્ મય છે, જ્ઞાનમય છે, અજ્ઞાન એ મારું સ્વરૂપ નથી. જ્ઞાનના પ્રસ્ફૂટિત કિરણોથી જાજલ્યમાન એવું મારું સ્વરૂપ છે. મારે ક્યાંય અંધારામાં અથડાવાનું નથી અને આનંદમય મારું સ્વરૂપ છે.

હું સત્, ચિદ્ અને આનંદમય છું. ગમે તેવી સ્થિતિ, પરિસ્થિતિ આવે પણ મારે ઉદ્વેગની અંદર ક્યારેય ખરડાવાનું નથી. આવું ભાન થઈ જશે કે આ જે કંઈપણ ઉથલપાથલ ચાલે છે તે જડ જગતની છે અને હું એનાથી પર એક ચૈતન્ય તત્ત્વ છું. એવું સમજાઈ જશે ત્યારથી જડની અસર આપણાં ચિત્ત પર બહું ઓછી થશે. સતત ચિત્તમાં સ્મરણ રહેશે કે હું એક અનામી, અરૂપી, સત્, ચિદ્, આનંદમય આત્મા છું. હું જડ નથી. નામધારી વ્યક્તિત્વ તે હું નથી, રૂપધારી વ્યક્તિત્વ પણ હું નથી, દેહધારી વ્યક્તિત્વ હું નથી, હું અનામી છું, અરૂપી છું, હું અવિનાશી છું. હું શાશ્વત છું, હું ચૈતન્યથી સભર છું, હું આનંદનો પૂંજ છું, હું અનંત શક્તિઓનો સ્વામી છું.

સુખનો સાગર છલકે પારાવાર

સ્વ સ્વરૂપની અનુભૂતિનું આ સ્પંદન જાગૃત થતાં જ આનંદનો સ્રોત, સુખનો સ્રોત, શાશ્વતતાનો સ્રોત સર્વત્ર પથરાયેલો જોવાથી જીવાત્માની દૃષ્ટિ બદલાઈ જશે. સ્વાર્થમૂલક, દોષ મૂલક અને દ્વેષમૂલક આપણાં જીવ જગતના દર્શનમાં આમૂલ પરિવર્તન આવશે અને સમગ્ર સમાજનો વ્યવહાર એક સુનિશ્ચિત વ્યવહાર બનશે અને અશાંતિમાંથી આપણે મુક્ત થઈ જઈ શું.

જીવ જગત પ્રત્યેની દ્વેષવાળી દુર્ભાવનાઓથી આપણું ચિત્ત મુક્ત થઈ ગયું છે. તેવી ભાવસભર અવસ્થાથી પરમાત્માનું ધ્યાન કરવા બેસીએ, ભક્તિ કરવા બેસીએ એમની શરણાગતિ સ્વીકારવા બેસીએ પછી પરમ તત્ત્વની સાથે આપણી ચેતનાનું જોડાણ થતાં વાર નહીં લાગે. પરમ ચેતનાની અંદર આપણી ચેતના, વિલીન થઈ જશે. જીવાત્માઓની સાથેનો સમ્યક્ સંબંધ સ્થાપિત કરવા માટે અને પરમાત્માની દિવ્ય ચેતનાનું અભેદ જોડાણ સિદ્ધ કરવા માટેનો પહેલો પાયોછે કે 'હું કોણ?'

'સ્વ'સ્વરૂપનો સાચો ખ્યાલ આપણે આપણી અંદર જાગ્રત કરી દઈએ. આત્માની શુદ્ધિ અને સ્વાત્માની જાગૃતિ એ સાધનાનો એકડો છે. પછી બાકીના બધા મીંડા કામ લાગશે. એકડો ન હોય તો મીંડા ગમે તેટલા મૂકો તેની કોઈ કિંમત નહીં પણ આગળ એકડો આવી જાય તો તેની કિંમત દસ ગણી થઈ જાય પણ જો એકડો નીકળી ગયો તો ગમે તેટલા મીંડા ચડાવ્યા કરો પણ મીંડાનું મીંડું જ રહેશે.

આપણે મીંડામાં ન રહીએ પણ આપણે આપણાં જીવનમાં આત્મ સ્વરૂપની જાગૃતિનો એકડો લગાડી દઈએ. આવી જાગૃતિ અનેક જન્મોની ઘર કરી ગયેલી અશુધ્ધિઓને દૂર કરી નાખનારી બને અને સ્વાત્માની શુધ્ધિ નો યજ્ઞ આપણે માંડી દઈએ. અશુધ્ધિની આહૂતિ તેમાં આપતાં જઈએ, આપતા જઈએ અને આપણી ચેતનાને પ્રફૂલ્લિત બનાવતા જઈએ. દીપ્ત – પ્રદીપ્ત બનાવતા જઈએ અને એ રીતે આપણે જીવનની ધન્યતાને પ્રાપ્ત કરીએ.

ઊ ઊ ઊ



ચૈતન્યની આરાધના કરવી છે ?
તો વિશ્વના સહુ જીવોની સાથે
આપણે આત્મસમદર્શિત્વનો ભાવ કેળવવો પડશે.
જીવાત્માઓ સાથે મૈત્રીનો સેતુ બાંધવો પડશે.

- મુનિશ્રી જિનચંદ્રજી

જીવાત્મા સાથે મૈત્રી બાંધીએ

જે વ્યક્તિને જીવનની સફળતા પ્રાપ્ત કરવી છે, તે પછી ચાહે ભણેલો હોય કે અભણ હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય, સંસારી હોય કે સંત હોય. ગમે તે વ્યક્તિ હોય, પરંતુ જો તેને જીવનની સફળતા પ્રાપ્ત કરવી હશે, જીવનની ધન્યતાનો અનુભવ કરવો હશે તો તેને માટે એક જ માર્ગ છે અને તે છે ચૈતન્યનો સ્પર્શ પામવો. ચૈતન્યની આરાધનાને જીવનમાં કેન્દ્ર સ્થાને મૂકવી.

જેનાં જીવનમાંથી સત્ તત્ત્વ નીકળી ગયું તેના જીવનમાં પછી કંઈ જ રહેતું નથી. તમને ખબર છે, સંત કોને કહેવાય? જે સત્‌નો સ્પર્શ પામ્યા હોય તેનું નામ છે સંત. તમે એક બ્લેક બોર્ડ લેજો એ બ્લેક બોર્ડની ઉપર સંત લખો, હવે તેમાંથી 'સત્' શબ્દ ભૂસી નાખો તો બાકી મીંડું રહે. સંતનો અર્થ એ છે જે સત્ તત્ત્વને પામ્યા છે, જેમણે દિવ્ય તત્ત્વની અનુભૂતિ કરી છે, જે સ્વાત્માનો સ્પર્શ પામી ચૂકયાં છે, જીવાત્માઓ સાથે મૈત્રી બાંધી ચૂકયા છે અને પરમાત્મા સાથે તાદાત્મ્ય કેળવી લીધું છે. તેનું નામ સંત. સંતની આટલી સચોટ અને સરળ બીજી કઈ વ્યાખ્યા હોઈ શકે?

સંત સતત પોતાની આત્મજાગૃતિ માટે જીવનારા સાધક હોય છે. સંત પ્રત્યેક જીવાત્માની અંદર પોતાના જ અંશનું દર્શન કરીને જીવમાત્રની સાથે પ્રેમ ભર્યો, મૈત્રી ભર્યો, કરુણાભર્યો, આત્મીયતા ભર્યો વ્યવહાર કરતાં હોય છે.

સંત સ્થૂલ ભૂમિકાએ ગમે તે પ્રવૃત્તિ કરતા હોય પણ એની આંતર ચેતના પરમ તત્ત્વ સાથે જોડાયેલી હોય છે. જે ચૈતન્ય તત્ત્વ સાથે તન્મય થઈ ગયા હોય એનું નામ સંત. **'શાંતિ પમાડે તેને સંત કહીએ.'** દરેક સાધકે પણ જીવનની અંદર માત્ર મીંડુ ન રહેવું હોય તો ક્યારેક ને ક્યારેક સંત તો થવું જ પડશે અને એ સંત થવા માટેનો ઉપાય એક જ છે. આવો, ચૈતન્યને આરાધીએ.

એ ચૈતન્યના ત્રણ તબક્કાઓમાંનો પહેલો તબક્કો છે 'સ્વાત્માનું ચૈતન્ય' દેહધારી, રૂપધારી વ્યક્તિત્વના વ્યામોહમાં અટવાયેલા આપણે નામ અને રૂપથી પર આપણું જે શુદ્ધ અસ્તિત્વ છે એ અસ્તિત્વને ભૂલી ગયા છીએ, તો ફરીથી એ અસ્તિત્વને પામવાનો પ્રયત્ન કરવો પડશે. એ અસ્તિત્વનો સ્પર્શ પામવો પડશે. ચાલો, સ્વાત્માની જાગૃતિ કેળવીએ, 'હું' એટલે આ નામધારી વ્યક્તિ જે દુનિયામાં ઓળખાય છે. તે હું નથી, પણ હું આ બધાથી પર એક અરૂપી જે તત્ત્વ છે, અવિનાશી તત્ત્વ છે, અનંત શક્તિશાળી તત્ત્વ છે તે 'હું' છું.

આવો ભાવ આપણે કેળવીએ તે ચૈતન્યની આરાધનાનો પહેલો તબક્કો છે. આવા સાધક સમજી જાય છે કે આ જે 'નેઈમ પ્લેટ'માં

દેખાય છે તે હું નહીં, સ્થૂળ અક્ષરોમાં બંધાઈ ગયેલો છે તે હું નહીં, પણ હું તો કોઈ જુદું તત્ત્વ છું એવું ભાન જેને થઈ જાય છે. ચૈતન્યની અનુભૂતિ જેને થઈ જાય છે, તે વ્યક્તિ ચૈતન્યની આરાધનાના પહેલા તબક્કે પહોંચી જાય છે.

એ પછી તરત સાધનાનો બીજો તબક્કો આવે છે. આ ભૂમિકામાં જેમ તેને પોતાનામાં ચૈતન્ય દેખાય છે એમ પછી આ વિશ્વની અંદર જે સમગ્ર જીવસૃષ્ટિ છે તે પ્રત્યેક જીવાત્માની અંદર પણ એને એ જ ચૈતન્યનું દર્શન શરુ થઈ જાય છે તેને પ્રતીતિ થવા માંડે છે કે જેવો મારી અંદર આત્મા છે તેવો જ આત્મા સકળ જીવોની અંદર વિલસી રહયો છે. ચૈતન્યના નાતે અમે બધા એક છીએ. સંસારના સકલ જીવ મારો જ અંશ છે. હું અને બીજા જુદા નથી, અમે એક છીએ.

આદમ કો ખુદા મત કહો, આદમ ખુદા નહીં,
મગર ખુદા કે નુર સે આદમ જુદા નહીં

આત્મ તત્ત્વના ઐકયની ભાવના, સર્વત્ર સમદષ્ટિત્**વની જે** વાત શાસ્ત્રોની અંદર કહેવામાં આવી છે અને 'વસુધૈવ કુટુંબકમ્'**નો** આદર્શ રાખીને આપણને જેને માટે પ્રેરિત કરવામાં આવ્યા છે તે બીજું કઈ નથી પણ આત્મસમદર્શિત્વની ભાવના છે. આમ વિશ્વના સર્વ જીવો સાથે મૈત્રીના તાંતણે બંધાઈ જવું તે ચૈતન્યની આરાધનાનો બીજો તબક્કો છે.

સૌ જીવોની સાથે આપણી ચેતના જોડાઈ જવી જોઈએ. આજ સુધી આપણે આપણી જાતને જ પ્રેમ કર્યો છે, આપણું જ સુખ

વિચાર્યુ છે. આપણાં જ હિતને કેન્દ્રમાં રાખીને આપણે ચાલ્યા છીએ, પણ જયારે અધ્યાત્મના પગરણ મંડાય છે ત્યારે તેનો તરત જ પહેલો તબક્કો આવે છે. સ્વાત્માની જાગૃતિનો અને પછી બીજો તબક્કો જીવ મૈત્રીનો આવે છે. આજ સુધી પોતાને જ પ્રેમ કરનારો હવે સૌને પ્રેમ કરતો થઈ જાય છે.

સંબંધના આકાશમાંથી પ્રેમની અમીવર્ષા

મામકાઃ – પરાયાના ભેદભાવ વિના, કોઈપણ જાતની લેતી દેતીની ગણતરી વિના પ્રેમ પેદા થાય. આપણે પોતાનાને પ્રેમ કરીએ છીએ અને અમુકને પારકા માની એની ઉપેક્ષા કરીએ છીએ પણ અધ્યાત્મનું મૂળ મૈત્રી છે. સર્વત્ર સમદષ્ટિત્વ આવે છે ત્યાર પછી તેને મારા – તારાનાં કોઈ ભેદ રહેતા નથી. સમગ્ર જીવ– સૃષ્ટિ ચૈતન્યથી સભર ભાસે છે. આ વિશ્વની સાથે એની ચેતના એવી જોડાઈ જાય છે કે તેને હવે પોતાનું હિત નહીં, સૌનું હિત,પોતાનું સુખ નહીં સૌનું સુખ, પોતાની સલામતિ નહીં, સૌની સલામતિના ભાવ કરવા માંડે છે.

તેના પ્રેમનો વ્યાપ એટલો બધો વિસ્તરી જાય છે કે આ વિશ્વના પ્રત્યેક ખૂણાની અંદર રહેલી સમગ્ર જીવસૃષ્ટિને એ સ્પર્શી લે છે અને જયારે એ ભૂમિકા આવે છે ત્યારે પછી કપડાં એણે કોઈ સાધુના પહેર્યા હોય કે કોઈ સંસારીના પહેર્યા હોય કોઈ ફર્ક રહેતો નથી. એ ગમે તે દેશમાં હોય કે ગમે તે વેશમાં હોય તે સાચો સંત બની જાય છે અને એટલા માટે એક કવિએ કહ્યું છે કે :

'પ્રેમ જબ અનંત હો ગયા, રોમ રોમ સંત હો ગયા
દેવાલય હો ગયા બદન, હૃદય તો મહંત હો ગયા'

પછી બીજું શું જોઈએ? જયાં સર્વત્ર નજરમાંથી અમી ઝરતું હોય, વાણીમાં મધુ લહેરાતું હોય અને વ્યવહારમાં સૌજન્ય નીતરતું હોય ત્યાં પછી સંતત્ત્વ માટે બીજા કોઈ પરિવેશની જરૂર રહેતી નથી. મન, વચન અને કાયા જેના વિશ્વના સર્વ જીવોના સુખની સાથે, હિતની સાથે બંધાય જાય છે ત્યારે તે ગમે તે વેશમાં ગમે તે પરિવેશમાં, ગમે તે દેશમાં રહેતો હોય તે સંત બની જાય છે.

ચૈતન્યની આરાધના કરવી છે? તો વિશ્વના સૌ જીવોની સાથે આપણે આત્મ સમદષ્ટિત્વનો ભાવ કેળવવો પડશે. જીવાત્માઓ સાથે મૈત્રીનો સેતુ બાંધવો પડશે.

'મૈત્રી' શબ્દને આપણા જ્ઞાની પુરુષો વારંવાર પ્રયોજતા હોય છે પણ આપણી તકલીફ એ છે કે આવા મહાન અર્થ સભર અને પવિત્ર શબ્દોને પણ આપણે ઘણી વખત સાવ ઘસાઈ ગયેલા ચલણી સિક્કા જેવા બનાવી નાખતા હોઈએ છીએ. એનું અર્થ ગાંભીર્ય અને એનું ગૌરવ આપણે ભૂલી જતા હોઈએ છીએ. મૈત્રીની વાતો તો આપણે રોજ રોજ કરતાં હોઈએ છીએ, પણ મૈત્રી એટલે શું એ આપણે સમજયા છીએ ખરા?

આજે દુનિયામાં વિશ્વ મૈત્રીની વાતો બહુ થાય છે. વિશ્વ મૈત્રી પર ભાષણો બહુ અપાય છે પણ વિશ્વ મૈત્રી કેટલું મહાન તત્ત્વ છે તેની ગરિમાને તમે અને હું સમજયા છીએ? મૈત્રી એટલે શું?

'હાય હલ્લો' કરવું એનું નામ મૈત્રી છે? માત્ર હળવું – મળવું એ મિત્રતા નથી, માત્ર 'હાય હલ્લો' કરી લેવું તેનું નામ મિત્રતા નથી, માત્ર હોટેલમાં સાથે બેસીને કોફી પી લેવી એનું નામ મિત્રતા નથી.

મૈત્રી એટલે શું? એને સમજવાની જરૂર છે. આપણા જ્ઞાની પુરુષોએ વ્યાખ્યા કરી છે કે, **'પર હિત ચિંતા મૈત્રી'** બીજાના હિતનો વિચાર એનું નામ મૈત્રી. હું કંઈપણ વિચારીશ તો મારું સુખ શેમાં છે? મારો સ્વાર્થ કયાં છે? મને નામના કયાં મળે છે? એનું ધ્યાન રાખતા હોઈએ છીએ પણ હવે મારા મગજમાંથી આ બધા વિચારો બહાર વહી ગયાં, નીકળી ગયાં.

હવે મારી સમગ્ર વિચારધારાનું જો કોઈ કેન્દ્ર હોય તો હું કોઈને કયાં સુખી કરી શકું તેમ છું? હું કોઈના હિતમાં કયારે નિમિત્ત બની શકું ? આ પ્રકારના બીજાના જ હિતનો વિચાર જયારે આપણાં મનની અંદર કબજો મેળવી લે ત્યારે એમ સમજવું કે હું મૈત્રીનું એકાદું પગથિયું ચડી શકયો છું. મૈત્રી એટલે બીજાના હિતનો વિચાર.

આજે તો આપણે એમ વિચારીએ કે, ''આ ભાઈ મને કયાં કામ લાગે તેવા છે?'' હું તમારો વિચાર કરીશ, તમારી સાથે સંબંધ બાંધીશ, તમને પ્રેમથી બોલાવીશ, તમારી આગતા–સ્વાગતા કરીશ પણ મને તમારી સાથે કોઈ લેવાદેવા નથી.

મારે લેવાદેવા માત્ર મારા સ્વાર્થ સાથે છે, મારા 'અહં'ને પોષવા સાથે છે. તમે મને ઉપયોગી થતાં હો તો હું તમારું બધું જ કરવા તૈયાર છું. તમારા દ્વારા મારો જો સ્વાર્થ સધાતો હોય તો હું ગમે તે ભોગે

તમારો સંબંધ નિભાવવા તૈયાર છું. તમારા ભોગે જો મને કોઈ પ્રસિદ્ધિ મળતી હોય તો હું તમારી પડખે ઊભો રહીશ. હું તમારા માટે બધું જ કરીશ, પણ આવો ભાવ રાખવો એ મૈત્રી નથી, એ સ્વાર્થ થઈ ગયો.

જ્ઞાની પુરુષોએ મૈત્રીની વ્યાખ્યા આપી **'પરહિત ચિંતા મૈત્રી'** અને એ મૈત્રી કોઈ બે –પાંચ, પંદર જીવો સાથે નહીં, વિશ્વના સર્વ જીવો સાથે આપણે મૈત્રી બાંધવાની છે. મૈત્રીનો વિસ્તાર સર્વ જીવો સાથે કરવાનો છે. જે કોઈ જીવો છે તેની અંદર એક આત્મા રહેલ છે. મારી જેવો અનંત શક્તિશાળી, અનંત સુખનો સ્વામી, અનંત પ્રેમનો ભંડાર એવો એક ચૈતન્ય સભર આત્મા દરેકની ભીતર બેઠેલો છે એવું દર્શન થવું જોઈએ, એવો ભાવ કેળવાવો જોઈએ.

અત્યારે તો આપણું દર્શન ઉપર છલ્લું દર્શન છે. આપણે ફક્ત બહારનું પેકિંગ જ જોઈએ છીએ. પેકિંગની અંદર જે મહત્ત્વની વસ્તુ છે એ આપણે કયારેય જોઈ શકયા જ નથી અને જયારે આપણે અધ્યાત્મની અંદર ડગ માંડવા છે ત્યારે જ્ઞાની પુરુષોએ કહ્યું કે તારી દૃષ્ટિની અંદર ચૈતન્ય દૃષ્ટિનો આવિષ્કાર કરવો જ પડશે.

કોઈપણ જીવના સંપર્કમાં આવીએ ત્યારે તેની અંદર રહેલા ચૈતન્યને નિહાળીએ કે એની અંદર પણ એક પવિત્ર આત્મા છે. બહારથી એની ભૂમિકા ગમે તે હોય, બહારથી એનું સ્વરૂપ ગમે તે હોય પણ તેની ભીતરમાં એક મહાન તત્ત્વ પડેલું છે એ મારી જેવો જ આત્મા છે, મારો જ અંશ છે. એ ભાવનો વિસ્તાર થવો જોઈએ.

"હું મારી જાતનો તિરસ્કાર કરી શકું છું? ક્યારેય નહીં? તો કોઈનો તિરસ્કાર મારાથી કેમ કરાય? હું મારા સુખને ભૂલી શકું છું? તો બીજાના સુખને મારાથી કેમ ભૂલાય? હું મારી પોતાની ઉપેક્ષા કરું છું? તો કોઈની ઉપેક્ષા મારાથી કેમ થાય? કારણકે એ પણ મારો જ અંશ છે." આ વિચારની દૃઢતા એ આત્મ સમદર્શિત્વની ભૂમિકા છે.

જ્યાં સુધી આત્મ સમદર્શિત્વ નહીં આવે ત્યાં સુધી બીજાના હિતનો વિચાર આપણે નહીં કરી શકીએ એટલા માટે જ્ઞાની પુરુષોએ આ પહેલી વ્યાખ્યા આપી, **'પરહિત ચિંતા મૈત્રી'**

એક બીજા જ્ઞાની પુરુષે મૈત્રીની થોડી જુદી રીતે વ્યાખ્યા આપી, એમણે જ્યારે મૈત્રીનું વિશ્લેષણ કર્યું ત્યારે તેમણે કહ્યું, **'સકલ સત્ત્વ સ્નેહ પરિણામો મૈત્રી'** વિશ્વની અંદર રહેલા સર્વ જીવો પ્રત્યેના સ્નેહનું પરિણામ એનું નામ મૈત્રી. બહુ મહત્ત્વની વાત છે, એક એક શબ્દને ઊંડાણથી સમજવાની જરૂર છે.

ઘણી વખત આપણે એમ કહીએ છીએ કે, "ભાઈ! આપણને ક્યાં કોઈની સાથે દુશ્મનાવટ છે? આપણે કોઈ સાથે વેરઝેર રાખતા નથી, એ એના રસ્તે અને હું મારા રસ્તે." જ્ઞાની પુરુષો કહે છે કે ભલે તું કોઈ સાથે વેરઝેર ન રાખતો હો, સારી વાત છે પણ એમ નહીં માનતો કે તારામાં મૈત્રીનો પાયો આવી ગયો છે. જે અધ્યાત્મનો પાયો છે. જીવાત્માઓ સાથે જ્યાં સુધી મૈત્રીનો ભાવ ન કેળવાય ત્યાં સુધી અધ્યાત્મનો પાયો નખાતો નથી. કારણકે ચૈતન્ય સાથે જોડાયા વિના તમે સ્વાત્મા કે પરમાત્માને કેવી રીતે ઓળખી શકવાના છો?

આ સમગ્ર વિશ્વ ચૈતન્યથી સભર છે, ધબકતું છે. એનાથી એનાથી અળગો રહેલો, અસ્પૃશ્ય રહેલો જીવ પરમાત્માનો સ્પર્શ પામી શકે તે અસંભવ છે. આપણી મૈત્રી નેગેટિવ મૈત્રી છે, ''આપણે કોઈની સાથે માથાકૂટ કરતા નથી, આપણે કોઈની સાથે વેરઝેર કરતાં નથી બાકી એની સાથે આપણે ફાવે તેમ નથી.'' આ છે આપણી મૈત્રીની ભૂમિકા.

વેરઝેર નથી એટલું જ બસ નથી. જ્ઞાની પુરુષોની વ્યાખ્યા કહે છે કે, **'સર્વ સ્નેહ પરિણામો મૈત્રી'** વેરઝેર ન હોવું એ તો નેગેટિવ મૈત્રી થઈ, પ્રેમ હોવો એ પોઝિટીવ મૈત્રી થઈ. વિશ્વના સર્વ જીવો પ્રત્યે પ્રેમ છે? સ્નેહનું પરિણામ હોવું જોઈએ. જેમ એક માને પોતાના બાળક પ્રત્યે નિર્વ્યાજ પ્રેમ હોય છે, લાગણી હોય છે, સ્પંદન હોય છે એ મા કોઈ દિવસ ગણતરી નથી કરતી કે દીકરો મને શું આપશે? મા તેને પ્રેમથી દૂધ પીવડાવે છે અને બાળક લાત મારે છે છતાં મા તેને ધક્કો મારી ફેંકી નથી દેતી. કારણકે એના હૃદયમાં એક નિર્વ્યાજ પ્રેમ છે, ત્યાં ગણતરી નથી.

જયાં ગણતરી છે, ત્યાં સમજી લેજો કે એ પ્રેમ નથી અને જયાં પ્રેમ છે ત્યાં સમજી લેજો કે ત્યાં કોઈ દિવસ ગણતરી આવતી નથી. આ ગણિત સમજવા જેવું છે. આજે મોટા ભાગના આપણા સંબંધો જયારે ગણતરી પૂર્વકના થવા માંડયા છે. આજના સંસારની આ બહુ મોટી વિષમતા છે કે નિકટમાં નિકટ વ્યક્તિ સાથેના સંબંધો પણ હવે ગણતરીપૂર્વકના થવા માંડયા છે. ગણતરી વગરનો કયાંય

સ્નેહ નથી અને સંબંધ નથી એવી વિષમતા વચ્ચે આજે તમે અને હું આપણે બધા જીવી રહયાં છીએ !

સપનામાં સાંભરે તેવા સગપણ કયાં છે?

અરે ! નિકટમાં નિકટનો સંબંધ, પછી એ પિતા પુત્રનો હોય કે પતિ પત્નીનો હોય પણ માણસને ત્યાં પણ ગણતરી ! અને કયારેક પછી મોકો મળે ત્યારે એ મનના વિચારો વાણીમાં પણ વ્યક્ત થાય. ''અમે તમારા માટે આટલું – આટલું કર્યું, તમે શું કર્યું? આવી અમને ખબર હોત તો તમારા પનારે પડત જ નહીં ! કંઈ કદર જ નથી ને તમને તો?'' એટલે તું કદર કરાવવા માટે જ પ્રેમ કરે છે? બદલો લેવા માટે જ તું લાગણી દેખાડે છે? તારા હૃદયમાં લાગણી કયાં છે?

પ્રેમ એટલે શું? આજે આપણાં સંબંધો કથળ્યાં છે અને એટલી હદે કથળ્યાં છે કે કોને સ્વજન કહેવા એ એક સવાલ ઊભો થઈ ગયો છે. પતિને પત્ની પર વિશ્વાસ નથી, પત્નીને પતિ પર વિશ્વાસ નથી. પિતાને પુત્ર પર વિશ્વાસ નથી અને પુત્રને પિતા પ્રત્યે શ્રધ્ધા અને સમર્પણ નથી અને છતાં આપણો સંસાર ચાલ્યા કરે છે ! બેઢંગી રીતે ચાલ્યા કરે છે ! ખબર નથી તેનું પરિણામ શું આવશે? બહારથી લાલ અને પીળાં દેખાતા આપણે અંદરથી કાળા થતા ગયા છીએ. કાલીમા આપણુને ભરખી ગઈ છે.

કોઈક દિવસ નિરાંતે બેસીને આપણી જાતને ઢંઢોળીએ કે આપણો સંસાર કેવો ચાલી રહયો છે? પોતાના માણસો ઉપર જ એકબીજાને વિશ્વાસ ન હોય એવા સંબંધોનો કોઈ અર્થ ખરો?

અને માણસ પછી બીજાની આગળ તો ઠીક છે, ઘરના માણસો સાથે પણ વિશ્વાસ પરાણે ઊભો કરવાની મહેનત શરુ કરે છે. ''સાચું કહું છું ! તારા સોગંદ બસ !''

પતિને પત્ની આગળ સમ ખાવા પડે ! આ સંસાર છે તમારો? સોગંદ ખાવા પડે તેનો અર્થ એ થાય કે તેને તારા પર વિશ્વાસ નથી માટે એને સોગંદ ખાઈને વાત કરવી પડે છે. ગૃહસંસાર માંડયો ત્યારે એમ લાગતું હતું કે બસ, હવે તો આપણા જીવનની અંદર સ્વર્ગ જ રહેશે. પતિ શરુ શરુમાં પત્નીને કહે કે, ''તારા વિના મને એક ક્ષણ પણ ગમે નહીં, રાત–દિવસ મને તો તું જ યાદ આવ્યા કરે.'' અને થોડોક સમય જાય પછી અંદરની સ્વાર્થ વૃત્તિઓ, અંદરની અપેક્ષાઓ, અંદરનો અહંકારની જે ટક્કર ઊભી થઈ એ અથડામણોએ આજના સંસારને ખળભળાવી મૂકયો છે !

મુંબઈમાં એક કવિ રહે છે મેઘબિંદુ. સંબંધોના કવિ તરીકે તેઓ જાણીતા છે, મારા એ પ્રિય કવિ છે. એમણે આજની આ પરિસ્થિતિ પર વ્યથા ઠાલવતી પંક્તિ લખી છે કે :

'જન્મો જન્મની આપણી સગાઈ,
હવે શોધે છે સમજણની કેડી !'

જયારે સગાઈ થાય ત્યારે તો એકબીજાની સાથેનો સાત જન્મોનો સંબંધ છે, ને જાણે કે ભગવાને આપણને પાછા ભેગા કર્યા, થોડોક સમય જાય, થોડા મહિના જાય પછી જાણે કે એ બધા જન્મો એક એક ઓછા થતા જાય ને પછી આ કવિઓને લખવું પડે –

'જન્મો જન્મની આપણી સગાઈ
હવે શોધે છે સમજણની કેડી !
આપણા અબોલાથી જૂર્યા કરે છે
હવે આપણે સજાવેલી મેડી !'

એક જ ઘરમાં રહેતા હોય, પણ એક બીજા સાથે બોલતા ન હોય. એકબીજા સાથે મોઢું ચડાવીને વાતો થતી હોય. મનમાં કેટલી કડવાશ ભરેલી હોય ! એ સબંધો કેટલા પ્રેમથી એક–એક તણખલું ભેગું કરી તમે માળો સજાવ્યો હતો એ તમારા ફલેટને સજાવવા માટે એક–એક ચીજની પસંદગી કરવા માટે કેટકેટલી દુકાનોમાં આંટા માર્યા હતા. કેટકેટલી મહેનત કરી હતી ! અને એ શણગારેલી મેડીમાં થોડોક સમય જાય એટલે એ બે પ્રેમી પંખીડા એકબીજા સામે ઘુરકિયા કરતાં હોય, એકબીજા સામે મોં ચડાવીને બેસતા હોય, એકબીજા સાથે બોલવા તૈયાર ન હોય. ત્યારે જ્ઞાની પુરુષોએ કહયું છે કે, ''આ સંસાર ઘણો વિચિત્ર છે અને વિષમતાઓથી ભરેલો છે.''

આપણાં અહંકારે આપણને કયાં પહોંચાડી દીધા છે જરા વિચાર તો કરો ! વિશ્વ મૈત્રીની વાતો કરનારા આપણે આપણાં સ્વજનોના હિતનો પણ વિચાર કરી શકતા નથી. સર્વ જીવોની સાથે સ્નેહના પરિણામનો આદર્શ લઈને ચાલનારા આપણે આપણા સ્વજનો પ્રત્યે પણ નિર્વ્યાજ સ્નેહ પાથરી શકતા નથી એ કરુણા આજે આપણાં જીવનની બની ગઈ છે. કયાં છીએ આપણે? કવિ મેઘબિંદુ સાચું જ કહે છે :

"જન્મો જન્મની આપણી સગાઈ
હવે શોધે છે સમજણની કેડી !
આપણા અબોલાથી જૂર્યા કરે છે
હવે આપણે સજાવેલી મેડી !
બોલાયેલા શબ્દોના સરવાળા બાદબાકી
કરતું રહયું છે આ મન
વાતવાતમાં સોગંદ લેવા પડે
કેવું આ આપણું જીવન ?"

મૈત્રી બહુ અદ્‌ભુત વસ્તુ છે. અધ્યાત્મના માર્ગે જેને આરૂઢ થવું છે. શિખરો સર કરવા છે, તેને માટે મૈત્રી પાયો છે. કારણકે એ મૈત્રી સૌ પહેલા તમારા વ્યાવહારિક જીવનને સ્વસ્થતા ભર્યું બનાવે છે. તમારા સામાજિક જીવનને પવિત્ર બનાવે છે અને જેના વૈયક્તિક જીવનમાં પવિત્રતા નથી, કૌટુંબિક જીવનમાં સ્વસ્થતા નથી, સામાજિક જીવનમાં સ્વચ્છતા નથી એવો માણસ આધ્યાત્મિક જગતમાં આવી જશે તો એ આધ્યાત્મિકતાને પણ અભડાવ્યા વિના રહેશે નહીં. આ ક્ષેત્રને પણ કલંકિત કરી નાખશે. કારણકે પાયો બોદો છે. એટલા માટે આપણાં જ્ઞાની પુરુષોએ કહયું છે કે, **'સકલ સત્ત્વ સ્નેહ પરિણામો મૈત્રી'** નેગેટિવ મૈત્રીની વાતો નહીં કરતાં અમને કોઈ પ્રત્યે વેરઝેર નથી. અમે કંઈ મનમાં નથી રાખતા. એટલું જ બસ નથી. પ્રેમ હોવો જરૂરી છે કે એના માટે મને લાગણી છે, એનું દુઃખ આપણું દુઃખ બની જાય, એનું સુખ આપણું સુખ બની જાય ત્યારે એમ કહેવાય કે ખરેખર મને હવે મૈત્રી બંધાણી છે.

આત્મા ચાલ્યો પરમાત્મા બનવા

મૈત્રી બાંધવાની એટલે શું કરવાનું છે? મૈત્રી કોઈ સસ્તી ચીજ નથી. મૈત્રીને સહેલી બનાવતા પણ નહીં. 'પરહિત ચિંતા મૈત્રી' સતત બીજાના હિતનો વિચાર, બીજાના સુખનો વિચાર અને એક વિચાર એટલો પ્રબળ શક્તિથી ભરેલો છે કે આ વિચાર જો સ્થિર થઈ જાય અને જીવનમાં ઊતરી જાય તો તે પામર આત્માને પણ પરમાત્મા બનાવ્યા વિના રહે જ નહીં. આત્માએ આત્મામાંથી પરમાત્મા બનવું હોય તો એને માટે વચ્ચેનું પગથિયું એ છે કે એણે જીવાત્મા સાથે મૈત્રી બાંધી લેવી જોઈએ. સર્વ જીવોના હિતનો વિચાર જ્યારે હૃદયની અંદર છવાઈ જાય છે ત્યારે પરમાત્મા બનવાનું બીજ અંદર રોપાઈ જાય છે.

મહાવીરના પૂર્વભવની કથા

ભગવાન મહાવીરને મહાવીર બનાવનારું જો કોઈ તત્ત્વ હોય તો આ બીજાના હિતની ભાવના હતી. કોઈપણ મહાપુરુષો જ્યારે મહાનતાના શિખરે પહોંચે છે તે પહેલાં તેમના અનેક જન્મોની સાધના હોય છે. મહાવીર, મહાવીર સ્વામી થયા તેની પહેલાના સત્યાવીસ ભવોથી એની એક અખંડ સાધના ચાલી રહી છે.

જૈન શાસ્ત્રોની અંદર મહાવીરની એ આદિકાળની સાધનાનું જે વર્ણન છે તે અદ્‌ભુત વર્ણન છે કે આગળના સત્યાવીસ ભવમાં જ્યારે એમના જીવનમાં અધ્યાત્મનો પાયો નંખાયો, મહાવીર થવાનું નિશ્ચિત થયું, એ વખતે એક ઘટના બની હતી અને એ ઘટનામાં આ જ વાત જોવા મળે છે કે મહાવીરના હૃદયમાં બીજાના હિતનો વિચાર

એટલો બધો પ્રબળ બની ગયો હતો જેના કારણે તેમણે મહાવીર થવાનું બીજ નાખી દીધું.

એક રાજા હતો પણ નાના નાના ગામડાની વ્યવસ્થા સંભાળવા માટે એ રાજાએ દરેક ગામમાં એક એક ઠાકોર નીમી દીધો હતો. એ બધા ઠાકોરોએ આ રાજાની આજ્ઞામાં રહીને પોતપોતાના ગામની વ્યવસ્થા સંભાળવાની હતી.

પૂર્વના સત્યાવીસમાં ભવમાં મહાવીરનો આત્મા એવા એક પ્રદેશનો ઠાકોર હતો. એક વખત જે રાજા હતો તેને પોતાનો ભવ્ય મહેલ બનાવવો હતો. તેણે વિચાર્યુ કે મારે મહેલની અંદર સારામાં સારું, ઊંચામાં ઊંચી જાતનું લાકડું વાપરવું છે. આ મહાવીરનો આત્મા જે ઠાકોર છે તેનું નામ હતું નયસાર. એ નયસારને રાજા એ બોલાવી હુકમ કર્યો છે કે, ''નયસાર ! મારે રાજમહેલ બનાવવો છે અને એ રાજમહેલ બનાવવા મારે ઊંચી જાતના લાકડાની જરૂર છે. તમે તમારી સીમમાં જાઓ અને ત્યાં જંગલમાં ઊંચી જાતનું લાકડું હોય તે કપાવીને મહેલના માપ પ્રમાણે તૈયાર કરાવો.''

રાજાનો ઓર્ડર થયો છે. નયસાર પોતાના માણસોને લઈને જંગલમાં લાકડાં કાપવા માટે નીકળ્યો. ભયંકર જંગલમાં જઈ સારામાં સારી જાતના લાકડાં કાપવાના હતા. બધી જ સામગ્રી તથા માણસો સાથે નયસાર ગયો હતો. એક બાજુ માણસો લાકડા કાપવાનું કામ કરે છે, બે રસોઈયા પણ સાથે લઈ ગયો છે. છાવણી નખાઈ ગઈ છે. નયસાર બેઠો બેઠો દેખરેખ રાખી રહયો છે.

ભૂખ્યાં કાજે ભોજન બનજો

રસોઇયા રસોઇ તૈયાર કરે છે. મધ્યાહ્નનો સમય થયો. રસોઇ તૈયાર થઇ ગઇ. સેવકો ઠાકોરને બોલાવવા આવ્યાં, ''ઠાકોર સાહેબ! ભોજન તૈયાર છે. ચાલો, જમી લો.'' અને તે વખતે આ પછીના સત્યાવીસ ભવ પછી જે મહાવીર થવાના છે. તે આત્મા જે અત્યારે ઠાકોર બનીને જીવન જીવે છે તે વ્યક્તિને વિચાર આવે છે કે, ''આવા ભયંકર જંગલમાં આ બળબળતા બપોરે એકલા એકલા ખાવાનું? કોઇકને ખવડાવી ને ખાવાનું મળે તો કેવું સારું? આ જંગલની અંદર કદાચ કોઇ અતિથિ, કોઇ મુસાફર, કોઇ ભૂલો પડેલો માણસ કયાંક અટવાયો હોય તેનું બિચારાનું શું થશે? અને એવો જયાં સુધી ન ખાય ત્યાં સુધી મારાથી કેમ ખવાય? મારે પહેલા બીજાના હિતનો વિચાર કરવાનો. બીજાને ખવડાવીને પછી જ મારે ખાવું.'' મહાવીરને મહાવીર બનાવનાર જે કોઇ સાધના થઇ છે તેના મૂળમાં એક બીજ આ નંખાયેલું છે. ''હું બીજાને ખવડાવીને પછી ખાઇશ.''

નયસારને વિચાર આવે છે કે, ''આ જંગલમાં કોઇક હશે, તપાસ કરું એવું જો કોઇક મળી જાય તો એને બોલાવું, એને ખવડાવું પછી જમું એકલા એકલા કેમ ખવાય?' તેથી તેણે પોતાના માણસોને બોલાવી કહયું, ''જાઓ ! જંગલમાં જઇને તપાસ કરો, કોઇપણ અતિથિ, કોઇપણ મુસાફર કયાંય કોઇપણ મળે તો એને બોલાવી લાવો. એને જમાડી પછી આપણે જમીશું.'' માણસો ચારે બાજુ તપાસ કરી પાછા આવ્યા અને કહયું, 'ઠાકોર સાહેબ ! અહીં નિર્જન વનમાં

તો કોઈ જ નથી, "ચાલો, હવે તમે જમી લો." પણ ઠાકોરનું મન હજી માનતું નથી. "અરે ! એકલા એકલા બેસીને ખાવાનું? લાવ મને જ તપાસ કરવા દે." તે પોતે આગળ ગયાં. ચારે બાજુ નજર નાખી પણ કાંઈ દેખાતું નથી. છેવટે લાંબે નજર પહોંચે એ માટે એક ઝાડ પર ચડયાં.

વચ્ચે એક બીજી વાત કરી દઉં, આપણા સંતપુરુષો અને જ્ઞાની પુરુષો એક એક શબ્દને તોળી તોળીને વાપરતા હોય છે. એમણે કહયું, **'પરહિત ચિંતા મૈત્રી'** તેમણે 'ચિંતન' ન કહયું પણ 'ચિંતા' કહયું. ચિંતા અને ચિંતન વચ્ચે બહુ ફર્ક છે. ચિંતન એટલે વિચાર. વિચાર એ જુદી વસ્તુ છે અને ચિંતા એટલે છેડો ન મૂકે તેવો વિચાર. જયાં સુધી એ કામ ન થાય ત્યાં સુધી ચેન ન પડે એ વિચાર તમારો કબજો લઈ લે. ત્યારે તે વિચારને ચિંતા કહેવાય.

તમારા ઘરમાં દીકરી આઠ કે દસ વરસની હોય ત્યારે તમારા મનમાં વિચાર તો આવે કે આ દસ પંદર વર્ષ પછી દીકરીને પરણાવવાનું થશે. થોડી ઘણી પહેલેથી જ આપણે ગણતરી રાખો, તૈયારી રાખો. કોઈક સારો છોકરો મળશે તો દીકરીને પરણાવી દઈશું પણ એ વખતે ચિંતા હોય છે તમને ? નહીં, કેમકે દસ વર્ષની હોય છે હજુ તો ! પણ એમ કરતા કરતા બીજા પંદર વર્ષ નીકળી ગયા અને હવે દીકરી પચીસ વર્ષની થઈ ગઈ છે.

એના એ તમે છો. હવે તમને વિચાર આવે?નહીં, હવે તમને ચિંતા થશે. રાત દિવસ એક જ વિચાર મગજમાં કબજો લઈ લે કે કયારે

કોઈક સારું ઠેકાણું મળે અને દીકરીને પરણાવીએ ! હવે શું થશે? તમને સતત એ વિચાર વ્યાકુળ બનાવી દે છે તમને જયાં સુધી વ્યવસ્થિત ઠેકાણું ન મળે ત્યાં સુધી શાંતિ થતી નથી.

આમ ચિંતા અને ચિંતન વચ્ચે સૂક્ષ્મ ભેદ છે. મહાવીર પ્રભુના આત્મા નયસાર ઠાકોરને વિચાર નહોતો, ચિંતા હતી. જ્ઞાની પુરુષો કહે છે કે મૈત્રી હકારાત્મક હોવી જોઈએ. ચિંતા સ્વરૂપ બની જવી જોઈએ. જયાં સુધી બીજાનું હિત ન કરીએ ત્યાં સુધી આપણને ચેન ન પડે તેનું નામ મૈત્રી. નયસારને સાથેના લોકોએ કહયું કે કોઈપણ માણસ મળતો નથી પણ નયસાર ઠાકોરને ચેન ન પડયું કે, ''એકલા કેમ ખાવું? કોઈકની આંતરડી ઠાર્યા વિના મારે ખાવું નથી.'' જાતે જઈને ઝાડ પર ચડયા. નજર નાખી તો દૂર દૂરથી કોઈક માણસો આવતા દેખાયા, આ જોઈ તે વિચારમાં પડી ગયા. ''ભર બપોરનો સમય છે, મધ્યાહ્‌ન થઈ ચૂકયું છે. વેરાન જંગલ છે. આવા વેરાન જંગલની અંદર અત્યારે ભર બપોરે કોણ માણસો ફરતા હશે? ચોક્કસ આ જંગલમાં કોઈક માણસો ભૂલા પડયા હશે, બિચારા દુઃખી થતાં હશે, હું એને શું સુખ આપી શકું? હું તેમને બોલાવી લાવું, પહેલા તેમને ખવડાવું, પછી હું ખાઈશ.''

બીજાના હિતનો વિચાર એટલી પ્રબળતાએ પહોંચ્યો કે ખાવાનું ભોજન તૈયાર છે, પોતે ઠાકોર છે, કોઈ કમી નથી પણ આખરે તેને મહાવીર થવાનું છે. બીજાના હિતનો વિચાર તેના અંતરમાં વસેલો છે. તેથી પેલા માણસો આવતા હતા. તે દિશામાં સામે જાય છે,

તે વધુ નજીક આવતા તેમના પોશાક પરથી ખ્યાલ આવ્યો કે આ કોઈ સામાન્ય માણસો નથી સંત પુરુષો લાગે છે. કોઈ સંતોનું વૃન્દ આવતું જણાયું. તેમની પાસે પહોંચી ગયો. આદર અને સન્માનની ભાવના તો હતી જ. પગે લાગી કહે, ''સ્વામીજી ! નમસ્કાર અત્યારે આવા જંગલમાં બળબળતા બપોરે તમે અહીં કેમ ફરો છો? અત્યારે આવા જંગલમાં ફરવાનો સમય છે? તમને તાપ નથી લાગતો ? તમને ડર નથી લાગતો? તમને ભૂખ નથી લાગતી ? તમે અત્યારે કેમ ફરો છો?''

પે'લા મહારાજે કહયું, ''ભાઈ, તમારી વાત સાચી છે અમે આ જંગલમાં ભટકી ગયા છીએ, સવારના નીકળ્યા હતાં, સામા ગામમાં જવું હતું, ભોમિયો હતો નહીં, રસ્તો ભૂલી ગયા, ત્રણ કલાકથી આ જંગલમાં રખડયા કરીએ છીએ પણ કયાંય દિશા સૂજતી નથી, માર્ગ મળતો નથી હવે તો અમે પણ થાકી ગયા છીએ.''

ઠાકુર નયસાર કહે, ''કાંઈ વાંધો નહીં મહારાજ ! જે થયું તે થયું, હવે ચિંતા ન કરો, હું બેઠો છું ને, નજીકમાં જ મારો પડાવ છે ત્યાં ચાલો, હું તમને એક રાવટી ખાલી કરી આપું તમે તેમાં વિશ્રામ કરો, ભોજન પણ તૈયાર છે. તમે ભોજન કરી વિશ્રામ કરી લો અને જરાક ઢળતો પહોર થાય એટલે હું તમારી સાથે આવીશ. તમને રસ્તો દેખાડી દઈશ તમે સાંજ થતાં પહેલાં સામા ગામે પહોંચી જશો. કોઈ ચિંતા ન કરશો મહારાજ, હવે તમારી સાથે છું, તમારું દુઃખ તે મારું દુઃખ છે.''

મહારાજની કોઈ ઓળખાણ નથી, કોઈ પરિચય નથી, પણ બીજાના હિતના વિચારની ભાવનાથી તેમને રાવટીમાં લઈ આવ્યા, ભોજન માટે સંતો આસન પર બેઠા, ભીક્ષા લઈ લીધી. ભોજન કરીને સંતોએ આરામ કર્યો, ચાર વાગ્યા અને નયસાર સંત પાસે આવીને કહે છે, ''મહારાજ ! હવે તૈયાર થાઓ, આ જંગલ બહુ ખતરનાક છે, રાતના સમયે અહીં જંગલી વાઘ વરુનો પણ ડર રહે છે, અહીં રહેવું જોખમ ભરેલું છે હવે તૈયાર થાઓ ને ચાલો, હવે હું તમને રસ્તે ચડાવી દઉં તો તમે સમયસર સામા ગામે પહોંચી શકો.''

સાધુઓ તૈયાર થઈ ગયા. નયસાર પોતે તેને રસ્તો બતાવવા જાય છે. ઠાકોર હોવાથી તેમની તૈનાતમાં ઘણાં માણસો હતા. તેમાંથી કોઈપણ માણસને તે એમ કહી શકયો હોત કે, ''જા તો ! જરા મહારાજ ને રસ્તો બતાવી આવ, પણ તેણે એમ ન કર્યું. પરમાત્માની પરમકૃપા હોય તો જ સંતની સેવાનો મોકો મળે. નયસાર જાતે જ ગયા.

જયારે ધોરી માર્ગ આવ્યો ત્યારે મહારાજને કહયું, ''જુઓ મહારાજ ! હવે આ રસ્તે તમે સીધેસીધા ચાલ્યા જજો, તમે સાંજ પડતા સુધીમાં સામા ગામે પહોંચી જશો પણ એક વાત યાદ રાખજો, આગળ જતા બીજી ગમે તેવી આડી–અવળી કેડીઓ નીકળે પણ આ રસ્તો છોડતા નહીં, આઘા–પાછા જતાં નહીં, હવે મને રજા આપો.'' અને વળી પાછા જતાં જતા સૂચન કરે છે કે, ''આડા અવળા જતા નહીં ને કયાંય ભૂલા પડતા નહીં, નહીંતર રખડી જશો.'' એમ વારંવાર કહે છે ત્યારે સંતો કહે છે કે, ''ભાઈ ! તારો ખૂબ ખૂબ આભાર !

તારી ધાર્મિક ભાવનાની અનુમોદના, તેં અમને ખૂબ જ મદદ કરી છે, અમે હમણાં ચોક્કસ પહોંચી જઈશું અમારી ચિંતા ન કરીશ પણ ભાઈ ! અમે તો હવે ભૂલા નહીં પડીએ, તું ભૂલો નહીં પડતો.''

અમે ભૂલા પડયાં, તું પડતો નહીં

આ સાંભળી નયસાર ચમકયો, ''મહારાજ ! હું ભૂલો પડું? હું આ જંગલની એકેએક કેડીનો ભોમિયો, અરધી રાત્રે આવ્યો હોઉં તો પણ કયાંય ચકરાવે ન ચડું એટલો જાણકાર છું. હું અહીં ભૂલો ન પડું મહારાજ ! તમે મારી ફિકર ન કરો. તમ તમારે શાંતિથી પહોંચી જાઓ.'' ત્યારે પેલા સંત તેને કહે છે કે, ''ભાઈ ! એ તો અમે પણ સમજીએ છીએ કે અમારા જેવાં ભટકી ગયેલા, ભૂલા પડેલાને જેણે માર્ગે ચડાવ્યા છે તે ભૂલો ન પડે પણ મારે તને આજે એટલું જ કહેવું છે કે, ''ભાગ્યવાન ! આ જંગલમાં ભૂલા પડી ગયા તો તારા જેવો કોઈક સજ્જન માણસ રસ્તો બતાવનાર મળી જશે પણ બીજું એક એવું જંગલ છે ત્યાં એકવાર જીવ ભૂલો પડી ગયો હોય તો ત્યાં તેને રસ્તો બતાવનાર કોઈ મળતું નથી અને ત્યાં તું ભૂલો નહીં પડતો.

નયસારે જિંદગીમાં કયારેય કોઈ સાધુનો સત્સંગ કર્યો નહોતો તેથી તેને આ ગૂઢ વાણી સમજાઈ નહીં તેથી તે કહે, ''અરે મહારાજ ! તમે આ બધું અટપટુ શું બોલો છો? તમે કયા જંગલની વાત કરો છો?'' સંત તેની યોગ્યતા જાણી ચૂકયા હતા. સંત એને જ કહેવાય કે નજર પડે ત્યાં જ વ્યક્તિનું મૂલ્યાંકન કરી લે, એવી વ્યક્તિને અપનાવી લે એનું નામ સંત. ''શાંતિ પમાડે તેને સંત કહીએ, તેના દાસના દાસ થઈ રહીએ.''

ગુરુજીને કહેજો રૂડાં જ્ઞાન બતાવે !

જીવનમાં જે શાંતિ પમાડે, જે શાંતિનો રાહ ચીંધે તેનું નામ સંત અને એવા સંત મળે તો એમને કયારેય છોડવા નહીં.'' નયસારને જિંદગીમાં પહેલી વાર એક સંત મળ્યા અને એ પૂછે છે કે, 'કયો રસ્તો?' ત્યારે સંતને એમ થયું કે આ જીવને તારવા જેવો છે.

સંત કહે , ''ભાઈ ! તારે જાણવું છે? ચાલ, આપણે આ ઝાડ નીચે બેસીએ. હું તને થોડીક વાત કરું અને ત્યાં આગળ એક ઝાડની નીચે જિંદગીમાં પહેલી વાર સત્સંગ કરવા માટે મહાવીરનો આત્મા (નયસાર) બેઠો અને પેલા સંતો તેને સમજાવે છે કે, ''આ દુનિયાનું જંગલ તો બહુ નાનું જંગલ છે, પણ આ આપણો આત્મા અનંત જન્મોથી જયાં પરિભ્રમણ કરી રહયો છે તે ભવ વન—સંસારનું જંગલ એટલું બધું વિરાટ અને વિકરાળ છે કે આ ચોરાસીના ચક્કરે ચડેલો જીવ અને અહીં ભટકી ગયેલો આત્મા દુઃખી થઈ જાય છે, પરેશાન થઈ જાય છે. એને કોઈ માર્ગ ચીંધનારું મળતું નથી, આ દુન્યવી જંગલમાં તો કોઈક તારા જેવો માર્ગ ચીંધનાર મળી જાય છે પણ આ સંસારમાં અને ચોરાસીના ચક્કરમાં આડા અવળે રસ્તે જો જીવ ચડી જાય તો એને સદ્‌ગુરુનો ભેટો પણ જલદી થતો નથી ! જે સાચો રાહ ચીંધે તેવાં સદ્‌ગુરુ પણ આજે કયાં સહેલાઈથી મળે છે?

સંસારનું સ્વરૂપ શું છે? સંસારમાં જીવ કેવો ભટકી રહયો છે? એની કેવી દુર્દશા થઈ રહી છે. વાસનાઓના સકંજામાં ફસાયેલો જીવ, કુસંસ્કારોના સકંજામાં પીડાતો જીવ, કર્મના બંધનોમાં બંધાયેલો

જીવ આ સંસારમાં ચોરાસીમાં કેવો આથડી રહયો છે એનું એવું વર્ણન સંતે કર્યું કે નયસારની તો દષ્ટિ જ ખૂલી ગઈ. તેને એક નવો જ્ઞાનનો પ્રકાશ મળ્યો અને જૈન ધર્મનો ઈતિહાસ એમ કહે છે કે ભગવાન મહાવીરના એ આત્માને પૂર્વના સત્યાવીસમાં ભવની અંદર સૌથી પહેલીવહેલી એક નવી જ દષ્ટિ મળી. તેને જીવનનું સાચું દર્શન પ્રાપ્ત થયું કે જે સમ્યક્ દર્શન અધ્યાત્મનો પાયો છે.

આપણને જીવનનું સાચું દર્શન થઇ જવું જોઈએ, જૈન ધર્મમાં તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એ સમ્યગ દર્શન પ્રાપ્ત કર્યા પછી ભગવાન મહાવીર થવાનું એને સદ્ભાગ્ય પ્રાપ્ત થઇ શકયું.

એક વખત જીવાત્મા સાથે સંબંધ બાંધી લો પછી પરમાત્મા સાથે સંબંધ બંધાતા વાર નહીં લાગે. જે મનુષ્ય જીવાત્મા સાથે સંબંધ બાંધી લે છે તે પરમાત્મા બન્યા વિના રહેતો નથી. આ વિશ્વના સર્વ જીવો સાથે નિર્વ્યાજ પ્રેમ, સ્નેહના પરિણામ કેળવાઈ જવા જોઈએ. લાગણીહીન થતાં નહીં, શુષ્ક હૃદયના થતાં નહીં, ધર્મક્ષેત્રની અંદર હૃદયની શુષ્કતા, હૃદયની કઠોરતા એ મોટામાં મોટી અયોગ્યતા ગણવામાં આવેલી છે.

તમને ખબર છે ? હૃદય ધબકવાનું બંધ કરી દે તો શું થાય? આજે મારી અને તમારી અંદર રહેલું નાનકડું માંસ પેશી અને નસોથી બનેલું સ્થૂલ હૃદય તો ધબકે છે પણ તેની ભીતર રહેલું ચૈતન્યનું જે આંતર હૃદય છે તે ધબકે છે ખરું?

કરુણા સભર ધબકાર

આપણી જાતને સવાલ પૂછવા જેવો છે. કયાંક આપણે અત્યારે ઓકિસજન પર તો નથી ને? કોઈની વિકટ પરિસ્થિતિ જો આપણા હૃદયને કરુણાર્દ્ર ન બનાવી શકતી હોય, આપણી આંખોને ભીની ન બનાવી શકતી હોય, કોઈકનું દુઃખ આપણને દુઃખી ન કરતું હોય તો આપણે પ્રશ્ન પૂછવો પડે કે, "હું મંદિરોમાં તો જાઊં છું, હું માળાઓ કરું છું, હું પૂજાપાઠ કરું છું, અનુષ્ઠાનો કરું છું. બધું જ કરું છું પણ મારું હૃદય ધબકી રહયું છે કે હાર્ટફેઈલ થઈ ગયું છે?"

આધ્યાત્મિક ક્ષેત્રે આપણું હૃદય કયાંક ધબકતું બંધ ન થઈ જાય એ માટે સતત સર્વ જીવો સાથે સ્નેહનું પરિણામ કેળવી લઈએ. જયાં સ્નેહનો પરિણામ કેળવાઈ ગયો ત્યાં ધબકાર ચાલુ થઈ ગયો સમજજો.

માને તેના બાળક પ્રત્યે પ્રેમ છે, સ્નેહ છે, વાત્સલ્ય છે. એ બાળકની સાથે માનું હૃદય સતત ધબકતું રહે છે કે નહીં? મા રસોડામાં કામ કરતી હોય અને ઘોડિયામાં બાળક જરાક ઉંહકારો કરે કે માનો જીવ સીધો બાળક પાસે જાય છે કારણકે ત્યાં તેનો તંતુ બાળક સાથે જોડાયેલો છે.

મા રાતના સુતી હોય પણ પાસે એક વર્ષ કે બે વર્ષના બાબલાને સુવડાવ્યો હોય તો રાતના પણ માને શાંતિ ન હોય, એને પેશાબ કરાવવાનો છે, એને પેટ ભરાવવાનું છે એમ બાળકનો સતત વિચાર, સતત બાળકની ચિંતા, સતત એના હિતની ભાવના એના હૃદયને સતત ધબકતું રાખે છે. સમગ્ર જીવ સૃષ્ટિ પ્રત્યેના આપણાં હૃદયના

ધબકાર આ રીતે જો ધબકવા માંડે તો જ આપણે કહી શકીએ કે આધ્યાત્મિક ક્ષેત્રે અમે કોઈ ચોક્કસ પગરણ માંડી ચૂકયા છીએ.

ભેદભાવની ભીંતોને ભાંગો

જીવાત્માઓ સાથે મૈત્રી બાંધવાની છે તે મૈત્રીને સસ્તી નહીં બનાવતા, મૈત્રીને છીછરી નહીં બનાવતા. આધ્યાત્મિક ક્ષેત્રે મૈત્રી એક અદ્‌ભુત તત્ત્વ છે. જયાં દેશના, પ્રાંતના, રાજયના, ભાષાના, સંપ્રદાયના કોઈ વાડાઓ નડતા નથી. જયાં પણ ચૈતન્ય છે ત્યાં મારો સંબંધ છે બસ આજ એક વાત. તે મારા સંપ્રદાયનો છે, તે મારી જ્ઞાતિનો છે. એ ગુજરાતી ભાષી છે. આ બધા ભેદો આપણે ઊભા કરેલા ભેદો છે. ભગવાન મહાવીરે બહુ સુંદર એક વાકય આપ્યું છે તેમણે કહયું કે **'એગા મણુસ્સ જાઈ'** આખી મનુષ્ય જાતિ એક જ છે તેને જુદા જુદા વિભાગોમાં વહેંચવાની ભૂલ કરતા નહીં. એથી આગળ ફકત મનુષ્ય જાતિ જ નહીં મહાવીર સ્વામીએ તો એમ કહયું કે, 'સમગ્ર ચૈતન્યથી ધબકતી જીવ સૃષ્ટિ છે તે બધી જ તારા જેવા ચૈતન્યથી ધબકી રહી છે. એનામાં તારા જેવી જ ચેતના પડેલી છે માટે હે જીવ ! તું કોઈપણ જીવની સાથે વ્યવહાર કરે ત્યારે તું એ વિચાર કરજે કે હું જે રીતનો વ્યવહાર કરું છું તેવો વ્યવહાર જો કોઈ બીજા મારી સાથે કરે તો મને કેવું લાગે? આ જાગૃતિ સાથે વ્યવહાર કરજો.

મૈત્રીને સ્વાર્થથી ખરડી નાખવાની ભૂલ આપણે ન કરીએ. મૈત્રીને આપણે ગણતરીની અંદર પૂરી ન દઈએ. મૈત્રીને લેતી–દેતીનો વ્યવહાર ન બનાવી દઈએ.

આપણે આજે આપણા સંબંધો આપણાં અરસપરસના વ્યવહારો એ બધા લેતી દેતીની ભાવનાથી ખરડાઇ ચૂકયાં છે. એ પરિસ્થિતિ પર કટાક્ષ કરતા એક કવિને તો કહેવું પડયું કે,

'મતલબ વિનાની લાગણી મળતી નથી અહીં,
દિલમાં એ માનવીના અહીં તો દિમાગ છે.'

પ્રેમ અને સંબંધો એ તો હૃદયનું કેન્દ્ર છે, હૃદયની વસ્તુ છે પણ હૃદયની વસ્તુ પર હવે મગજે કબજો લઇ લીધો છે. ગણતરી કરવી, લેતી દેતીનો હિસાબ માંડવો એ મગજનું કામ છે.

''હું આટલું કરું છું તો મને શું મળશે?' આજ સુધી મેં તેના માટે આટલું કર્યુ છે પણ તેણે કંઇ કર્યુ છે?શા માટે આપણે એના ખાતર હેરાન થઈએ?'' આ બધું ગણતરી કરવાનું કામ કોનું છે? મગજનું છે. મગજ ગણતરી કરવાનું કામ કરે છે અને હૃદય સમર્પણ કરવાનું શીખવે છે. સમર્પણના પાયા પર ઊભા થયેલા સંબંધોમાં જો ગણતરીઓ કબજો લઈ લેશે તો પછી કવિઓનેકહેવું જ પડશે કે...

'દિલમાંય માનવીના અહીં તો દિમાગ છે.'

હૃદયમાં પણ હવે તો મગજ ઘુસી ગયું છે અને આજે આપણી આવી સ્થિતિ થઈ ચૂકી છે ત્યારે આ વિશ્વ મૈત્રીની વાત આપણને અદ્ભુત પ્રેરણા આપે છે કે દરેક જીવાત્માની સાથે તારો ધબકાર તું જોડી દેજે. સૌના હિતનો વિચાર સતત કરતો રહેજે.

મહાવીરને મહાવીર બનાવનાર તત્ત્વ આ જ હતું. બીજાને ખવરાવીને ખાઉં. એકલા–એકલા કેમ ખવાય? આ વિચાર ન આવ્યો

હોત તો મહાવીર જંગલમાં ભૂખ્યાને શોધવા ગયા હોત? શોધવા ન ગયા હોત તો તેને સંત મળ્યા હોત? સંત ન મળ્યા હોત તો તેમને જીવનની દષ્ટિ પ્રાપ્ત થઈ હોત? દષ્ટિ પ્રાપ્ત ન થઈ હોત તો સાધનાના માર્ગે આત્મા આવ્યો હોત? એની સમગ્ર વિકાસયાત્રાના મૂળમાં કયું તત્ત્વ છે? બીજાને ખવડાવીને ખાવું. આ જીવમૈત્રીની ભાવના જ ને !

ચાલો ને ! સાથે જમીએ !

તમે જમવા બેસો ત્યારે વિચાર તો આવે જ ને? તમે ઓફિસેથી ઘરે એક–બે વાગ્યે જમવા જાઓ ત્યારે પહેલા ઘરમાં દાખલ થતાંની સાથે તમારા ધર્મ પત્નીને પૂછો ને કે, "આજે આપણે ત્યાં કોઈ અતિથિ આવ્યો હતો? કોઈ સાધુ સંત પધાર્યા હતા? કોઈ ગરીબ આવ્યો હતો? કોઈકના પેટમાં આપણું અનાજ ગયું છે? તો પછી હું ખાવા બેસું?" આપણને કમસે કમ એટલું તો થવું જોઈએ ને !

આપણને આવો અદ્‌ભુત મનુષ્ય તરીકેનો જન્મ મળ્યો, ધાર્મિક પરિવારમાં જન્મ મળ્યો, સંસ્કારી માતા–પિતા મળ્યા અને એથી આગળ વધીને ધર્મસ્થાનો મળ્યા. સદ્‌ગુરુના સહયોગો મળ્યા, પરમાત્માના તીર્થો મળ્યા, શાસ્ત્રોના સત્સંગ મળ્યા અને પછી તો હું એટલી અપેક્ષા રાખું જ ને કે પ્રવચન સાંભળવા આવનારા દરેક વ્યક્તિના હૃદયમાં સર્વજીવો પ્રત્યે પ્રેમના પૂર ઉમટતા હોય તો જ એ વ્યાખ્યાન સાંભળવા આવ્યા સાર્થક. જીવોના પ્રત્યે એમના હૃદયમાં પૂર ઉમટે કે હું કોઈકને સુખી કરું. હું કોઈકને કંઈક આપું અને એટલા માટે તમે જમતા પહેલા આટલી તપાસ તો ચોક્કસ કરો જ કે જો

આજે આપણા ઘરેથી કોઈના પેટમાં આપણું ભોજન ન ગયું હોય તો તે ભોજન ગોજારું કહેવાય.

આજે આપણી સ્થિતિ શું છે ? કોઈકને ખવડાવીને ખાવાનો સારો વિચાર કે કોઈકનું ખાઈ જવાનો વિચાર? આપણી સંસ્કૃતિમાં ગળથૂથીમાં બાળકને એવા સંસ્કાર આપવામાં આવતા કે, ''બેટા ! એકલપેટો નહીં થતો. કોઈકને ખવરાવીને ખાજે. આ આપણે ત્યાં સંસ્કારો હતા. માણસ કોઈ દિવસ એકલ પેટો થવાનું વિચારી જ નહોતો શકતો પરંતુ આપણી કમનસીબી એ છે કે એ સંસ્કારો ભૂંસાવા માંડયા, ભૂલાવા માંડયા અને આજે આપણે કોઈક નવી જ ગરબડમાં પડી ગયા છીએ, પણ આપણી એ ભૂતકાળની ગરિમાને યાદ કરી ને કે વર્તમાનની વિષમતાને યાદ કરી કોઈક સંતનું હૃદય, કોઈક કવિનું હૃદય દ્રવી ઊઠયા વિના રહે નહીં અને એ ભૂમિકાને જોઈ એક કવિનું હૃદય દ્રવ્યું અને તેમણે એક જબરદસ્ત કટાક્ષ કરી નાખ્યો ! કવિ વિચારે છે :

કેવો અમારો ભૂતકાળ હતો ! શું અમારી ગરિમા હતી ! કે જે વખતે નાનામાં નાનો, અભણમાં અભણ માણસ પણ એ સંસ્કારો સાથે જીવતો હતો કે એકલપેટા ન થવાય. કવિ પોતાના ભૂતકાળને યાદ કરે છે અને વર્તમાન મનઃ સ્થિતિ માટે દુઃખ વ્યકત કરે છે :

'કયા દિન થે કોઈ આયે તો ખાયે !
કયા દિન હૈ યે જાયે તો ખાયે !'

આટલી હદે આપણે પહોંચી ગયા કે જમવાના સમયે કોઈક ટપકી પડે તો આપણને એમ થાય કે અત્યારે જ આ ટપકી પડયો?

હવે શું કરીએ? આવ્યો એટલે સહજતાનો દેખાવ તો કરવો જ પડે. બોલાય તો નહીં પણ પછી એમ થાય કે આ જલદી જાય તો પછી જ જમવા બેસીએ કારણકે હમણા જમવા બેસીશું તો વ્યવહાર ખાતર પણ કહેવું પડશે કે, ''ચાલો ને ભાઇ ! બેસોને જમવા !'' તો તકલીફ થશે એના કરતા આ જાય પછી જમીશું.

'ક્યા દિન થે કોઈ આયે તો ખાયે !
ક્યા દિન હૈ યે જાયે તો ખાયે !'

મહાવીરને મહાવીર બનાવનાર તત્ત્વ આ હતું કે, ''કોઈકને ખવડાવીને ખાઉં'' અને આજે આપણી કમનસીબી એ થઇ ગઇ છે કે કોઈકને ખવડાવીને ખાવાના બદલે 'બધાનું હું ખાઇ જાઉં મારું કોઇ ન ખાય.' એ ભાવનામાં આજે આપણે ખૂપી ગયા છીએ. પરિસ્થિતિ બહુ વિષમતા ભરેલી છે.

જ્ઞાની પુરુષો કહે છે કે ધર્મનો પહેલો પાયો આ છે કે ચૈતન્યની આરાધના કરી લે. સ્વાત્માને ઓળખી લે, એ જ તારો ચૈતન્યનો અંશ દરેક આત્મામાં પડેલો છે. એ જીવાત્માઓ સાથે મૈત્રી બાંધી લે. બીજાના સુખનો વિચાર તને નથી આવતો તો તું કેવી રીતે જીવનને સફળ બનાવી શકીશ? હા, કદાચ આપણે દુનિયામાં બધાને સુખી ન કરી શકીએ એ બને પણ બધાને સુખી કરવાનો વિચાર જ ન હોય તો એ ન જ ચાલે. ભાવ તો આપણો એ જ હોવો જોઇએ કે, ''ક્યારે મને શક્તિ મળે અને હું બધાના દુઃખ દૂર કરી દઉં. બધાને સુખી કરું. બધાના હિતનું કેન્દ્ર બનું. હું શું કરું જેથી સૌને શાંતિ મળે આવો ભાવ તો હોવો જ જોઇએ.''

કવિ મરીઝની ઉદાત્ત ભાવના

મુંબઈમાં એક પ્રસિદ્ધ શાયર થઈ ગયા. મરીઝ તેનું નામ હતું. બહુ ગરીબીમાં જીવ્યા એ. ધારાવીની ઝૂંપડપટ્ટીમાં એની આખી જિંદગી પસાર થઈ કોઈક દિવસ એ માણસને ખાવાના પણ વાંધા હતા પણ તે એક મસ્ત કવિ હતા.અલગારી કવિ હતા અને એના હૃદયની ભાવનાઓ કેટલી ઉન્નત હતી ! એ મુસલમાન હતા પણ એ નવરા બેસતા ત્યારે એમના મનમાં વિચારો આ જ ચાલતા અને એ ભાવો એ વિચારો કયારેક કયારેક છલકાઈ ગયા છે કવિતા રૂપે...!

એણે ખુદાને બંદગી કરી છે કે, ''આજે ભલે મારી પાસે કંઈ નથી પણ કયારેક એવો દિવસ આવે કે જયારે મને સુખ મળે અને હું જયાં પણ હોઉં, જયાં પણ મને સુખ મળે ત્યારે એ સુખમાં હું પાગલ ન થાઉં, એ સુખમાં હું આસક્ત ન થાઉં, પણ એ સુખમાં હું બધાને સુખી કરવાનો વિચાર કરું. એ સુખની હું લહાણી કરું એવો સુખનો દિવસ મને કયારે આવશે? એ ભાવ મરીઝની ગઝલમાં છલકાઈ ઉઠયો છે આ શબ્દોમાં:

'બસ એટલી સમજ મને પરવર દિગાર દે !
સુખ જયારે જયાં મળે ત્યાં સહુનો વિચાર દે'

બધાના સુખનો વિચાર ખુદા મને આપજે. સુખ ભલે આપે પણ તે સુખમાં પાગલપણું નહીં આપતો. જયાં પણ મને સુખ મળે, જયારે પણ મને સુખ મળે તેની સાથે સૌના સુખનો વિચાર પણ મને મળે એવી પરવરદિગાર તું મારા પર કૃપા કરજે.

'બસ એટલી સમજ મને પરવરદિગાર દે
સુખ જયારે જયાં મળે ત્યાં સહુનો વિચાર દે'

શા માટે? કારણ પોતે જ કહી દે છે. 'દુનિયામાં કેટલાનો કરજદાર છું મરીઝ !' ખબર નથી આ દુનિયામાં હું કેટકેટલા લોકોના કેટકેટલા ઉપકારોથી દબાયેલો છું. નામી–અનામી, જાણીતા–અજાણ્યા કેટકેટલા ઉપકારો વિશ્વના અનેક જીવોના આપણી પર થયેલા છે. આપણને પણ ખબર નથી. આજે આપણું જે કંઇ અસ્તિત્વ છે અને વ્યક્તિત્વ છે તે આપણા થકી નથી, અનેક વ્યક્તિના અનેક ઉપકારો આપણી પર થયેલાં છે. એના કારણે જ આજે આપણે આ સ્થિતિ પર પહોંચી શકયા છીએ. નહીં તો શું તાકાત હતી કે આપણે આ સ્થિતિએ પહોંચી શકીએ? મરીઝ આગળ કહે છે કે હું બધાના સુખનો વિચાર માગુ છું એનું કારણ એક જ છે કે :

'દુનિયામાં કેટલાનો કરજદાર છું મરીઝ !
ચૂકવું બધાનું દેણ જો અલ્લાહ ઉધાર દે'

ઉપરવાળો ઉધાર દીધા જ કરે અને હું વહેંચ્યા જ કરું તો કદાચ કંઈક ઋણમાંથી મુક્ત થઇ શકું ! એટલું બધું ઋણ આ દુનિયાનું મારા પર ચડેલું છે અને છતાં જો મારા સુખમાં હું પાગલ બની જાઉં અને એ સુખ મારું જ છે અને હું જ ભોગવું એવી ભાવનામાં રાચવા માંડું તો મારા જેવો હીન બીજો કોઇ નહીં.

જીવાત્માની મૈત્રી બાંધીએ. ચૈતન્યની આરાધનાનો આ બીજો તબકકો છે. વિશ્વના સૌ જીવો સાથે મૈત્રીને સિધ્ધ કરવી પડશે અને એ

માટે આ ભાવનાને કેળવવી પડશે કે મારે સૌનું હિત કરવું છે, સૌનું કલ્યાણ કરવું છે, સૌની શાંતિમાં નિમિત્ત બનવું છે. મારે બસ જે કંઇ સુખ મળે તે સુખને વહેંચવું છે. હું સ્વાર્થી નહીં બનું, હું અહંકારી નહીં બનું, હું બીજાને દુઃખ દેનારો નહીં બનું. નેગેટિવ નહીં પણ પોઝીટીવ મૈત્રી. 'મારે કોઈની સાથે વેર નથી એમ નહીં પણ મને સૌની પ્રત્યે પ્રેમ છે એ વાત મારે સિદ્ધ કરવી છે એ માટે જ હવે જીવવું છે.'

મૈત્રી એવી કરવી જોઇએ જેમાં માત્ર સમર્પણ હોય. લેવાનું ન હોય, દેવાનું હોય. કોઈને આપણા માટે ઘસી નાખવાના ન હોય. કોઈના માટે આપણે ઘસાઇ જવાનું હોય, એવી મૈત્રી આપણને જોઇએ છે. મૈત્રી કોના જેવી કરવી જોઇએ? આપણા જ્ઞાની પુરુષો અને તત્ત્વ ચિંતકોએ કેટલાક અદ્ભુત રૂપકો આપ્યા છે.એમાંથી એક મજાનું રૂપક છે. એક દૃષ્ટાંત આપવામાં આવ્યું છે કે મૈત્રી કેવી હોવી જોઇએ? મૈત્રી દૂધ અને પાણી જેવી હોવી જોઇએ. દૂધ અને પાણી જેવી એટલે? આવો આપણે એને સમજીએ.

મૈત્રી દૂધ અને પાણી જેવી !

એક મજાની વાત છે. એકવાર પાણીને વિચાર આવ્યો કે એકલા–એકલા જિંદગીમાં રહેવું સલામતી ભર્યું નથી. કોઈક આપણો મિત્ર હોવો જોઇએ કારણકે જયારે કોઇ આપણી પડખે ઊભું ન રહે ત્યારે મિત્ર પડખે ઊભો રહે. એટલે એક સારો મિત્ર હોવો જોઇએ. એણે વિચાર કર્યો એવાને મિત્ર બનાવું જે મારી સાથે ભળી શકે. એણે દૂધ ઉપર પસંદગી ઉતારી અને પાણી દોડતું દોડતું દૂધ પાસે ગયું અને

તેણે જઈને મૈત્રીનો હાથ લંબાવ્યો ! તેણે કહ્યું, ''હું મિત્રતાનો હાથ લંબાવવા આવ્યો છું, મારે તારી સાથે મૈત્રી બાંધવી છે. ચાલ, આપણે એકબીજાના મિત્ર બનીએ.''

પાણી એ દરખાસ્ત મૂકી અને દૂધે એ ઓફરને સ્વીકારી. દૂધ કહે, ''ઓલ રાઈટ, વેલકમ આવો, આપણે એકબીજાના મિત્ર બનીએ.'' દૂધે પાણીને અપનાવવાનો નિર્ણય કર્યો. મૈત્રીમાં હમેશા અપનાવવાનું જ હોય, ઘસાવાનું જ હોય, સમર્પણ જ હોય. બીજી વાત જ ન હોય. એટલે દૂધે પાણીને અપનાવી લીધું એને પોતાની સાથે એવું ભેળવી લીધું કે પાણી દેખાય જ નહીં, ત્યાં સુધી કે દૂધે પોતાનો રંગ પણ પાણીને આપ્યો અને પોતાનો સ્વાદ પણ પાણીને આપ્યો.

દૂધમાં પાણી ભળે તો શું થાય? પાણી સફેદ થાય કે નહીં? દૂધે પોતાનો રંગ અને સ્વાદ બંને પાણીને આપી દીધાં. દૂધે આ એવું એક અદ્ભુત સમર્પણ કર્યુ ! પહેલવહેલાં તબક્કે નવેનવો સંબંધ અને એનું એટલું સમર્પણ કે તેણે પોતાની અંદર સમાવી લીધું પાણી ને ! પાણી તો પુલકિત થઈ ગયું, તેને થયું કે આવા મિત્રની કદર હું કઈ રીતે કરી શકું? તેણે મારે માટે આટલું બધું કર્યુ ! મારે પણ એને માટે કંઈક કરવું જોઈએ. પાણીએ તકની રાહ જુએ છે કે હું કયારે દૂધના ઉપકારનો બદલો વાળું? અને સમય આવી ગયો.

દૂધ અને પાણી તપેલામાં ભેગા થયા હતા અને એ તપેલાને ચુલે ચડવાનું આવ્યું અને ત્યારે પાણીએ નક્કી કર્યું કે હું પહેલા બળીશ

પણ તને બળવા નહીં દઉં? દૂધ અને પાણીનું મિશ્રણ કરેલું તપેલું ચુલે ચડાવો તો પહેલા શું બળે? પાણીએ એ કદરદાની બતાવી કે હું પહેલા બળીશ પણ તને બળવા નહીં દઉં અને ચુલા ઉપર તપેલામાં દૂધ ઉકળી રહયું છે. તેમાં રહેલું પાણી બળી રહયું છે.

એ પાણીને બળતું જોયું, પોતાનો નવો નવો જેને મિત્ર બનાવ્યો છે તે મિત્રને બળતો દૂધ સહન કરી શકે? દૂધથી આ મિત્રનું દુઃખ જોયું નથી જતું કે હું બેઠો છું અને આ બળી રહયું છે અને એ રીતે જીવવા કરતા તો આગમાં બળી મરવું સારું ! એટલે દૂધ ઉભરાઈને અગ્નિમાં આત્મસમર્પણ કરવા તૈયાર થયું. એ જયાં આગમાં બળવા તૈયાર થયું ત્યાં વળી પાછો પાણીને વિચાર આવ્યો કે, ‘‘અરે ! મારો મિત્ર મારી ખાતર કૂદી પડે છે ના...ના...! હું એને ભેટી પડું, એને બચાવી લઉં !’’ એટલે તરત આ મારી માતાઓએ પાણીનો ભેટો એને કરાવ્યો એટલે પાણીનો છંટકાવ કર્યો. ઉકળતા દૂધને પાણીનું મિલન થયું એટલે દૂધ પાછું શાંત થઈ ગયું. મિત્ર મળ્યો એટલે દૂધ શાંત થઈ ગયું.

દૂધ કોઈવાર ગરમ કર્યુ છે? જો ચિંતન હોય તો રસોડું પણ તમારી પાસે બહુ મોટી વિદ્યાપીઠ બની જાય તેમ છે અને જો ચિંતન ન કરવું હોય, ખાલી મોજમજા જ કરવી હોય તો ગમે તેટલા વ્યાખ્યાનો સાંભળ્યા કરો તો પણ કોઈ દિવસ આપણું ઠેકાણું પડવાનું નથી. જાગવું હશે તો રસોઈની એકાદી ક્રિયા પણ આપણા માટે તત્ત્વજ્ઞાનનો ખજાનો બની શકે છે !

મૈત્રી કેવી હોવી જોઈએ? શાસ્ત્રકારોએ દષ્ટાંત આપ્યું કે મૈત્રી દૂધ અને પાણી જેવી કરજો. પોતાનામાં સમાવી લેજો, એના દુઃખે દુઃખી થજો. તમે પોતે બળજો પણ તેને બળવા નહીં દેતા અને ગમે તેવી પરિસ્થિતિમાં પણ મિત્રનો ભેટો થાય ત્યારે પ્રસન્ન થઈને ઠરી જજો એનું નામ મૈત્રી.

પાણીને વળી પાછો એક દહાડો વિચાર આવ્યો કે એક તો દૂધ જેવો બહુ સારો મિત્ર મળી ગયો પણ એક કરતાં બે ભલા. એકાદો બીજો મિત્ર પણ શોધી રાખવો જોઈએ. એટલે એણે વિચાર કર્યો કે બીજો મિત્ર કયાં શોધું? વિચાર કરતાં કરતાં તે તેલ પાસે ગયું અને તેલ પાસે જઈ તેણે મૈત્રીનો હાથ લંબાવ્યો કે આપણે એકબીજાના મિત્ર બનીએ. તેલે તેને અપનાવ્યું તો ખરું પણ તેને થયું કે પાણી મારા હાથ નીચે મારા તાબામાં રહેવું જોઈએ. મારાથી દબાયેલું રહેવું જોઈએ, હું એને મારામાં ભેળવું તો મારાં સમોવડિયો ન થવો જોઈએ.મારાથી દબાયેલો રહેવો જોઈએ. એટલે પાણી ગયું પણ તેલે તેને દૂધની જેમ એકરસ બનાવ્યું નહીં, તેને નીચે દબાવી દીધું અને પોતે ઉપર ચડી બેઠું.

મૈત્રીના મૃગજળ

તમે મંદિરોમાં દીવા જોયા છે? નીચે પાણી ભરેલું હોય એ દૂધ અને પાણીની જેમ મિકસ થાય કે જુદા જ રહે? નીચે પાણી રહે અને ઉપર તેલ રહે એટલે પાણી સમજી તો ગયું કે આ મિત્ર તો કંઈક જુદી જ જાતનો છે પે'લાએ તો મને એકરસ કરી અપનાવ્યો, રૂપ, રંગ આપ્યા, સ્વાદ આપ્યો, તેણે મારી ખાતર બધું કર્યું અને આ તો

મને દબાવવા માગે છે. તો, આવા મતલબી મિત્ર ખાતર આપણે મરવાની શી જરૂર? એટલે જ તેલને જયારે બળવાનું આવ્યું ત્યારે પાણીએ તેલને કહયું કે, ''તું તારે બળ્યા કર, હું નીચે બેઠું છું.'' પહેલા દીવામાં શું બળે? પાણી કહે, ''હું શું કામ બળું? તું મને અપનાવતો નથી. તું એકરસ થતો નથી, તે તારી મૈત્રીને ઠગારી બનાવી છે તો હું પણ હવે જેવા સાથે તેવા... તું બળ હું નહીં બળું.'' તેલને બળવા દીધું પણ પાણી ન બળ્યું.

આપણા તત્ત્વ ચિંતકોએ આવા દાખલા આપીને આપણને સમજાવ્યું છે કે વિશ્વ મૈત્રીની જયારે પણ તમારી સામે વાત આવે ત્યારે મૈત્રી દૂધ અને પાણી જેવી કરજો પણ તેલ અને પાણી જેવી નહીં કરતા.

મૈત્રી એટલે શું? મૈત્રી અદ્ભુત તત્ત્વ છે. હૃદયની અંદર સ્નેહનો પરિણામ જાગ્રત કરી દેજો. જયાં પણ ચૈતન્ય દેખાય તેવા કોઈપણ જીવાત્મા પ્રત્યે આપણું હૃદય ધબકવા માંડે, તેની સુખ–દુઃખની લાગણી સાથે આપણે જોડાઈ જઈએ, આપણું સુખ એનું સુખ બની જાય. એનું દુઃખ આપણું દુઃખ બની જાય ત્યારે એમ કહેવાય કે આપણે મૈત્રી બાંધી છે અને આપણે ચૈતન્યની આરાધના કરી રહયાં છીએ.

બાકી, મૈત્રી વાતોથી નહીં આવે, એની શરૂઆત ઘરથી કરજો. વિશ્વ મૈત્રી પછી, ગામની મૈત્રી પછી, સમાજની મૈત્રી પછી પણ પહેલાં પરિવાર મૈત્રીથી આપણે શરૂઆત કરીએ. એક પ્રયોગ કરો કે ઘરમાં દરેકે એટલો નિર્ણય કરવો કે, ''અમારે ઘરમાં એકબીજાને

ઉપયોગી થવું છે. બીજાના હિતનો વિચાર હું કરીશ. મારા હિતનો, મારા સ્વાર્થનો કે મારા અહંકારનો વિચાર હું નહીં કરું.'' જેઠાણી એવું વિચારે કે, 'દેરાણીને કેમ સુખ મળે?' દેરાણી એમ વિચારે કે, ''મારે ભલે વધારે કામ કરવું પડે પણ જેઠાણીને શાતા વળે એમ વર્તીશ.''

મારે તો બીજાના સુખનો વિચાર કરવો છે. બીજાને શેમાં આનંદ મળે છે? બીજાને શેમાં સુખ મળે છે? બીજાને શેમાં શાંતિ મળે છે? એવો સ્વભાવ રાખીશ. હું બીજાના સુખ માટે જીવીશ. પતિ–પત્નીના સુખનો વિચાર કરે, પત્ની–પતિના સુખનો વિચાર કરે સાસુ–વહુના સુખનો વિચાર કરે, વહુ –સાસુના હિત અને સુખનો વિચાર કરે. આમ બધા એકબીજાના હિતનો વિચાર કરે તો પરિવાર મૈત્રી સિધ્ધ થઈ કહેવાય. એક મહિનાનો પ્રયોગ કરવો છે? કે ઘરમાં કમસે કમ અહંની અથડામણો ન કરવી, ઘરમાં સ્વાર્થની રમતો ન રમવી ત્યાં તો બીજા માટે જ ઘસાઈ છુટવું, બીજા માટે જ ભોગ આપવો અને એ રીતે મૈત્રીની આરાધના કરી મારે અધ્યાત્મના ક્ષેત્રમાં પ્રવેશ કરવો છે. જીવનમાં જો કોઈ પ્રયોગ નહીં કરીએ તો આ બધી વસ્તુઓનો વિયોગ થઈ જશે. આજે અદ્દ્ભુત તત્ત્વજ્ઞાનની વાતો સાંભળવાનો તમને અવસર મળ્યો છે તો પ્રયોગ કરો.

બીજાના હિતનો જ મારે વિચાર કરવો છે. વિચાર નહીં, ચિંતા. **'પરહિત ચિંતા મૈત્રી'** સતત ચિંતા રહે છે કે, 'હું શું કરું? શું કરું?' દરેક વ્યક્તિના સુખ માટે હું શું કરું તે વિચાર ચિંતા બની જાય અને કદાચ બધાને આપણે સુખ ન આપીએ તો કાંઈ નહીં કમ સે કમ

કોઈને દુઃખ ન આપવું. બીજાનું હિત ન કરી શકો તો કાંઈ નહીં. કોઈનું અહિત તો ન જ કરવું. બીજાને ટાઢક ન પહોંચાડી શકો તો કાંઈ નહીં, કોઈને બળતરા તો ન જ આપવી. આટલું પણ કરી શકીએ તો પણ આપણું પહેલું પગથિયું સાર્થક થશે.

ચૈતન્યને આરાધીએ એનો આજનો બીજો તબક્કો જીવાત્મા સાથે મૈત્રી સાધીએ તે મૈત્રી પરહિત ચિંતા રૂપ મૈત્રી હોવી જોઈએ, સ્નેહ પરિણામ રૂપ મૈત્રી હોવી જોઈએ.

બીજાના હિતને, બીજાના સુખને, બીજાની શાંતિને આપણે જો કદાચ વધારી ન શકીએ તો કાંઈ નહીં તેને દુઃખી કરવાની, અહિત કરવાની કોઈ પ્રવૃત્તિ મારાથી ન થાય એટલો સંકલ્પ આપણે જરૂર કરીએ એ માટેની પ્રેરણા એક કવિ આપે છે. બહુ સરસ મજાના શબ્દોની અંદર એણે એટલું જ કહયું છે કે :

લગા સકો તો બાગ લગાના
આગ લગાના મત સીખો
જલા સકો તો દીપ જલાના,
દિલ જલાના મત સીખો
બીછા સકો તો ફૂલ બિછાના
શુલ બિછાના મત સીખો
પીલા સકો તો દૂધ પીલાના
ઝહર પીલાના મત સીખો

જીવનની સફળતા આ ચાર પંક્તિઓમાં સમાઈ જાય છે. જીવાત્માની મૈત્રીનું આ પહેલું પગથિયું છે. ચૈતન્યની આરાધનામાં જેમણે આગળ વધવું છે એમણે ક્રમશઃ આ ચિંતન કરવું જ પડશે.

ચાલો, આપણે વિશ્વ ચૈતન્ય સાથે આપણા ચૈતન્યને જોડી દઈએ. દુનિયાની અંદર આ ચૈતન્યનો સિંધુ લહેરાઈ રહયો છે. તે ચૈતન્યના સિંધુની અંદર આપણા અસ્તિત્વના બિંદુને વિલીન કરી દઈએ અને પરમાત્માની દિવ્ય ચેતના સાથે આપણી ચેતનાને જોડી દેવાની ભૂમિકા આપણે પ્રાપ્ત કરીએ એ જ શુભેચ્છા...

બોધિને વિવેકનો મુજ દીપ જલતો રાખજે,
મૃત્યુમાં દેજે સમાધિ, આત્મમસ્તી આપજે ;
તુજ હૃદયમાં સ્થાન પામું એ જ છે અભ્યર્થના,
વિશ્વ વત્સલ હે વિભુ ! બસ એટલી છે પ્રાર્થના.

- કવિ ' આનંદ '

પરમાત્માના શરણે જઈએ

સમગ્ર વિશ્વમાં જીવતો પ્રત્યેક જીવાત્મા એક જ ઈચ્છા લઈને જીવન જીવી રહયો છે કે તે જે કંઈ પ્રવૃત્તિ કરે છે, જે કંઈ મનોમંથન કરે છે તે બધાની પાછળ તેનો એક જ ભાવ છૂપાયેલો હોય છે કે કોઈપણ રીતે મને વધુ ને વધુ સુખ મળે તો સારું, શાંતિ મળે તો સારું, આનંદ મળે તો સારું, જીવનમાં મને સૌનો પ્રેમ મળે તો સારું. સુખ, શાંતિ અને આનંદની શોધમાં અનંત જન્મોથી રખડતો તમારો, મારો અને આપણાં સૌનો જીવાત્મા આ ઝંખનાને પૂર્ણ કરવા સતત મથી રહયો છે.

પણ અફસોસ, યુગોના યુગો વીતી ગયાં, જિંદગીઓની જિંદગી પસાર થઈ ગઈ આજ દિવસ સુધી આપણી એ ઝંખના પૂર્ણ થઈ શકી નથી. કેમ? આપણા જ્ઞાનીપુરુષોએ એ વિષે ઊંડું ચિંતન કર્યું અને એમણે આપણને એક અદ્ભુત માર્ગદર્શન આપ્યું છે.

તેમણે કહયું કે, ‘‘ભાઈ ! જે વસ્તુ જોઈતી હોય તે જેની પાસે હોય, જયાં હોય ત્યાં તમે દોડો, એની સાથે સંબંધ જોડો તો જ તમને તે વસ્તુ મળે. જે વસ્તુ જેની પાસે છે જ નહીં ત્યાંથી તે વસ્તુ કઈ રીતે મળી શકશે? તમને સુખ જોઈએ છે, તમને આનંદ જોઈએ છે,

તમને શાંતિ જોઈએ છે તો એ કોની પાસે છે? કોના ગુણધર્મ છે તે સમજી લો તમારી ઝંખના પૂર્ણ કરવામાં તમે આજ સુધી નિષ્ફળ રહયાં તો તેનું કારણ એક જ છે કે તમે જ્યાં ત્યાં જોડાયા, જેની જેની સાથે તમે સંબંધો બાંધ્યા, જેની જેની સાથે તમે બંધાયા, તે બધા જડ તત્ત્વો હતાં. જયારે સુખ, શાંતિ અને આનંદ એ જડના ગુણધર્મો નથી અને જયાં નથી ત્યાં તમે જોડાશો તો કઈ રીતે સફળતા મળશે?

આપણી ભૂલ અહીં થઈ ગઈ. આપણને સુખ દેખાયું કે આનંદ દેખાયો. કોઈક ભૌતિક પદાર્થોમાં, કોઈક પાંચ ઈન્દ્રિયોના વિષય સુખના સાધનોમાં, કોઈક મનગમતી વૃત્તિઓમાં, ત્યાં આપણે દોડયા, અટકયા, બંધાયા અને વધુને વધુ સૌને બાંધતા ગયા પરિણામે સુખ નહીં, દુઃખ વધ્યું. શાંતિ નહીં અશાંતિનો ભોગ બન્યા. પ્રસન્નતા અને આનંદ ધોવાતા ગયા કારણકે જે જોઈતું હતું તે એ જડ તત્ત્વમાં હતું જ નહીં.

તમે રેતીને દસ કલાક સુધી પીલ્યાં કરો તો પણ એક ટીપું તેલ તેમાંથી મળશે નહીં. એક કલાક મુઠ્ઠી ભર તલ લઈને પીલો તો થોડુંક પણ તેલ અવશ્ય મળશે. કારણકે તલમાં તેલ આપવાની ક્ષમતા છે કારણકે તેનો એ ગુણધર્મ છે. રેતીમાં એ શકયતા જ નથી, એનો એ ગુણધર્મ જ નથી તો રેતીમાંથી તેલ કયાંથી મળી શકે?

જ્ઞાની પુરુષો આપણને કહે છે કે સુખ અને આનંદ એ જડના ગુણધર્મો નથી એ ચૈતન્યના ગુણધર્મો છે. તમે જડ તત્ત્વમાં બંધાશો તો તમને કઈ રીતે એ સુખ કે આનંદ મળી શકશે?

જે થયું તે થયું, હજી પણ તમારી ઝંખનાને તમારે પૂર્ણ કરવી છે ? પરમ આનંદની અનુભૂતિ કરવી છે? પરમ સુખના સ્વામી બનવું છે? તો આવો, જેનામાં એ શક્તિ રહેલી છે તેવા તત્ત્વની સાથે જોડાઇ જાઓ. એટલે જ જ્ઞાની પુરુષો આપણને આહ્‌વાન આપે છે અને પ્રેરણા આપી કહે છે કે, **''આવો ! ચૈતન્યને આરાધીએ.''**

કારણ કે સુખ, આનંદ, શાંતિ, પ્રેમ, જ્ઞાન, દિવ્યતા એ બધા જ ચૈતન્યના ગુણધર્મો છે. તમારે જે જોઈએ છે તે ચૈતન્યની અંદર જ નિહિત છે. જો ચૈતન્યની સાથે જોડાશો તો સુખનો અનુભવ થશે, શાંતિનો અનુભવ થશે, આનંદની અભિવૃદ્ધિ થશે. કારણકે તે તેના ગુણધર્મ છે.

સુખનું, શાંતિનું, આનંદનું આખું એક પાવર હાઉસ હોય તો તે ચૈતન્ય છે. ચૈતન્યમાં આ બધું ભારોભાર ભર્યુ છે. એની સાથે તમે જોડાઓ તો એનો થોડોક સ્ત્રોત તમારી તરફ આવવા લાગશે.

આપાણે આજ સુધી આપાણી ઝંખનાને પૂર્ણ ન કરી શકયા તેનું કારણ એ જ છે કે આપાણે આજ સુધી જડ તત્ત્વો સાથે જોડાયેલા હતા. હવે જો આપાણે ખરેખર ઝંખનાને સફળ કરવી હોય તો દિશા બદલવી પડશે. ચૈતન્યની સાથે આપાણે જોડાઈ જઈએ, ચૈતન્યને જીવનમાં સ્થાન આપીએ તો આ વિશ્વની કોઈ એવી તાકાત નથી કે જે આપાણા સુખને ખંડિત કરી શકે, જે આપાણાં આનંદને ધોઈ નાખી શકે. જે આપાણી શાંતિને હણી શકે. ચૈતન્ય તત્ત્વ સાથે જે વ્યક્તિઓ જોડાઈ ગઈ છે તે પરમ સુખના સ્વામી બન્યા છે. પરમ આનંદનો

ધોધ તેમનામાં સતત ઊછળતો રહયો છે અને એ ધોધ એટલો ઊછળતો રહે છે કે એમના શરણમાં પણ જો કોઈ જાય, એમના ચરણમાં પણ જો કોઈ જઈને બેસે તો એ શાંતિનો, એ આનંદનો, એ દિવ્યતાનો સ્પર્શ એને પણ થયા વિના રહેતો નથી.

તત્ત્વજ્ઞાનની ઊંચી વાતોને કદાચ આપણે જવા પણ દઈએ. સ્થૂળ ભૂમિકાએ તમે કયારેય વિચાર્યુ છે કે માણસ દરિયાના કિનારે જઈને બેસે છે અથવા નદીના કિનારે જઈ બેસે છે ત્યારે તેને તાજગીનો અનુભવ થાય છે, શાંતિનો અનુભવ થાય છે, પ્રસન્નતાનો અનુભવ થાય છે તે કેમ થાય છે? તેનો કોઈ દિવસ આપણે વિચાર કર્યો? કોઈ ઘેધુર વડલાની નીચે જઈને તમે બેસો છો, ઘટાદાર વૃક્ષની છાયામાં તમે જયારે વિસામો લો છો ત્યારે તમને 'હાશ, મજા આવી, શાંતિ મળી' આવો અનુભવ કેમ થાય છે?

ચૈતન્યનો પરમ સ્પર્શ

ઈંટ, પથ્થરથી ઊભી થયેલી દીવાલો અને છતની નીચે જે શાંતિ, જે આનંદ, જે તૃપ્તિનો અનુભવ નથી થતો તે ઘટાદાર વૃક્ષની નીચે બેસીને થાય છે, દરિયા કિનારે બેસીને થાય છે. નદીના વહેતા વહેણ પાસે બેસો છો ત્યારે અઢળક પ્રસન્નતા મળે છે. કેમ? એનું કારણ એક જ છે કે વૃક્ષના પાંદડે પાંદડે ચૈતન્ય રહેલું છે. ચૈતન્યથી સભર એવા સામ્રાજયમાં જયારે તમે જાઓ છો ત્યારે એ ચૈતન્યની અસર તમારી ચેતના પર પણ થયા વિના રહેતી નથી માટે આપણને ત્યાં તાજગીનો અનુભવ થાય છે. સમુદ્રનું પાણી કે નદીમાં વહેતું પાણી

એ ચૈતન્યનો પૂંજ છે. પાણીના બુંદ બુંદમાં એક ચૈતન્ય છે, વૃક્ષના પર્ણે પર્ણે એક ચૈતન્ય છે અને એક એવું ચૈતન્ય છે જે અશાંત નથી, ચૈતન્યની નજીક જાઓ એટલે શાંતિ મળે. વૃક્ષ ચૈતન્યનો પુંજ છે તેથી ત્યાં શાંતિ મળે. ઠુંઠાની નીચે જઈને બેસો કે સુકાઈ ગયેલા ઝાડ નીચે જઈને એક કલાક બેસો અને ઘટાદાર વૃક્ષની નીચે જઈને બેસો. જો જો અનુભૂતિમાં કંઈક ફર્ક પડે છે કે નહીં ! ચૈતન્ય વિહોણા તત્ત્વની પાસે જઈ બેસશો તો તેની જ જેવા સૂકા અને ઠુંઠા રહેશો. ચૈતન્યથી સભર એવા તત્ત્વો સાથે બેસશો, તેના શરણે જશો તો તમે શાંતિ અને આનંદથી ભરાઈ જશો.

આપણને કુદરતી વાતાવરણ એટલા માટે ગમે છે કારણ કે પ્રકૃતિના જે તત્ત્વો છે તે ચૈતન્યથી સભર છે, નિર્દોષ છે અને શાંત છે. હવે એનાથી વિપરીત પણ ઘણા કલુષિત ચિત્તવાળા, વિક્ષિપ્ત ચિત્તવાળા, અશાંત ચિત્તવાળા ટોળાની વચ્ચે જઈને બેસો અને જુઓ. એના નેગેટિવ વાઈબ્રેશન તમને પણ અસર કરશે, તમારું ચિત્ત પણ અશાંતિનો અનુભવ કરવા લાગશે કારણકે તમે એવા ચૈતન્યની નજીકમાં ગયા છો કે જે સ્વયં પોતે વિક્ષિપ્ત છે, અશાંત છે, ઉદ્વિગ્ન છે તેમની પાસે જઈએ છીએ તો આપણને પણ ઉદ્વેગનો અનુભવ થાય છે.

જયારે કોઈક સંત પુરુષની પાસે જાઓ, કોઈ પવિત્ર મંદિરમાં જાઓ, કોઈક સજ્જનોની વચ્ચે જઈ બેસો ત્યારે ભલે આપણે કોઈ સાધના કરતા નથી પણ એમની શાંત ચેતના આપણા મન પર અસર કરી જતી હોય છે અને માટે જ આપણને ત્યાં શાંતિનો અનુભવ થાય છે.

આપણાં એક ભક્ત કવિએ એટલે તો ગાયું છે કે :

'શાંતિ પમાડે તેને સંત કહીએ,
તેના દાસના દાસ થઈને રહીએ'

કુદરતી તત્ત્વો પાસે એટલા માટે શાંતિનો અનુભવ થાય છે કે એ ચેતનાઓ વિક્ષિપ્ત કે ઉદ્વેગ ચેતનાઓ નથી. ભલે તેનો વિકાસ ઓછો થયેલો છે પણ તે પ્રકૃતિમય વાતાવરણ છે માટે આપણને ત્યાં શાંતિનો અનુભવ થાય છે.

આ વાત હું એટલા માટે કહું છું કે આપણને જોઈએ છે સુખ અને આનંદ. એક સંસારી જીવ સંસારની તમામ પ્રવૃત્તિઓ કરે છે, અનેક ભોગ ભોગવે છે. શેને માટે? એની ઈચ્છા શું છે? સુખ જોઈએ છે માટે ! સંસારની દોડધામ, સંસારની પ્રવૃતિઓ કે ઈન્દ્રિયોના સુખો ભોગવવાની તમામ ઘટનાઓ પાછળનું દષ્ટિબિંદુ શું છે? માણસ એવું ધારે છે કે મને એમાંથી સુખ મળશે, આનંદ મળશે.

સંસારી જીવ સંસાર પ્રતિ દોટ મૂકે છે એ પણ સુખી થવા માટે અને એક સાધુ કે એક સંત સન્યાસી સાધના કરવા જંગલમાં જાય છે અને કષ્ટ સાધ્ય જીવન જીવે છે એ પણ શા માટે? એની પણ ઈચ્છા શું છે? સુખ જોઈએ છે, શાંતિ જોઈએ છે, આનંદ જોઈએ છે. બન્નેનું લક્ષ્ય બિંદુ તો એક જ છે, માર્ગ ભલે જૂદા હોય.

રાહ અલગ મંઝિલ એક

ભોગી હોય કે યોગી હોય બંનેનું કેન્દ્રબિંદુ એક જ છે સુખ જોઈએ છે. સુખની સમજાણમાં ફર્ક હોય, એના સાધનો જુદા–જુદા

હોય, પણ વૃત્તિમાં કઈ ફર્ક ખરો? 'ના' અને જયારે પ્રત્યેક જીવાત્માની એ સહજવૃત્તિ છે. તો એ સહજવૃત્તિ કઈ રીતે પરિપૂર્ણ થાય? એને માટે આપણા જ્ઞાની પુરુષો આપણને એક માર્ગ ચીંધે છે કે ભાઈ ! તારી આ જે સુખની ઝંખના છે એ સુખ એ જડનો ગુણ નથી, એ ચૈતન્યનો ગુણધર્મ છે. આનંદ જડની અંદર નહીં, ચૈતન્યની અંદર સમાયેલો છે. માટે તારે જો ખરેખર એને પ્રાપ્ત કરવું હોય તો જડથી પાછો વળ અને ચૈતન્યની સાથે જોડાઈ જા. જડથી વિભક્ત થવું પડશે અને પરમાત્માના ભક્ત થવું પડશે તો જ આપણે સુખ અને શાંતિનો અનુભવ કરી શકીશું. એટલા માટે આપણા જ્ઞાની પુરુષોએ માર્ગદર્શન આપ્યું કે **'ચાલો... ચૈતન્યને આરાધીએ.'**

આપણે જયારે ચૈતન્યની આરાધનાનો સંકલ્પ કરીને તત્પર બનીએ છીએ ત્યારે સૌથી પહેલો સવાલ એ આવશે કે જે ચૈતન્યની આરાધના કરવી છે, તે ચૈતન્ય કયાં કયાં છે? આ વિશ્વની અંદર કયાં કયાં પથરાયેલું છે?કેવા કેવા સ્વરૂપે છે? અને એ વિચારમાં જયારે આપણે પ્રવેશ કરીએ ત્યારે ત્રણ પ્રકારનું ચૈતન્ય આપણી સમક્ષ સ્પષ્ટ થાય છે. (૧) સ્વાત્માનું ચૈતન્ય (૨) જીવાત્માનું ચૈતન્ય અને (૩) પરમાત્માનું ચૈતન્ય. આ ત્રણેયની અંદર વિશ્વની સઘળી ચેતનાઓ સમાવિષ્ટ થઈ જાય છે. બધા જ પ્રકારના ચૈતન્યો આમાં આવી ગયા.

સ્વાત્મા, જીવાત્મા અને પરમાત્મા. આ ત્રણેય પ્રકારના ચૈતન્યની નજીક જવાનું છે, ત્રણેય પ્રકારના ચૈતન્ય સાથે જોડાઈ જવાનું છે. એનો સ્પર્શ પામવાનો છે તો જ આપણને સુખ અને

આનંદનો અનુભવ થઈ શકે. સૌથી પહેલા સ્વાત્માને ઓળખવો પડશે. સ્વાત્માને ઓળખીએ તે બહુ મહત્ત્વનું છે. દેહાત્મ બુદ્ધિની અંદર અટવાયેલો આપણો જીવ. એ દેહાત્મ બુદ્ધિ એની ટળે અને ચૈતન્ય બુદ્ધિ પ્રગટે એ સાધનાનું પહેલું પગથિયું છે. જેણે આત્માને જાણ્યો તેણે બધું જાણ્યું. ભગવાન મહાવીરે આ એક જ વાત કરી છે કે **'જો એગં જાણઈ સો સવ્વં જાણઈ'** જે એકને જાણે છે તે બધું જ જાણી લે છે. આપણે આપણા આ એક આત્મ સ્વરૂપ ને જાણ્યો નથી માટે આપણે ભટકી રહયા છીએ. જયારે આપણને ખબર પડી જશે કે આ બહારથી દેખાતું વ્યક્તિત્વ હું નથી પણ એ વ્યક્તિત્વની પાછળ રહેલ અને સ્થૂળ ચર્મ ચક્ષુથી દેખાતું નથી એવું જે દિવ્ય તત્ત્વ છે તે હું છું 'તત્ત્વમસિ'નું ભાન જ ચૈતન્યની આરાધનાનું પહેલું પગથિયું છે.

વ્યક્તિત્વના વ્યામોહમાંથી બહાર નીકળીએ અને શુદ્ધ અસ્તિત્વ પ્રત્યે જાગ્રત બનીએ ત્યારે સાધનાની પહેલી શરત પૂરી થાય છે. જયારે એ ભાન આપણને થઈ ગયું, આપણામાં રહેલા ચૈતન્યનો સ્પર્શ આપણે પામી લીધો, દેહથી ભિન્ન ચૈતન્યનું દર્શન થઈ ગયું ત્યાર પછી એવું જ ચૈતન્ય સર્વત્ર વિલસતું દેખાવા લાગશે કે ઓહોહો... ''હું જે ચૈતન્યનો અનુભવ કરી રહયો છું, જે ચૈતન્યનો આનંદ અને સ્પર્શ હું માણી રહયો છું એવું ચૈતન્ય તો આ દરેકની અંદર વિલસી રહયું છે. આ દરેક આત્માઓ ચૈતન્ય સભર આત્માઓ છે. લાવ, હજી એમની પણ નજીક જાઉં તો વધુ આનંદનો સ્ત્રોત મળશે. ''

પ્રેમ સાગરના તમે તરંગ બનો

પ્રકાશના પુંજ જયાં છે એની નજીક જાઓ તો એ પ્રકાશના કિરણો તમને પણ મળ્યા વિના રહેવાના નથી, પણ એની નજીકમાં ન જવા દેવાવાળા કેટલાક તત્ત્વો છે અને તે છે આપણો અહંકાર, આપણો સ્વાર્થ, આપણું અજ્ઞાન. આ બધાને ભેદીને જયારે ચૈતન્યની દૃષ્ટિ કેળવાશે ત્યારે ખ્યાલ આવશે કે દરેકની અંદર એક પવિત્ર આત્મા રહેલો છે, જેવો પરમાત્માનો આત્મા છે એવો જ દિવ્ય આત્મા દરેક ચેતનાની અંદર, દરેક વ્યક્તિની અંદર, દરેક દેહની અંદર રહેલો છે પરંતુ એના પર અત્યારે આવરણો લાગેલા છે પણ જો એ આવરણોને હટાવી દેવામાં આવે તો આ દરેક આત્મા એવો ઝગમગતો સૂર્ય છે જેવો પરમાત્માનો છે. પ્રત્યેક આત્મા પરમાત્માનું જ સ્વરૂપ છે. પરમાત્માનો જ જાણે કે એક અંશ છે અને એવા મહાન આત્માઓ પ્રત્યે 'મારો વ્યવહાર કેવો હોવો જોઈએ? મારા વિચારો કેવા હોવા જોઈએ? મારી વાણી કેવી નીકળવી જોઈએ ? આ ભાન થતાની સાથે જ જીવના સંઘર્ષો અને સંકલેષો ઓછા થતા જશે અને શાંતિ સઘન બનતી જશે.

દરેક આત્માને સુખ ગમે છે, દુઃખ નથી ગમતું. ચૈતન્યના નાતે જયારે બધા એક છીએ ત્યારે મારું કર્તવ્ય બની જાય છે કે હું દરેકના સુખમાં નિમિત્ત બનું. દરેકના હિતમાં હું નિમિત્ત બનું. દરેક જીવને શાંતિ આપવમાં હું નિમિત્ત બનું. આ ભાવ આવતાની સાથે આપણા વિચારો,આપણી વાણી, આપણો વ્યવહાર બધું જ બદલાઈ જશે. વ્યક્તિત્વમાં એક પ્રકારની કોમળતા આવશે, એનામાં એક સાલસતા

આવશે, એનામાં એક સમર્પણનો ભાવ આવશે અને જયારે આવી ભાવ દશા સર્જાશે ત્યાં એની અસર સમગ્ર પરિવારમાં, દેશમાં પડયા વિના રહેશે નહીં. શાંતિ અને આનંદ સઘન બનતા જશે અને જયાં નજર પડે ત્યાં ચૈતન્ય... ચૈતન્ય... અને ચૈતન્યનું જ દર્શન થશે અને ચૈતન્યનું દર્શન આપણી વાસનાઓને ધોઈ નાખશે.

દેહનું દર્શન કરીએ છીએ માટે જ વાસના જાગે છે. આપણે કોઈકના દેહને જોઈને અટકી જઈએ છીએ. માટે દેહના કારણે સ્વાર્થ અને વાસનાઓ જોર પકડે છે, પણ દેહને ભૂલી જઈએ અને એની અંદર રહેલા ચૈતન્યનું દર્શન કરવા માંડીએ ત્યારે આખી ભૂમિકા બદલાઈ જશે. પવિત્રતા સહજ બની જશે, બધા જ ભેદ મટી જશે.

આપણે અંદરની વસ્તુ પકડવાની જરૂર છે. ખોખામાં જ જો અટકી ગયા, પેકિંગને જ જો જોયા કરીએ તો તકલીફ ઊભી થશે. જીવનની અંદર ચૈતન્યનો ભાવ સહજતાથી આવી જશે પછી દમન નહીં કરવું પડે, પછી વિકૃતિઓના ભોગ નહીં બનવું પડે. પછી સર્વત્ર પવિત્રતાનું દર્શન સર્વત્ર થશે.

દિવસ દરમિયાન કાં તો સ્વાત્માની જાગ્રતિ ચાલ્યા કરતી હોય, કાં તો જીવાત્માની અંદર રહેલા ચૈતન્યનું દર્શન થયા કરતું હોય ત્યારે મનમાં એમ થાય કે આ બધે જે ચૈતન્ય દેખાય છે તે તો હજી વિક્ષુબ્ધ ચૈતન્ય છે, અશુદ્ધ ચૈતન્ય છે પણ જો આ અશુદ્ધ ચૈતન્યની નજીકમાં થોડોક પણ શુભ ભાવ લઈને જાઉં છું તો તેની આટલી અસર થાય છે તો આ દુનિયામાં કોઈ વિશુદ્ધ ચૈતન્ય પણ હશે કે નહીં હોય?

જયાં જોડાવાથી પરમ આનંદની અનુભૂતિ થાય ! આવો કોઈક પળે મનની અંદર વિચાર આવશે તે વખતે ચૈતન્યનો એક ત્રીજો તબક્કો શરુ થશે અને ત્યારે થશે કે – હા છે, જેણે સમગ્ર આવરણોને ભેદી નાખ્યા છે, તમામ અશુધ્ધિઓથી મુક્ત બની ગયા છે એવા પરમ વિશુધ્ધિ ઓને પ્રાપ્ત કરી ચૂકેલા પરમાત્માઓ પણ આ વિશ્વની અંદર મહાન કાર્ય કરી રહ્યા છે.

પ્રતિ ક્ષણ અને પ્રતિ પળ પરમાત્માની અનંત શક્તિ આ વિશ્વમાં કામ કરી રહી છે. એમની અચિન્ત્ય કરુણા, એમની અનંત શક્તિઓનો ધોધ સતત વહી રહયો છે. આપણે એમાં જો ભીંજાઇ શકીએ તો આપણી તમામ બળતરાઓ મટી જશે પણ તકલીફ એ છે કે આપણે કયારેય એની અનંત કરુણાથી ભીંજાવાનો પ્રયત્ન નથી કરતા. નહીં તો સંભવ નથી કે પરમાત્માનું સામ્રાજય જયાં આગળ સ્થાપેલું હોય એ સામ્રાજયમાં પ્રવેશ ન કરી શકીએ. આપણી તકલીફ એ છે કે પરમાત્માનો સ્પર્શ આપણે પામી શકયા નથી. પરમાત્માને આપણે સાચી રીતે ઓળખી શકયા નથી. પરમાત્માની એ અચિન્ત્ય શક્તિમાં આપણે શ્રધ્ધા સ્થાપિત કરી શકયા નથી, પરમાત્માની અનન્ય ભાવે શરણાગતિ સ્વીકારી શકયા નથી માટે સમસ્યાઓ ઊભી થઇ છે.

શરણાગતિ કોણ સ્વીકારે? જયાં સુધી શ્રધ્ધા ન આવે ત્યાં સુધી કોઈ દિવસ શરણ આવતું નથી. શરણાગતિને ખેંચી લાવનાર તત્ત્વ હોય તો એ પરમ શ્રધ્ધા છે. જયાંથી પરમાત્મ તત્ત્વની અંદર હૃદયની શ્રધ્ધા સ્થાપિત નહીં થાય કે ‘એ જ મારા રક્ષક છે.’

'એ જ મારા યોગ ક્ષેમ ને સંભાળનારા છે.' **'યોગક્ષેમમ્ વહામ્યહમ્'** ભગવદ્ ગીતાની અંદર જયારે ભગવાન શ્રીકૃષ્ણ એમ કહે કે, ''તું બધું જ છોડી દે, તું મારા શરણે આવી જા.''

'મામેકં શરણં વ્રજઃ' કારણકે **'યોગક્ષેમમ્ વહામ્યહમ્'** હું તારું યોગક્ષેમ સંભાળુ છું. પરમાત્મા આ વિશ્વનું એક એવું પરમ તત્ત્વ છે કે જેની પરમતાને પામવા માટેની ક્ષમતા આપણી પાસે નથી. આપણે એટલા પામર છીએ કે એ પરમને કયાંથી ઓળખી શકીએ? કયાંથી પામી શકીએ? પણ છતાં એની અનંત શક્તિ જે કામ કરી રહી છે એની જરાક પણ જો કયાંક ઝાંખી મળી જાય તો હૃદયની અતૂટ શ્રદ્ધા પરમાત્મા પ્રત્યે સ્થાપિત થઈ ગયા વિના રહેતી નથી. જેના હૃદયમાં શ્રદ્ધાનું સ્થાપન થઈ ગયું એના જીવનમાં સહજ રીતે શરણાગતિ આવી જશે, પણ શ્રદ્ધા કેવી રીતે બેસે? જયાં સુધી એનો સાચો પરિચય ન થાય ત્યાં સુધી શ્રદ્ધા બેસે? પરિચય વિના શ્રદ્ધા આવવી મુશ્કેલ છે.

ચાલો, પરમાત્માને મળવા જઈએ

પરમાત્માનો પરિચય આપણને થયો છે ખરો? આપણે પરમાત્માને વાસ્તવિક સ્વરૂપમાં ઓળખી શકીએ છીએ ખરા? આ એક સવાલ આપણે આપણા અંતરાત્માને પૂછવાનો છે કે શું છે પરમ તત્ત્વ પરમાત્મા? એનું દિવ્ય સ્વરૂપ શું છે? એમની અનંત શક્તિ શું છે? એમનું અચિન્ત્ય સામર્થ્ય શું છે? એ કેવી રીતે મારા પરમ કલ્યાણનું કારણ બની શકે છે? એના સ્વરૂપને, એના અચિન્ત્ય મહિમાને આપણે

ઓળખવાનો પ્રયત્ન કર્યો છે? શરણાગતિની વાતો કરવાથી શરણાગતિ નહીં આવે એની પણ આખી એક કડી છે. એક ક્રમ છે. આવો, આપણે એ ક્રમને સમજીએ.

સૌથી પહેલાં શું થાય? પરિચય. માણસ ત્યાં જ શ્રદ્ધા મૂકે છે જેનો પરિચય તેને સારો થયો હોય છે. પરિચય વિના શ્રદ્ધા આવતી જ નથી. પહેલા પરિચય. વ્યક્તિને ઓળખીએ, જાણીએ, એના વિષેની માહિતી મેળવીએ. પછી બરોબર પરિચય થઇ જાય અને વ્યક્તિની વિશેષતાઓ ખ્યાલમાં આવે તો એની પ્રત્યે પ્રેમ આવે છે, પછી એના પ્રત્યે આકર્ષણ થાય.

'બહુ સારો માણસ છે.' પાવરફૂલ છે, શક્તિશાળી છે વગેરે... એની શક્તિનો પરિચય થયા પછી એના પ્રત્યે પછી પ્રેમ પ્રગટે છે અને જેના પ્રત્યે પ્રેમ જાગી ગયો છે એના જ ઉપર આપણે શ્રદ્ધા મૂકી શકીએ છીએ.પહેલા પરિચય, પછી પ્રેમ, પછી શ્રદ્ધા અને પછી શરણાગતિ. આ એક સંસારનો અનુભવ છે.

તમે કોઈએ લગ્ન કરેલા છે? જયારે તમારા લગ્ન થયા એના કદાચ બે–ચાર–પાંચ વર્ષ પહેલા એ વ્યક્તિ સાથે તમારો કોઈ સંબંધ, કોઈ લેવા દેવા હતી?

ના, પણ જયારે સંબંધ બાંધવાનું નકકી કર્યુ હશે ત્યારે તમે કે તમારા વડીલોએ પહેલા તેનો પરિચય કર્યો હશે કે કુટુંબ કેવું છે? વ્યક્તિ કેવી છે? શારીરિક રીતે કેવી છે? એનું ફેમિલી કેવું છે? ટોટલ બેક ગ્રાઉન્ડ તપાસી પૂર્ણ પરિચય મેળવ્યો હશે અને એ પરિચય થયા

પછી જ તેની પ્રત્યે પ્રેમ થયો ને ! પહેલા પરિચય થયો, પછી પ્રેમ બંધાયો અને પ્રેમ થઈ જાય, બરોબર લાગણીના તાર જોડાય જાય પછી શ્રધ્ધા હોય કે નહીં એની ઉપર? 'એ જે કરશે તે મારું સારું જ કરશે.' શ્રધ્ધા એટલે શું? 'એ વ્યક્તિના તમામ કાર્યો મારા ભલા માટે છે, મારા હિત માટે છે, મારા કલ્યાણ માટે છે એ જે કંઈ પણ કરતો હશે તે સારું જ કરતો હશે એવો વિશ્વાસ એનું નામ શ્રધ્ધા.'

માતા પ્રત્યે જો પ્રેમ છે તો એ મા બાળકને કયારેક કડવી દવા પણ પાય,ન ગમે તેવું કરે છતાં તે બાળકના સારા માટે હોય છે કે નહીં? જયાં પ્રેમ હોય ત્યાં આપણે સ્વીકાર કરી લઈએ છીએ કે આ ભલે મને આજે નથી ગમતું પણ તે જે કરે છે તે મારા માટે તેને અનહદ લાગણી છે, પ્રેમ છે તેથી તે જે કરતા હશે, તે મારા સારા માટે જ હશે. શ્રધ્ધા આવ્યા વિના રહેતી નથી અને જયારે શ્રધ્ધા મનમાં આવી ત્યારે પછી એ જેમ કહે તેમ કરવા માટેની તૈયારી પણ આવે કે નહીં? તેનું જ નામ છે શરણાગતિ.

તમે લાખ રૂપિયાની રોકડ એટેચીમાં લઈને મુંબઈ જવા નીકળ્યા છો. કેશ પૈસા પહોંચાડવાના છે પણ રસ્તામાં તમને ખ્યાલ આવે કે કોઈક અનિષ્ઠ તત્ત્વ તમારો પીછો કરી રહયાં છે, તો તમે શું કરો? તેનાથી બચવા માટે તમે કયાં જશો ? હોટેલમાં જઈ બેસશો? નહીં, નજીકના રસ્તામાં પોલીસ ચોકી આવે તો તમે ત્યાં જશો.

તમે કેમ પોલીસ પાસે ગયા?તમને ખબર છે કે મુસિબતમાં રક્ષા કરી શકે તેવું જો કોઈ તત્ત્વ હોય તો તે પોલીસ છે. સત્તા તેની પાસે

છે. એ જ તમને બચાવી શકે તેમ છે પણ પોલીસ રક્ષા કરે અને ભિખારી રક્ષા ન કરે તેની તમને ખબર પડી કે નહીં? પહેલા તેનો પરિચય થયો હશે ને કે આવા ડ્રેસવાળા હોય, આવો બિલ્લો લગાડેલો હોય આવા આઈડેન્ટીટી કાર્ડ હોય એ માણસો ઓથેન્ટિક માણસો છે અને તે આપણી રક્ષા કરી શકે.

પહેલા પરિચય થયો હશે. પછી જ એના પ્રતિ આકર્ષણ થયું હશે અને એના પર શ્રદ્ધા બેઠી હશે કે એ જ મને બચાવી શકશે અને તમે પોલીસ ચોકીમાં જઈ પોલીસને કહેશો કે, ''ભાઈ ! આ બે માણસો કયારના મારો પીછો કરી રહયાં છે. આ ગુંડા છે મને બચાવો, મારી પાસે જોખમ છે.''

ત્યારે પોલીસ પણ કહેશે કે, ''હા, સાચી વાત છે આ તો ગુંડા છે. આનાથી સાવધાન રહેજો, આ બહુ ખતરનાક માણસો છે. હમણાં તમે અહીંથી બહાર નીકળતા નહીં, હમણાં તમે એક કલાક અહીં જ બેસી જાઓ.'' તો તમે બેસો કે નહીં ? ''ના... ના.... મને અત્યારે મોડું થાય છે હું તો જાઉં છું. એમ કહો?...ના... તમે બેસી જાઓ, કારણકે જયાં શ્રદ્ધા છે ત્યાં શરણાગતિ આવ્યા વિના રહેતી નથી એ જેમ કહે તેમ કરવાની તૈયારી.. તમને શ્રદ્ધા હતી માટે તમે તેને શરણે ગયા. તમે તેની શરણાગતિ સ્વીકારો પછી એ જેમ કહે તેમ કરવાની તૈયારી આવે છે અને તેનું નામ છે સમર્પણ.

તમારી ઈચ્છાઓનું તમે સમર્પણ કરી દીધું પછી એ જેમ કહે તેમ જ કરવાનું આવું સમર્પણ આવી ગયું. આ આખી કડી છે. પહેલા

પરિચય થાય, પછી પ્રેમ બંધાય, પછી શ્રદ્ધા સ્થાપિત થાય, પછી તેના શરણે જવાય અને શરણે જઈએ એટલે સમર્પણ ભાવ સહજ રીતે આવી જાય.

'ચાલો, પરમાત્માના શરણે જઈએ' તેની વાતો કરવી બહુ સહેલી છે પણ સાચી શરણાગતિ આવવી સહેલી નથી.

શ્રદ્ધાને સ્વભાવ બનાવો

શરણે કેવી રીતે જવાશે? સૌથી પહેલો મારો પ્રશ્ન છે કે પરમાત્માનો પરિચય થયો છે ખરો? પરમાત્માની પરમતાને જાણવાનો આપણે પ્રયાસ પણ કર્યો છે ખરો? શ્રદ્ધાથી મંદિરે જઈ આવવું તેનું નામ શરણાગતિ નથી. પરંપરાગત રીત મુજબ ટીલા ટપકાં અને પૂજા પાઠ કરી લેવા તેનું નામ શરણાગતિ અને ભક્તિ નથી.

એક કુળના સંસ્કારો મળ્યા અને જે ટેવ મુજબના રીતિ રિવાજો મળ્યા તે મુજબ આપણે મંદિરોમાં જઈ આવીએ છીએ, ટીલાંટપકાં કરી આવીએ છીએ, ઘંટ વગાડી આવીએ છીએ, આરતી ઉતારી આવીએ છીએ, પણ બધું કરનારા આપણને કોઈ દિવસ પરમાત્માનો પરિચય થયો છે ખરો? પ્રભુની શક્તિને આપણે ઓળખી છે ખરી?એમના સ્વરૂપને આપણે સમજવાનો પ્રયત્ન કર્યો છે?કયાંથી આપણી ભક્તિ ફળે?

આજે ભક્તિ પણ પાંગળી બની છે. પ્રાણ વિહોણી બની છે. ક્રિયાઓ પણ જડ બની ગઈ છે. રૂટીન મુજબ માણસ બધું કરે છે

પરંતુ તેને વિશ્વાસ નથી. પોલીસની પાસે જઈને બેસનારા માણસને વિશ્વાસ છે કે હવે હું નિર્ભય છું પણ ભગવાનના મંદિરમાં બેસનારા માણસને મારે એ સવાલ પૂછવો છે કે, ‘‘તને વિશ્વાસ છે કે અહીં હું નિર્ભય છું?’’ આપણને વિશ્વાસ છે ખરો? કલાકોના કલાકો મંદિરમાં બેસીએ છીએ પણ અંદરમાં વિશ્વાસ નથી. કારણકે એની શક્તિનો આપણને ખ્યાલ જ નથી તો પરિચય વગર શ્રદ્ધા કયાંથી આવશે? ભક્તિ કયાંથી જાગશે?

એક વાત સમજી રાખજો. ભક્તિનો જે માર્ગ છે તેમાં સૌથી વધુ મહત્ત્વ શેનું છે ? ક્રિયાનું. નહીં, યોગમાર્ગમાં ક્રિયા મહત્ત્વની છે ભાવ ગૌણ છે. ભક્તિમાર્ગની અંદર આપણા જ્ઞાની મહાપુરુષોએ કહયું કે ત્યાં ક્રિયા ગૌણ છે. ભાવની પ્રધાનતા છે.

પરમ તત્વો પ્રત્યે હૃદયની શ્રદ્ધાનો ભાવ કેટલો મજબૂત છે? શરણાગતિનો ભાવ કેટલો કેળવાયેલો છે? તેની અનંત શક્તિમાં વિશ્વાસ કેટલો સ્થાપિત થયેલ છે ? તે મહત્ત્વનું છે પછી ક્રિયા કયારેક ગૌણ પણ બની જશે, ક્રિયા કયારેક ઓછી પણ હશે, પણ ભાવની સઘનતા હશે તો એ તત્ત્વ રક્ષા કર્યા વિના રહેશે નહીં.

આપણા આત્મભાવની રક્ષા કરનાર જો કોઈ હોય, આપણા જીવનની રક્ષા કરનાર જો કોઈ હોય તો તે પરમાત્માની પરમ શક્તિ છે, પણ આપણે તેને એ રીતે વિચારી નથી, સમજ્યા નથી અને એટલે ગમે તેવી પરિસ્થિતિ આવે એને પ્રભુનો પ્રસાદ માનીને સ્વીકારવા માટે આપણે તૈયાર થતા નથી.

આપણા એ હરિભક્તો કહી શકતા હતા 'રામ રાખે તેમ રહીએ ઓધવજી, રામ રાખે તેમ રહીએ.' તે જેમ રાખે તેમ રહેવાની મારી તૈયારી છે એ શરણાગતિ હતી. શરણાગતિ એટલે ગમે તે સ્થિતિમાં ગમે તે રીતે રહેવા હું તૈયાર છું. હું ફરિયાદ નહીં કરું. આપણે તો મંદિરમાં જઈને પણ ભગવાન સામે ફરિયાદ કરતા હોઈએ છીએ.

મને હમણાં એક ભક્ત મળ્યા હતા મારે ત્યાં તીથલમાં આવ્યા હતા. મને કહે, ''મહારાજ સાહેબ ! તમારી સંતોની વ્યાખ્યા શું કરાય ખબર છે ?'' મેં કહ્યું, 'ના' તો મને કહે, ''સાધુ સંતો એટલે સમાજ માટેનું ફરિયાદ બોકસ.'' માણસ મંદિરમાં જાય કે સાધુ સંત પાસે જાય એટલે એની ફરિયાદનું લીસ્ટ તૈયાર જ હોય. ''આ કેસમાં ફસાયો છું, ભગવાન આમાંથી મને છોડાવજો, ઘરવાળા સાથે મન દુઃખ ઊભા થઈ ગયાં છે. પ્રભુ મારું ધ્યાન રાખજો, શેર બજારમાં પૈસા ખોટા રોકાઈ ગયાં છે હવે આમાંથી મને બહાર કાઢજો.''

ભગવાન આગળ આપણે ફરિયાદ કરીએ છીએ ! જયારે તમને એવો વિશ્વાસ આવી જશે કે જે કંઈ પણ પરિસ્થિતિ આવે તે કંઈક મારા શુભને માટે છે. 'રામ રાખે તેમ રહીએ.' બસ, મારે તો એ રીતે રહેવાનું છે અને પ્રસન્નતાથી પસાર થઈ જવાનું છે ત્યારે ફરિયાદો આપણી બંધ થઈ જશે. ત્યારે ફરિયાદ નહીં રહે પણ ફરી.. ફરી...યાદ રહેશે. માત્ર પરમાત્માની. આપણે પરમાત્મા પાસે જઈને ફરિયાદ કરીએ છીએ કે જીવન જીવતા– જીવતા પરમાત્માને ફરી ફરી યાદ કરીએ છીએ આટલો ફર્ક છે 'ફરિયાદ'માં અને ફરી...યાદમાં !

આપણી સ્થિતિ શું છે? ક્યાં છીએ આપણે? ભગવાન ક્યારે યાદ આવે? સાચું કહેજો. મંદિરમાં જઈએ ત્યારે પણ આપણે હૃદયથી પરમાત્માના ખરા ? અમારા સંતો તો એમ કહે છે કે, ''ભક્ત આત્મા એ જ કહેવાય કે તે જયારે ભગવાન પાસે ગયો હોય ત્યારે જ ભગવાનનો ન હોય પણ સંસારમાં બેઠો હોય અને સંસારની ક્રિયા કરતો હોય ત્યારે પણ એ પરમાત્માનો હોય એનું નામ ભક્ત કહેવાય.''

સંસારમાં પણ આપણે ભગવાનના કે મંદિરમાં પણ આપણે સંસારના? હું એમ નથી કહેતો કે તમે સંસારમાં પણ ભગવાનના છો કે નહીં પણ હું એટલું તો જાણવા ઈચ્છું છું કે આપણે જયારે ભગવાન પાસે જઈએ, કોઈક મંદિરમાં જઈએ ત્યારે તો કમ સે કમ ભગવાનના ખરા ને ? ત્યારે તો ચિંતાઓ, ઉપાધિઓ, ફરિયાદો, આ બધાનું પોટલું બહાર મૂકી ને જ જઈએ ને ! ભકત જયારે પણ ભગવાન પાસે જાય ત્યારે એ ભાવ લઈને જાય કે પ્રભુ ! મને ખબર છે કે મારા માટે તારણહાર માત્ર તું જ છે.

આધિ–ઉપાધિ મંદિર બહાર રાખો

'ત્વમેવ શરણં મમ' મારા માટે આધાર જો કોઈ હોય, મારો કોઈ નાથ હોય, કોઈ રક્ષક હોય તો એ માત્ર પ્રભુ તમે જ છો. બીજું કોઈ નહીં તેવો મને વિશ્વાસ છે પણ છતાં પ્રભુ આ સંસારમાં એવો ફસાયેલો છું, કેટકેટલી ઝંઝાળો, કેટકેટલી ઉપાધિઓ લઈને આ સંસારમાં બેઠો છું કે એમાં હું સતત તને ભજી શકતો નથી પણ પ્રભુ ! હવે હું તને ભજવા માટે તારી પાસે આવી રહયો છું. આ સંસારની

કેટકેટલી પનોતીઓ મને લાગેલી છે એ પનોતીઓ અને એ જંજાળને બહાર મૂકીને હું તારી પાસે આવું છું અને એના પ્રતીક રૂપે જ પ્રભુ હું મારા પગના જોડા મંદિરની બહાર ઉતારીને આવું છું.

સંસારની બધી ઉપાધિઓ, ચિંતાઓ, ફરિયાદો એ બધું બહાર મૂકી ભગવાન પાસે જવાનું છે તો સાચી શરણાગતિ આવી જાય. જોડા ઉતારો ત્યારે સંસારની ઉપાધિઓનું આ પોટલું પણ ઉતારી મૂકી દેજો. અનન્ય ભાવે એના શરણે ચાલ્યા જાઓ અને પછી જુઓ ! તેનો પ્રભાવ કામ કરે છે કે નહીં ! હા... ! કેટલીકવાર એવું બને કે એની અકળ કળાને આપણે ન સમજી શકીએ કારણકે આપણી બુદ્ધિની ફૂટપટ્ટી બહુ ટૂંકી છે અને કુદરતનું તંત્ર બહુ વિશાળ છે, પરમાત્માની શક્તિ અમાપ છે. એટલે કદાચ એની કોઈક ગતિવિધિઓને આપણે સમજી ન શકીએ.

આપણી ક્ષમતા નથી એટલે કદાચ આપણને એમ પણ થાય કે આવું કેમ થાય છે? હું આટલી ભગવાન પર શ્રદ્ધા રાખું, આટલો વિશ્વાસ રાખું ! એના શરણે રહું છતાં મારી સ્થિતિ આવી ! આ શું કરે છે ભગવાન? એમ મન ક્યારેક બળવો પોકારે કારણકે આપણી હજી ક્ષમતા નથી. આપણે નાના બાળક જેવા છીએ. ઘણીવાર છોકરો સીધો દવા ન પીતો હોય તો મોં ફાડી પરાણે કડવી દવા પાય. બાળક રડે, તેને એમ થાય કે મા સતત મને હસાવનારી, મને પંપાળનારી મારી સંભાળ લેનારી અને આ મા મને આજે કેમ રડાવે છે? પણ એ બાળક ન સમજી શકે કે એ કેમ રડાવે છે? કારણકે અત્યારે

આ કડવી દવા પાવી એ બાળકના હિત માટે છે, એ જરૂરી છે. એમાં જ એનું હિત સમાયેલું છે એમ આ કુદરતનું તત્ત્વ કયારેક આપણે ન સમજી શકીએ, પરમાત્માની અકળ ગતિને ન પામી શકીએ પણ એમાં પણ આપણું કોઈક હિત સમાયેલું છે તેવી શ્રદ્ધા જયાં સુધી ન આવે ત્યાં સુધી શરણાગતિ કેવી રીતે આવશે?

જયારે શરણાગતિ આવશે ત્યારે અહંકાર ઓગળી જશે. જયાં ત્યાં આજે તો અહંની મારામારીઓ શરુ થઈ ગઈ છે. કારણકે આપણે પરમાત્માથી વિખૂટા પડી ગયા છીએ. આપણે ભક્ત નથી રહયા. આપણે પરમાત્માથી વિભક્ત થઈ ગયા છીએ . પરમાત્માનો સાચો ભક્ત કયારેય પણ પોતાની વડાઈઓ ગાઈ ન શકે. એ તો કહે છે કે જે કંઈ થયું તે પરમાત્માની લીલા છે, પ્રભુનો અનુગ્રહ છે. આપણે તો નિમિત્ત છીએ.

સારા કાર્યમાં પ્રભુએ નિમિત્ત બનાવ્યો. બસ એ જ પ્રભુનો આભાર. એની કૃપા થઈ અને મને શુભ કાર્યમાં નિમિત્ત બનાવ્યો. નહીં તો હું કયાં કંઈ કરી શકું તેમ છું. આ વિશ્વાસ જીવનમાં લાવવો રહયો. પાપોથી મુક્ત થવું છે તો પણ પરમાત્માનો જ પ્રભાવ. પરમાત્મા સતત આપણને પાપોથી મુક્ત કરી રહયા છે.

રામકૃષ્ણ પરમહંસે એક જગ્યાએ લખ્યું. ‘‘પ્રભુ એ તો જગતની માતા છે. જે બાળ ભાવે એ માની ગોદમાં રહે છે તેની તમામ સંભાળ લેવા તે તૈયાર છે.’’ બીજું બધું તો ઠીક તે તમારા પાપોની ગંદકી પણ સાફ કરવા તૈયાર છે. જે નાનું બાળક માની ગોદમાં રહેતું

હોય, માની આંગળી પકડી ચાલતું હોય, માને છોડતું ન હોય એવું બાળક ગમે ત્યાં ગંદકી કરે તો મા શું કરે તેને ફેંકી દે? ''અરે ! તું તો ગંદુ છો જા... એમ કહી ધક્કો મારે? ''

મા – મમતાનો મહાસાગર

ગમે તેવું ગંદુ થયેલું બાળક હોય તો પણ મા તેને સંભાળી લે છે, તેની ગંદકી પણ સાફ કરે છે, તેને ઉજળો બનાવી દે છે, તેને સરસ રીતે તૈયાર કરે છે પણ બાળક જરાક નાનું હતું ત્યાં સુધી તો બરાબર છે માને વળગીને રહેતું હતું. હવે તે માને મૂકીને બહાર ભટકવાનું તેણે શરૂ કરી દીધું છે, માનું કહ્યું તે માનતો નથી, માની પાસે રહેતો નથી, બાળક દૂર દૂર ફર્યા કરે છે અને ત્યાં તેને કંઈ થાય તો મા તેની સંભાળ લઈ શકે ખરી? મા સંભાળ લેવા તૈયાર છે પણ તે એટલી તો અપેક્ષા રાખે કે બાળકે મને વળગેલા રહેવું જોઈએ. મારા શરણે રહેવું જોઈએ, પણ જે બાળક માર્ગ ભૂલી ભટકે છે તેની સંભાળ મા પણ લઈ શકતી નથી.

રામકૃષ્ણ પરમહંસ આપણને આ દષ્ટાંત આપીને સમજાવે છે કે જે આત્માઓ અનન્ય ભાવે પ્રભુના શરણે રહે છે. બાળક ભાવે પોતાનો અહંકાર ભૂલી પ્રભુની શરણાગતિ સ્વીકારે છે તે આત્મા કદાચ જન્મ જન્માંતરની અનેક પાપ વૃત્તિઓથી ખરડાયેલો પણ હોય તેમ છતાં પ્રભુ એ તો જગતની માતા છે તમારી ગંદકી પણ એ સાફ કરવા તૈયાર છે પણ એ ભગવાનને ભૂલી ને તમે બહાર ભટકયા કરો તો એમાં જવાબદાર પ્રભુ નથી.

જે વાત રામકૃષ્ણ પરમહંસે કરી તે જ વાત જૈન ધર્મના મુખ્ય મંત્રની અંદર કરવામાં આવી. જૈન ધર્મનો સનાતન મંત્ર જો કોઈ હોય તો તે નવકાર મંત્ર છે અને એ નવકારમંત્રની અંદર આ વાત કહેવામાં આવી કે 'એસો પંચ નમુક્કારો' આ પરમાત્માને કરેલા નમસ્કાર, આ પંચ પરમેશ્વરને કરેલા નમસ્કાર તેનો પ્રભાવ શું? શા માટે અમારે નમવાનું? તેનાથી અમને શું મળશે? તેનો કંઈ પ્રભાવ? તો કહે, ''હા પ્રભાવ છે. 'એસો પંચ નમુક્કારો સવ્વપાવપ્પણાસણો' પ્રભુને કરેલો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરે છે. તે જ વાત સંત તુલસીદાસજી કરી રહયાં છે.

''જહાં રામ, વહાં કામ નહીં, જહાં કામ વહાં નહીં રામ
તુલસી દોનો ના રહે, રામ કામ એક ઠામ''

જયાં પરમાત્મા પધાર્યા ત્યાં પાપો કેવી રીતે ટકી શકે? હૃદયમાં એકવાર પરમાત્માને સ્થાન આપી દો અને અનન્ય ભાવે પ્રભુની શરણાગતિ સ્વીકારી લો. જુઓ... જીવન નિષ્પાપ બને છે કે નહીં?

સૂર્ય અને રાત્રિ બંને એક સાથે હોઈ શકે ખરા? રાત હોય તો સૂર્ય દેખાય? અને સૂર્ય હોય તો રાત કહેવાય? બંને જેમ ભેગા રહી શકતા નથી. એમ સંત તુલસીદાસજી કહે છે કે પરમાત્મા અને પાપ આ બંને એક સાથે રહી શકતા નથી.

નિષ્પાપ બનવું હોય તો પરમાત્માના શરણે ચાલ્યા જાઓ. અનન્ય ભાવે તેની શરણાગતિ સ્વીકારી લો. એ માટેની પદ્ધતિ મેં તમને સમજાવી પહેલાં પરિચય પછી પ્રેમ, પછી શ્રદ્ધા, પછી શરણ અને

પછી સમર્પણ.આ આખોય વિકાસનો ક્રમ છે અને સમર્પણની ભૂમિકા એ છેલ્લી ભૂમિકા છે.

જે દિવસે આપણાં હૃદયમાં આ શ્રદ્ધા મજબૂત થઈ જશે કે પરમાત્મા મારું યોગક્ષેમ કરી રહયા છે, પરમાત્મા મારી રક્ષા કરી રહયાં છે, પરમાત્મા જ મારા કલ્યાણનું કારણ છે તે દિવસે પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા સ્થાપિત થયા વિના રહેશે નહીં.

તેમની શક્તિને ઓળખી લો. પંચસૂત્રના એક જૈન પ્રાચીન ગ્રંથની અંદર આ વર્ણન છે કે, 'એ ભગવાન કેવા છે?' અચિંત્ય શક્તિ યુકત છે. તેની શક્તિ કેવી રીતે કામ કરે છે? એ આપણું કલ્યાણ કેવી રીતે કરે? એ આપણી શું રક્ષા કરે? આવા બધા વિચારો નહીં કરતા કારણકે તેની શક્તિ અચિન્ત્ય છે. ચિંતનનો વિષય નથી. આપણી બુદ્ધિની ફૂટપટ્ટી બહુ ટૂંકી છે અને પરમાત્માનો પ્રભાવ અચિન્ત્ય છે એનું ચિંતન નહીં કરી શકાય છતાં તેની શક્તિ કામ કરી રહી છે. ''એ સર્વજ્ઞ છે, એ સર્વકલ્યાણને પામેલા છે અને વિશ્વના સમગ્ર જીવોના કલ્યાણનું મુખ્ય કારણ છે.'' એમ કહી દીધું.

આ વિશ્વાસ અને શ્રદ્ધા તમારા અને મારા મનમાં જયાં સુધી નહીં આવે ત્યાં સુધી મંદિરો કદાચ આપણે બાંધતા રહીશું, મૂર્તિઓની સ્થાપના કરતા રહીશું, મૂર્તિપૂજા કરતા રહીશું અને ટેવ મુજબ દેરાસરો અને મંદિરોમાં કલાકો વિતાવતા રહીશું પણ પરમાત્માની ચેતના સાથે આપણી ચેતના જોડાઈ નહીં શકે અને જયાં સુધી પરમાત્માની એ વિશુદ્ધ ચેતના જે પરમ આનંદ, પરમ શક્તિ,

અને પરમ શાંતિનો પુંજ છે તેની ચેતના સાથે આપણી ચેતના જોડાશે નહીં ત્યાં સુધી આપણને શાંતિ, આનંદ, પવિત્રતા અને પ્રકાશની પ્રાપ્તિ કેવી રીતે થઇ શકશે?

એક વખત જોડાઇ જાઓ અને પછી જુઓ કે આપણી અશાંતિ દૂર થાય છે કે નહીં? ગમે તેવા બળબળતા બપોરે પણ ધોમધખતા તાપમાં ચાલ્યા જતા હો પણ કોઈ રસ્તામાં અચાનક ઘટાદાર વૃક્ષ આવી જાય અને તેની નીચે જઈને બેસો ત્યારે 'હાશ...' એમ થાય છે કે નહીં, તે અનુભવ કરનારા આપણે, અનેક પ્રકારના સંઘર્ષો, સમસ્યાઓ અને ચિંતાઓથી ઘેરાયેલા આપણે, કયારેક પરમાત્માના શરણે ચાલ્યા જઈએ, પરમાત્માના મંદિરમાં જઈએ પછી 'હાશ...' એવો અનુભવ આપણને કયારેય થયો છે ખરો? જઈએ છીએ, અનુભવ નથી. કારણકે આપણી ચેતના જોડાયેલી નથી નહીં તો બહારનું કોઇ તત્ત્વ આપણને કેમ હલાવી શકે?

નરસિંહ મહેતાની ચેતના તે પરમ તત્ત્વની સાથે જોડાઇ ગઇ હતી. માટે જ નરસિંહ મહેતાના જીવનમાં સ્વસ્થતા સહજ બની ગઇ હતી. એ નરસિંહ મહેતા જૂનાગઢના ચોકમાં કરતાલ લઈને ભજન ગાતા બેઠા હોય અને ત્યાં ચાર માણસો દોડતા દોડતા આવી સમાચાર આપે કે, ''મહેતા... જલદી ઘરે ચાલો.... માણેકબા વૈકુંઠવાસી થયાં છે. ભાભી ગુજરી ગયાં...'' માણેકબા બિમાર નહોતા. તે મૃત્યુ પામશે તેવી કોઈ કલ્પના નહોતી પણ નરસિંહ મહેતા મસ્તીથી ચોકમાં ભજન ગાતા બેઠા છે. એમાં અચાનક જ અણધાર્યા

સમાચાર મળ્યા છે કે એમના પત્ની એકાએક આ લોક છોડી ચાલ્યા ગયાં છે. જ્યારે આ સમાચાર મળ્યા ત્યારે નરસિંહ મહેતાને શું થયું હશે? પોક મૂકી હશે તેમણે? ના, 'ભલું થયું ભાંગી જંજાળ... સુખેથી ભજશું શ્રી ગોપાલ.' મને એમ લાગે છે કે તમને જે સુશીલ, સમજદાર અને સમર્પિત પત્નીઓ મળી છે કે તેવી કદાચ નરસિંહ મહેતાને નહીં મળી હોય અને તેથી જ કદાચ તેણે કહ્યું, 'ભલું થયું ભાંગી જંજાળ... સુખે ભજશું શ્રી ગોપાલ.' ગાયું હશે ને ?

તમે નરસિંહ મહેતાને ઓળખો તેમ માણેકબાને પણ ઓળખો ને? નરસિંહ મહેતા જેવા મહાન ભક્ત આત્માની પત્ની બનીને જેમણે તેના પડખા સેવ્યા હશે, જેણે એના કંઠે ગવાતા ભજનો સાંભળ્યા હશે અને પરમાત્માની અનંત શક્તિની વાતો રાતના કલાકો ના કલાકો બેસીને જેણે નરસિંહ મહેતાના મોંએ સાંભળી હશે એ માણેક બા કેટલા મહાન હશે તમે કલ્પના તો કરો ! અને એવું એક પાત્ર, નિકટમાં નિકટનું પાત્ર અચાનક આ દુનિયા છોડી પોતાને મૂકી ચાલ્યું ગયું છે તે સમાચાર મળે તે સંસારી જીવ માટે સૌથી મોટી આઘાત જનક ઘટના છે, એ સામાન્ય ઘટના નથી અને છતાંય એ આઘાત પચાવી જવો,સહજતાથી સ્વીકારી લેવો કોઈ સામાન્ય વાત નથી તે નરસિંહ મહેતા જ કરી શકે તમે અને હું નહીં.

જીવનનો શાંત ભાવે સ્વીકાર કરવાની શક્તિ પરમાત્માની ભક્તિમાંથી જ આવે છે બાકી ગમે તેવો બુદ્ધિશાળી માણસ, ગમે તેવો શક્તિશાળી માણસ, ગમે તેવો સંપત્તિવાન જીવનના કોઈ તબક્કે

એવો પડી ભાંગશે કે તેને ઝાલનાર કોઈ નહીં હોય, યાદ રાખજો ! દુનિયાનો અભ્યાસ કરજો, બુધ્ધિ જીવીઓ પણ અશાંતિનો ભોગ બને છે, સંપત્તિવાનો પણ અશાંતિનો ભોગ બને છે, શક્તિશાળીઓ પણ રીબાઈ રીબાઈને મરે છે એને ચિત્તની પ્રસન્નતા આપનાર કોઈ તત્ત્વ નથી હોતું અને કદાચ કોઈકની પાસે એટલી શક્તિ નથી, સંપત્તિ નથી પણ પરમ તત્વો પ્રત્યેની ભક્તિ છે તો એ માણસો 'સુખે ભજશું શ્રી ગોપાલ' ભજી શકે છે?

જેમ સ્વાત્માના ચૈતન્ય સાથે જોડાવાનું છે, જેમ જીવાત્માના ચૈતન્ય સાથે જોડાવાનું છે. એમ પરમાત્માના ચૈતન્ય સાથે પણ જોડાવું પડશે. જયાં સુધી આપણી એ ચેતના જોડાશે નહીં ત્યાં સુધી આપણે સુખ, શાંતિ અને આનંદની ઝંખનાને પૂર્ણ નહીં કરી શકીએ.

ગમે તેવી વિષમતા વચ્ચે પણ તમને શાંતિ કોણ આપશે? તમે એમ માનો છો કે જીવનમાં સર્જાયેલી ઉથલ પાથલોથી બળતા હૈયાને એરકન્ડીશનર શાંત કરી શકશે? નવું ઈમ્પોર્ટેડ એ.સી. તમે તમારા રૂમમાં લગાવ્યું હોય તે એ.સી. રૂમના વાતાવરણને ઠંડું કરી શકે છે, પણ હૃદયને ઠંડુ કરવાની તાકાત તે એ.સી.માં નથી.

એકદમ કોલ્ડ થયેલા રૂમની અંદર ફૂલ એ. સી. ચાલુ કરીને માણસ સુતો હશે પણ ટેન્શનો અને ચિંતાઓ, ઉપાધિ અને ઉદ્વેગો એનો ભાર લઈ એ ઠંડા કરેલા રૂમની અંદર જઈ માણસ ડનલોપના ગાદલામાં સુવે છે પણ અડધી રાત્રે એને ઊંઘ આવતી નથી તે પડખા ફેરવે છે. અંદરની બળતરા તેને દઝાડી રહી છે. કોણ આપશે ત્યારે

તેને ટાઢક? અત્યારે મને આપણા જાણીતા શાયર 'મરીઝ'ની પંક્તિઓ યાદ આવે છે. એક ગઝલમાં એમણે બહુ સરસ વાત કરી છે:

જે મસ્તી હોય છે આંખોમાં, તે સુરાલયમાં નથી હોતી,
અમીરી અંતરની કોઈ મહાલયમાં નથી હોતી.

માણસનો ફ્લેટ એકદમ વૈભવી હોય, આધુનિક ફર્નીચરથી સજાવેલો હોય પણ માની લેવાની જરૂર નથી કે બહારથી જે અમીરી દેખાય છે તેની અંદર રહેનારો માણસ હૃદયનો પણ એટલો જ અમીર હશે ! ઘણી વખત બહારથી અમીર દેખાતો માણસ હૃદયનો દરિદ્ર હોય છે અને બહારથી દરિદ્ર દેખાતો માણસ અંદરથી અમીર હોય છે. એટલા માટે શાયર કહે છે કે:

જે મસ્તી હોય છે આંખોમાં તે સુરાલયમાં નથી હોતી.
અમીરી અંતરની કોઈ મહાલયમાં નથી હોતી.
શીતળતા પામવા હે માનવી તું ક્યાં દોટ મૂકે છે?
જે પ્રભુના ચરણમાં છે તે હિમાલયમાં નથી હોતી.

પરમાત્માના શરણે ચાલ્યા જાઓ ત્યાંથી જે શીતળતા મળશે ત્યાંથી જે હાશ... મળશે, ત્યાંથી જે ટાઢક મળશે તે દુનિયાની કોઈ સંપત્તિ, કોઈ શક્તિ, કોઈ સાધનો તમને નહીં આપી શકે. દુનિયાનો ઈતિહાસ તપાસી લો, શાંતિ એમાંથી જ મળી છે, પણ તેને માટે એક જ કામ કરવું પડે, આપણાં હૃદયની અંદર પરમાત્મા પ્રત્યેની શરણાગતિનું એ.સી. બેસાડી દેવું પડે.

આપણાં હૃદયમાં આપણે કોને બેસાડયા છે? ભક્તની વ્યાખ્યા તો આપણા સંતોએ આપી છે કે ભક્ત એનું નામ કહેવાય કે જે સદાય ભગવાન સાથે જોડાયેલો હોય.

એ ભગવાનનાં મંદિરમાં જાય ત્યારેય ભગવાનમય હોય અને મંદિરની બહાર નીકળીને પણ ઘરે જાય કે દુકાનમાં જાય ત્યારે પણ ભગવાનનો હોય, સતત જે ભગવાન સાથે જોડાયેલ હોય તેનું નામ ભક્ત છે. આપણી સ્થિતિ શું છે? આપણે કયાં છીએ ? તમને ખબર છે ?

પંચ તંત્રમાં એક વાર્તા આવે છે. એક વખત દરિયા કિનારે નાળિયેરીનું વૃક્ષ હતું અને નાળિયેરી ઉપર એક વાંદરી રહેતી હતી.એકલી એકલી તે કંટાળી જતી અને એને એમ થતું કે કોઈકનો સંગાથ હોય તો સારું ! એમાં એક વખત દરિયામાંથી બહાર કિનારા પર એક બે મગરમચ્છ નીકળ્યાં તેને જોઈ વાંદરીને એમ થયું કે, ''આ મારા જેવાં કોઈક પ્રાણીઓ છે તેની સાથે દોસ્તી બાંધી લઉં.''

વાંદરી નીચે આવી. મગરીની સાથે તેણે વાતો શરુ કરી. ધીમે ધીમે ઓળખાણ થઈ, પરિચય વધતો ગયો, સંબંધ બંધાતો ગયો. વારંવાર એકબીજાને મળતા ગયાં તેમાં એકબીજા સાથે મૈત્રી થઈ ગઈ હવે જયારે પણ વાંદરી ઉપરથી જુએ કે મગરી કિનારા ઉપર આવી છે કે તરત તે કૂદકો મારી નીચે આવે. મગરી અને વાંદરી વાતો કરે અને છૂટા પડે. આમ ને આમ ઘણો સમય પસાર થઈ ગયો. એક દિવસ મગરી બહાર આવી, વાંદરી તેને મળવા આવી ત્યારે પેલી મગરી

વાંદરીને કહે છે કે, ''સખી, હું તો રોજ રોજ તને મળવા આવું છું. તું તો કોઈ દિવસ મારે ત્યાં આવતી જ નથી. આજે તો તારે મારા ઘરે આવવું પડશે. તું મારી સાથે ચાલ !''

વાંદરી કહે, ''તારું ઘર તો ઘૂઘવતો સાગર છે. આ પાણીમાં હું કેવી રીતે આવું? તું તો તરી શકે છે પણ હું તો ડૂબી જાઉં. હું કેવી રીતે આવું ?'' મગરી કહે, ''એની ચિંતા નહીં કર, મિત્રતા કોનું નામ? તારી સંભાળ હું નહીં રાખું? એક કામ કર, તું મારી પીઠ પર બેસી જા હું પાણીમાં સરકીશ અને તરતી તરતી તને લઈ જઈશ. ડૂબવા નહીં દઉં ચાલ.''

વાંદરી તો મગરીની પીઠ પર બેસી ગઈ. સરકતા સરકતા હવે કૂદકો મારીને પણ વાંદરી બહાર ન આવી શકે તેટલી હદે દરિયામાં ચાલ્યા ગયા પછી મગરી વાંદરીને કહે છે કે, ''જો સખી ! હવે તને કહી દઉં, અમારે વળી ઘર કેવા? કે મેં તને કહયું કે અમારે ઘરે ચાલ, આ પાણી એ જ અમારું ઘર છે અને બીજું મારે તારું કંઈ કામ નથી.

હું તને સમજીને જ અહીં લઈ આવી છું. હું મારા બચ્ચાને પણ વાત કરતી હતી કે મારી એક ખાસ બહેનપણી છે.વાંદરી બહુ સરસ છે. આજે મારા બચ્ચાઓએ જીદ લીધી કે અમારે વાંદરીનું કલેજું ખાવું છે, આ બાળકોની જીદ પાસે તો ઝૂકવું જ પડે એટલા માટે હું તને અહીં લઈ આવી છું. હમણાં જ મારા બચ્ચાઓ આવશે અને તને ફાડી ખાશે. તારું કલેજું એમને ખાવું છે.''

વાંદરી તો ગભરાણી, ''મરી ગયા... આપણે તો ગયા કામથી..'' વાંદરી કહેવા લાગી, ''અરે સખી ! તું શું બોલે છે? કલેજું શું સર્વસ્વ આપી દઉં ! એકબીજા માટે જો ઘસાઈ ન છુટીએ અને એકબીજા માટે સર્વસ્વ ન્યૌચ્છાવર કરવાની તૈયારી ન હોય તેને મૈત્રી કહેવાય? અરે ! કલેજુ શું બધું આપી દઉં પણ ગાંડી પેલા જરાક મને વાત તો કરવી હતી?'' મગરી કહે, ''કાં?'' તો કહે, ''મારું કલેજું તો હું ઝાડ પર મૂકીને આવી છું.''

મગરી કહે, ''હેં... શું કહે છે તું? કલેજું નથી લાવી?'' તો કહે, ''ના, એટલે તો કહું છું પહેલા કહયું હોત તો લઈ આવત ને?'' તો કહે, ''મારા છોકરાઓને તો કલેજું ખાવું છે, હવે?'' તો કહે, 'કાંઈ વાંધો નહીં ચાલ ને પાછા જઈએ અને હમણાં જ જઈને કલેજું લઈ આવીએ, તારી ખાતર શું આટલું નહીં કરું?''

મગરી હવે તેની વાતોમાં આવી ગઈ. મગરી હવે તેને પાછી પીઠ પર બેસાડી બહાર લઈ આવી કિનારે આવી ને વાંદરી કૂદકો મારી ઝાડ પર ચડી ગઈ અને બોલી, 'બાય બાય...ટાટા' તારો અને મારો આજ થી સંબંધ પૂરો થઈ ગયો. અલી ગાંડી ! કલેજા તે કોઈ દિવસ ઝાડ પર લટકાવાતા હશે? અકકલ વગરની !''

હૃદય પ્રભુના ચરણોમાં

પંચતંત્રની આ વાર્તા સાચી હોય કે ખોટી. આપણને તેની સાથે નિસ્બત નથી પણ આપણને ઘણું બધું કહી જાય છે. મેં જયારે આ વાર્તા વાંચી ત્યારે મને તરત જ વિચાર આવ્યો કે ભગવાનનો

ભક્ત કેવો હોય? ગમે ત્યાં જાય સંસારમાં જાય, દુકાનમાં જાય, વ્યવહારમાં જાય કે ગમે ત્યાં જાય પણ તેનું કલેજું ભગવાનના ચરણોમાં મૂકીને જાય તેનું નામ ભક્ત. ગમે ત્યાં જાય પણ તેનું હ્રદય તો ભગવાનના ચરણમાં જ હોય. સતત તેના ચિત્તમાં પ્રભુ જ રમતા હોય કારણકે શરણાગતિ.

જેને શરણે રહીએ અને જેને ચરણે રહીએ તેની સ્મૃતિ કયારેય ભૂલાય નહીં અને એટલે હું પુછું છું કે, 'તમે સંસારમાં જાઓ તેનો વાંધો નથી, સંસારની પ્રવૃત્તિઓ કરો તેનો વાંધો નથી પણ હ્રદય ભગવાનના ચરણોમાં મૂકીને જાઓ ને? મંદિરમાંથી ઘરે જઈએ ત્યારે હ્રદય ભગવાનના મંદિરમાં મૂકીને જઈએ કે ઘરેથી મંદિરે જઈએ ત્યારે હ્રદય ઘરમાં મૂકીને જઈએ? મંદિરમાં જઈએ ત્યારે પણ આપણું હ્રદય કયાં હોય? ભક્ત કોને કહેવાય?ભક્ત જયાં જાય ત્યાં પ્રભુની યાદ તેના ચિત્તમાં હોય અને પ્રભુને પલભર પણ ભૂલે નહીં તેનું નામ ભક્ત કહેવાય.

ભકત અને સંસારી વચ્ચેનો ફર્ક

હું તો ઘણીવાર કહેતો હોઉં છું કે ભગવાનનો ભકત એકવાર કોઈક સંસારના કામ માટે પણ નીકળ્યો હોય. ધંધા માટે નીકળ્યો હોય, પણ રસ્તામાં જો કોઇ મંદિર આવતું હોય, તીર્થ આવતું હોય તો તે દર્શન કર્યા વગર રહે નહીં. એને એમ થાય કે આ બધી ભવની જંજાળ તો લખાયેલી જ છે. લાવ, જરા મારા વહાલાને જોઇ તો લઉં, તેના દર્શન તો કરી લઉં, તેની પૂજા તો કરી લઉં, તે પરમાત્મા પ્રત્યેનો પ્રેમ

તેને ખેંચ્યા વિના રહે નહીં એટલે એ ધંધો કરવા નીકળ્યો હોય ત્યાં પણ જાત્રા કરીને આવે અને સંસારી માણસ એ જાત્રા કરવા નીકળ્યો હોય ત્યાં પણ કંઈક ધંધો કરીને આવે આટલો બંનેમાં ફર્ક. સંસારી માણસ તીર્થ યાત્રા કરવા ગયો હોય ત્યાં પણ ધર્મશાળામાં બાજુના રૂમમાં કોઈક મળી ગયું હોય તો ત્યાં એકાદો સોદો કરીને આવે. એ તીર્થમાં પણ ધંધાની વાતો કરે, મંદિરમાં પણ ધંધાના જ વિચારો કરે. સંસારી તે જ કહેવાય જે તીર્થસ્થાનમાં કે મંદિરમાં જઈ ધંધો કરી આવે. ભક્ત તેને કહેવાય જે ધંધો કરવા ગયો હોય ત્યાં પણ જાત્રા કરી આવે.

આપણને સુખ અને શાંતિ જોઈએ છે, આનંદ અને પ્રસન્નતા જોઈએ છે પણ આપણે જડ તત્ત્વો સાથે સતત જોડાયેલા રહયાં છીએ. જેનામાં સુખ આપવાની તાકાત જ નથી. જેનામાં ખરેખર એ શક્તિ છે તેની સાથે એકવાર તો જોડાઈ જુઓ ! થોડોક સમય તો એ અનુભવ કરી જુઓ ! જુઓ જીવનમાં કેવી મસ્તી આવી જાય છે ! કેવી સહજતા આવી જાય છે, કેવી શાંતિ આવી જાય છે પછી કોઈ ઉચાટ નહીં રહે, કોઈ ફરિયાદ નહીં રહે. એટલા માટે જ આપણે ત્યાં સાધનાના વિવિધ માર્ગની અંદર ભક્તિને જ શ્રેષ્ઠ ગણવામાં આવી છે કારણકે આ માર્ગ એક એવો માર્ગ છે જેમાં ભયસ્થાનો બહુ ઓછા છે, નિર્ભય માર્ગ છે, સરળ માર્ગ છે, સચોટ માર્ગ છે.

જ્ઞાન માર્ગ, ક્રિયામાર્ગ, યોગમાર્ગ આ બધામાં કેટલાક ભય સ્થાનો છે.કયાંક અહંકારનું ભયસ્થાન છે તો કયાંક આસક્તિનું ભય સ્થાન છે પણ એક જ ભક્તિ માર્ગ એવો છે કે જે એકદમ સરળ અને સચોટ છે.

બાવડાથી નહીં, નાવડાથી તરો

એક ચિંતકે બહુ સરસ ઉપમા આપી. તેમણે એમ કહયું કે, 'સાધનાના બીજા બધા માર્ગો છે એ બાવડાથી સમુદ્ર તરવા જેવા છે. ભક્તિ માર્ગએ નાવડાથી સમુદ્ર તરવા જેવો છે.' સમુદ્ર બાવડાથી પણ તરી શકાય છે અને નાવડામાં બેસીને પણ તરી શકાય છે, પણ સહેલો અને સચોટ રસ્તો કયો?

બાવડાના જોરે તરવા જાઓને જો રસ્તામાં કયાંક ગરબડ થઈ, થાકયા તો? દરિયામાં જ જાઓ પણ જો એ નાવડામાં એકવાર બેસી ગયા અને સુકાનીને નાવ સોંપી દીધું પછી ઊંઘી પણ ગયા તો સામા કિનારે તે તમને પહોંચાડી દે છે.

શું કરવું છે? 'કહે છે ઊંઘી જવું છે !' તમને ખબર છે કે ઊંઘવાની એને જ છૂટ છે જે સંપૂર્ણ શ્રદ્ધા સાથે સુકાન કોઈકને સોંપી શકતો હોય. ઊંઘી જાઓ, મને વાંધો નથી પણ પૂર્ણ શ્રદ્ધા સાથે તેને સુકાન સોંપવાની તમારી તૈયારી છે? વિશ્વાસ છે? કે ગમે તેટલા ઝંઝાવાતો હશે, તોફાનો આવશે પણ મારો સુકાની એટલો સર્વ શક્તિમાન છે કે બેડો પાર ઉતાર્યા વિના નહીં રહે. ગમે તેવી મુસીબતોમાં પણ તેજ એક આપણને પાર ઉતારી શકે છે. એક શાયરે બહુ સરસ વાત કરી કે:

'કસ્તિયાં કિનારે પે પહુંચ જાતી હૈ,
ના ખુદા જિનકા નહીં ઉનકા ખુદા હોતા હૈ।'

જે નાવડીનો કોઈ ખૈવૈયો નથી, કોઈ સુકાની નથી એવી જીવન નાવડી નો પણ એક ખેવૈયો બેઠો છે. જેનો કોઈ નાવિક નથી તેનો નાવિક પ્રભુ બેઠો છે. તમે તેનાં શરણે ચાલ્યા જાઓ. અનન્ય ભાવે શરણાગતિ સ્વીકારી લો. ''પ્રભુ હું તારો જ છું અને તું મારો છે.'' આટલો વિશ્વાસ સ્થાપિત થઈ જાય તો તેને આપણી ચેતના સાથે જોડાઈ જતાં વાર નહીં લાગે, એક વખત પરમાત્માની ચેતના સાથે આપણી ચેતના જોડાઈ ગઈ તો ગમે તેવી અશુદ્ધ ચેતના પણ વિશુદ્ધ બન્યા વિના રહેશે નહીં. આપણી અશુદ્ધ ચેતનાને પણ વિશુદ્ધ બનાવવી છે તો પરમાત્માની એ વિશુદ્ધ ચેતના સાથે જોડી દો. કનેકશન લઈલો પાવર હાઉસ સાથે. અંધારા દૂર થયા વિના રહેશે નહીં. બધે જ અજવાળા પથરાઈ જશે.

આપણે માત્ર આ કનેકશન લેવાનું કામ કરવાનું છે. પરમાત્મા સાથે આપણે કનેકશન લીધું છે ખરું? અનન્ય ભાવે શ્રદ્ધા સ્થાપિત કરીને આપણે કયારેય જીવનમાં શરણાગતિ સ્વીકારી છે? જેવી મીરાંની હતી, જેવી નરસિંહ મહેતાની હતી, જેવી ચંદનબાળાની હતી, તેવી કોઈ શ્રદ્ધા કે શરણાગતિની ભાવના આપણાં હૃદયમાં કેળવાઈ છે ખરી? કેવા કેવા ઝંઝાવાતો આવ્યા, પણ એ ચંદનબાળાએ કોઈ દિવસ મહાવીર સ્વામી પાસે ફરિયાદ નથી કરી કે, ''પ્રભુ ! હું તમારામાં શ્રદ્ધા રાખનારી, તમને મારા હૃદયના તારણહાર માનનારી અને મારા જીવનમાં આવું તોફાન?'' કોઈ ફરિયાદ નથી કરી ત્યારે માત્ર પરમાત્માને ફરી ફરી યાદ કર્યા છે મુસીબતની અંદર.

ફરિયાદ કરવાનું છોડી દો. મુસીબતો જયારે આવે ત્યારે ફરી ફરી યાદ કરવાનું શરુ કરી દો પછી જુઓ ! જીવનમાં મસ્તી આવી જાય છે કે નહીં ? પછી આપણે પણ કહીશું કે, 'સુખે ભજશું શ્રીગોપાલ'

તો ચાલો, ચૈતન્યને આરાધીએ. ચૈતન્યની સાથે આપણે સંબંધ બાંધી લઈએ. સ્વાત્માને ઓળખી લઈએ, જીવાત્માઓ સાથે મૈત્રીનો સેતુ બાંધી લઈએ અને પરમાત્માના શરણે ચાલ્યા જોઈએ.

સંપૂર્ણ શરણાગતિ. બિનશરતી શરણાગતિ. ભગવાનની શરણાગતિ તો હું સ્વીકારું પણ ભગવાન મારું ધ્યાન રાખશે? એવી શરત કરવી છે? તો 'રહેવા દો... કોઈ જરૂર નથી. વિશ્વાસ નથી અને શરણાગતિ સ્વીકારવાની તૈયારી નથી તો કંઈ જ નહીં થઈ શકે. એક વખત આત્મ અનુભવ કરી જુઓ અને એક વાત યાદ રાખજો. ગમે તેવો જ્ઞાની હોય, ગમે તેવો યોગી હોય, ઈતિહાસ એમ કહે છે કે તમે જો તેના જીવનને તપાસશો તો છેવટે એ યોગી જ્ઞાનીઓ પણ પરમાત્માના પરમ ભક્ત બનીને જ રહયાં છે. કારણ કે જ્ઞાનયોગનું પણ અંતિમ પરિણામ જો કોઈ હોય તો તે સંપૂર્ણ સમર્પણ છે.બીજું કંઈ નથી.

આ પ્રભુની શરણાગતિ તમે અને હું સ્વીકારીએ, હૃદયના અનન્ય ભાવ સાથે સ્વીકારીએ અને આપણી ચેતનાને પરમાત્માની ચેતના સાથે જોડી દઈએ તો ચૈતન્યના આ ત્રીજા તબક્કાને આપણે પામ્યાં કહેવાઈશું. આપણી ચેતના સ્વાત્મા, જીવાત્મા અને પરમાત્મા આ ત્રણેય સાથે જોડાવાનું શરુ કરી દે, જડથી વિભક્ત થઈ જઈએ અને ચૈતન્ય સાથે જોડાતા જઈએ. એ સિદ્ધિ આપણે આપણાં જીવનમાં

પ્રાપ્ત કરીએ. તો આપણી જન્મોજન્મની જે ઝંખના છે. પરમ સુખને પામવાની, પરમ આનંદને પ્રાપ્ત કરવાની એ ઝંખના પૂર્ણ થશે.

પરમાત્માની કૃપા આપણા સૌની ઉપર નિરંતર વરસી રહી છે. પરંતુ આપણે તેના પાત્ર બનીએ, એના પ્રભાવે આપણા તનના તાપ અને મનના સંતાપ દૂર કરી આપણે પરમ પ્રસન્નતાને પામીએ એવી સમગ્ર સમજણ, એવી શક્તિ, એવી શ્રદ્ધા અને એવા સંયોગો આપણને સૌને પ્રાપ્ત થાય તેવી પરમ કૃપાળુ પરમાત્માના ચરણોમાં અંતઃકરણની પ્રાર્થના...!

પૂજ્ય શ્રી જિનચંદ્રજી મહારાજના પ્રવચનોની ડી.વી.ડી. નું લીસ્ટ

ક્રમ	પ્રવચનનું નામ	સી.ડી નંગ
૧.	જૈન ધર્મોઽસ્તુ મંગલમ્	૧
૨.	કરુણામૂર્તિ રાજકુમાર અનંગસેન	૧
૩.	ચિંતન કર્મનું... પ્રાપ્તિ ધર્મની	૧
૪.	કળવા ફળ છે ક્રોધનાં	૧
૫.	સંસ્કારોની પરંપરા	૧
૬.	સંત પરમ હિતકારી	૧
૭.	અમર બલિદાન	૧
૮.	ભગવાન મહાવીરની જીવનકથા	૧
૯.	ગુણાનુરાગની સાધના	૧
૧૦.	સ્વાત્માને ઓળખીએ	૧
૧૧.	જીવાત્માઓ સાથે મૈત્રી બાંધીએ	૧
૧૨.	પરમાત્માને શરણે જઈએ	૧
૧૩.	સુખીજીવનના નવ પગથિયા(ગુજરાતી)	૧
૧૪.	સુખી જીવન કે નવ સૂત્ર (હિન્દી)	૧
૧૫.	જીવન બીજું કાંઈ નહીં, બાવન પત્તાની વાત છે.	૧
૧૬.	નવગ્રહ પૂજન (વિવેચન અને પૂજન)	૧
૧૭.	નવગ્રહ પૂજન (હિન્દી વિવેચન)	૧
૧૮.	શ્રી યંત્રનો મહિમા અને અષ્ટલક્ષ્મીનું સ્વરૂપ	૧

ક્રમ	પ્રવચનનું નામ	સી.ડી. નંગ
૧૯.	શ્રી યંત્ર કી મહિમા એવં અષ્ટલક્ષ્મી કા સ્વરૂપ	૧
૨૦.	જૈનધર્મમાં કર્મ વિજ્ઞાન ભાગ –૧	૩
૨૧.	જૈન ધર્મમાં કર્મ વિજ્ઞાન ભાગ–૨	૩
૨૨.	સમ્યગ્દર્શનનું સમ્યગ્દર્શન	૧
૨૩.	સમ્યક્ત્વની પ્રાપ્તિના પાંચ લક્ષણ	૧
૨૪.	જૈન ધર્મના વિધિ વિધાનો	૧
૨૫.	જૈન ધર્મના વિશિષ્ટ ઉત્સવો	૧
૨૬.	જૈન પર્વો વિશે જાણવા જેવું	૧
૨૭.	ધર્મ : વિવિધ સંતોની નજરે	૩
૨૮.	ભગવાન મહાવીર અને તેમનું તત્ત્વજ્ઞાન	૧
૨૯.	આવો પર્યુષણ પર્વને ઓળખીએ	૨
૩૦.	પર્વાધિરાજ પર્યુષણ	૧
૩૧.	વિશ્વતંત્રના ચાલક પરિબળો : પંચકારણવાદ	૧
૩૨.	બંધન અને મુક્તિનું તત્ત્વજ્ઞાનઃ નવતત્ત્વ	૧
૩૩.	આપણો સાંસ્કૃતિક વારસો	૧
૩૪.	જૈન ધર્મની ચાર વિશેષતાઓ	૧
૩૫.	જૈન દર્શનમાં કર્મવિજ્ઞાનઃ કર્મબંધના મુખ્ય કારણો	૧
૩૬.	જૈનદર્શનમાં કર્મવિજ્ઞાનઃ કર્મના આઠ પ્રકારો અને તેની અસરો	૧
૩૭.	પ્રભુ મહાવીરના પૂર્વભવમાંથી પ્રાપ્ત થતી પ્રેરણાઓ	૧

ક્રમ	પ્રવચનનું નામ	સી.ડી. નંગ
૩૮.	સંસ્કૃતિક પ્રવર્તક ભગવાન ૠષભદેવનો ઈતિહાસ	૧
૩૯.	જૈન ઈતિહાસના તેજસ્વી પાત્રો	૧
૪૦.	ધર્મક્રિયાના પાંચ પ્રકારો	૨
૪૧.	મૃત્યુનો મહોત્સવ	૧
૪૨.	સદ્દગુરુની ઉપાસના	૧
૪૩.	પાર્શ્વનાથ મંત્ર આરાધના	૧
૪૪.	પદ્માવતી દેવીનો મહિમા	૧
૪૫.	નવકાર મંત્રનો મહિમા	૧
૪૬.	સરસ્વતી સાધનાનું મહત્ત્વ	૧
૪૭.	સરસ્વતીનું સ્વરૂપ અને સાધના વિધિ	૧
૪૮.	ગૌતમ સ્વામી આરાધના	૧
૪૯.	દીપાવલિનો દિવ્ય સંદેશ	૧
૫૦.	બારસાસૂત્રનો રસાસ્વાદ	૧
૫૧.	કલ્પસૂત્ર વિશે જાણવા જેવી વાતો	૧
૫૨.	પંચસૂત્રની પ્રવચનધારા (૧૧ ડી.વી.ડી. સેટ)	૧૧
૫૩	પૂછો અને પામો	૧
૫૪.	જૈન ધર્મનો સાર	૧
૫૫.	માતૃભકત મહાવીર	૧
૫૬.	પ્રભુની અચિંત્ય શક્તિ	૧

ક્રમ	પ્રવચનનું નામ	સી.ડી. નંગ
૫૭.	ગ્રંથાધિરાજ કલ્પસૂત્ર	૧
૫૮.	પતન અને પુનરૂત્થાન	૧
૫૯.	ક્ષમાધર્મની સાધના	૧
૬૦.	જીવનના રંગો પલટાય છે.	૧
૬૧.	ચૈતન્યની આરાધના	૧
૬૨.	ધર્મની પરિભાષાઃ કલ્યાણકારી ધર્મ	૧
૬૩.	શ્રી ભકતામર સ્તોત્રમ્ (હિન્દી વિવેચન)	૧
૬૪.	સમાધિ મરણની સાધના	૨
૬૫.	જૈનોની કુળદેવી : જીવદયા	૧
૬૬.	સાધર્મિક ભક્તિના પ્રકારો	૧
૬૭.	તપ ધર્મનો મહિમા	૧
૬૮.	ખમીએ અને ખમાવીએ રે.. ક્ષમાપના	૧
૬૯.	જિનમૂર્તિનું મહત્ત્વ	૧
૭૦.	પ્રભુ ભક્તિનો મહિમા (ચૈત્ય પરિપાટી)	૧
૭૧.	પ્રવચનનો પ્રભાવ (જીવન પરિવર્તનની સત્ય ઘટનાઓ)	૧
૭૨.	ચાલો, હૃદયમાં મહાવીરનો જન્મ કરીએ	૧
૭૩.	ભગવાન મહાવીરનો જન્મ અને સાધનાકાળ	૧
૭૪.	મહાવીરનો માર્ગ : શાંતિનો માર્ગ	૧
૭૫.	નવકાર મંત્ર આરાધના(જૂન -૨૦૧૧)	૨

ક્રમ	પ્રવચનનું નામ	સી.ડી. નંગ
૭૬.	સ્વાત્માની જાગૃતિ	૨
૭૭.	જીવાત્માઓની મૈત્રી	૧
૭૮.	ધર્માત્માઓની પ્રીતિ	૨
૭૯.	મહાત્માઓની ભક્તિ	૧
૮૦.	પરમાત્માની શરણાગતિ	૧
૮૧.	લોગસ્સ સૂત્રનો મહિમા	૧
૮૨.	ઉવસગ્ગહરં સ્તોત્રનો રસાસ્વાદ	૧
૮૩.	સંવત્સરી પ્રતિક્રમણ ને સમજીએ	૧
૮૪.	અનાથ બને છે સનાથ(અનાથી મુનિની કથા)	૧
૮૫.	પળપળમાં પલટાતા રંગ	૧
૮૬.	સાક્ષાત સરસ્વતી સ્વરૂપ (વૃદ્ધવાદિ સુરિજી)	૧
૮૭.	સિદ્ધસેન દિવાકર સુરિ	૧
૮૮.	જિનશાસન પ્રભાવક (આચાર્ય માનદેવ સુરિ)	૧
૮૯.	યુગપ્રધાન જિનદત્તસુરિ (ખરતરગચ્છાધિપતિ)	૧
૯૦.	આર્યરક્ષિતસુરિ યુગપ્રધાન આચાર્ય અંચલગચ્છાધિપતિ	૧
૯૧.	નવકારમંત્રની સાધના અને ધ્યાન	૩

॥ ॐ ॥

- સ્વાત્માને ઓળખીએ
- જીવાત્માઓ સાથે મૈત્રી બાંધીએ
- પરમાત્માને શરણે જઈએ

આ પ્રવચન ત્રિવેણીની
સજાવેલી ફૂલછાબ એટલે

'ચૈતન્યની આરાધના'

સ્વાત્મા, જીવાત્મા અને પરમાત્મા
આ ત્રણ વિભાગમાં વહેંચાયેલા
વિશ્વ ચૈતન્યની અનુભૂતિ
તરફ દોરી જતું આ જ્ઞાનપુષ્પ
સહુના હૃદયમાં ચૈતન્યની
જ્યોત જગાડનારું બની રહો.

– મુનિ જિનચન્દ્ર...